

સ્વામી રામદાસ

ઇશ્વરની શોધમાં

☆

મૂળ લેખક:

સ્વામી રામદાસ

આનંદાશ્રમ, રામનગર

કાન્હનગઢ, એસ. આઇ. રેલ્વે.

પ્રકાશક:—

શ્રી. બાલસુબ્રહ્મણ્યમ
આનંદાશ્રમ,
કાન્હનગઢ, એસ. આઈ. રેલ્વે.

આવૃત્તિ પહેલી — કિંમત ૦–૧૨–૦

પ્રત : ૫૦૦ — ૧૯૪૦

મુદ્રક:—

વિઠ્ઠલભાઇ દેસાઈભાઈ પટેલ
: અશોક પ્રિન્ટરી :
[illegible] . અમદાવાદ

પરિચય

દક્ષિણ કાનડા જીલ્લામાં કાસરગોડ તાલુકાના હોસદુર્ગ ગામમાં સ્વામી રામદાસ જન્મ્યા હતા. તેમનો જન્મ સંવત ૧૯૪૦ ના ચૈત્ર સુદ પૂનમ—હનુમાન જયંતી—ને દિવસે થયો હતો. હનુમાનની માફક તેઓ પણ પોતાના પાછલા જીવનમાં રામના પરમ ભક્ત બન્યા.

સ્વામીજીનાં માતાપિતા શ્રી. બાલકૃષ્ણરાવ અને શ્રી લલિતા દેવી હોસદુર્ગમાં રહેતાં હતાં. સ્વામીજીનું મૂળ નામ વિઠ્ઠલરાવ હતું. સ્વામીજીનું કુટુંબ ધાર્મિક હતું, અને કુટુંબના દરેક માણસને રામ-નામમાં અચળ શ્રદ્ધા હતી. રોજ રાત્રે સર્વ કુટુંબીઓ ભેગાં થતાં અને ભજનકીર્તન કરતાં. સ્વામીજીના પિતા આ કૌટુમ્બિક પ્રાર્થનાને અંતે પેલું પ્રખ્યાત મરાઠી પદ ગાતા: बुडलों भवसागरी विठोबा, तारीरे दयाळा, तारीरे कृपाळा ।

જન્મથીજ સ્વામીજી નીરોગી હતા. એમનો સ્વભાવ આનંદી હતો અને ભયનું નામ પણ તે જાણતા નહિ. ઝાડ પર ચડવું અને ડાળીએ ડાળીએ વાનરની જેમ કુદકા મારવા એ એમની બાલ-પણની પ્રિય રમત હતી. ઊંચી ઊંચી નાળિયેરી પર ચડવું અને ઊતરવું એ એમને મન સહજ વાત હતી. એમના બાલપણની આ

કુશળતા એમને પોતાના પ્રવાસમાં ઠીક ખપ લાગેલી એમ એમનાં પુસ્તકો—ઈન ક્વેસ્ટ ઓવ્ ગોડ અને ઈન ધ વિઝન ઓવ્ ગોડ—વાંચતાં જણાય છે.

તેઓએ પ્રાથમિક શિક્ષણ હોસદુર્ગમાં લીધું અને મેંગલોરમાં આવી માધ્યમિક શિક્ષણ લીધું. હોસદુર્ગથી મેંગલોર ૪૫ માઈલ છે. એની લગભગ વચ્ચે મેંગલોર–મદ્રાસ લાઈન પર કાસરગોડ આવેલું છે. નિશાળની રજાઓ દરમિયાન એક પ્રસંગે આ આખું અંતર રામદાસે એકી વખતે પગે ચાલીને કાપેલું. ત્યારે ટ્રેન મેંગલોર સુધી જતી નહિ. નિશાળમાં એમનું ચિત્ત અભ્યાસમાં ઝાઝું ચોંટતું નહિ. બીજું સાહિત્ય તેઓ વિશેષ વાંચતા. ચિત્રકળા પણ એમનામાં થોડે અંશે હતી. આનો ઉપયોગ તેઓ પાઠ વખતે પોતાના શિક્ષકોનાં ચિત્રો દોરવામાં કરતા. એક વાર નિશાળના છોકરાઓએ શિવાજીનું નાટક ભજવ્યું. આ નાટકમાં, જાણે એમના ભવિષ્ય જીવનનું સૂચક હોય એમ, સ્વામી સમર્થ રામદાસનો ભાગ ભજવવાનું એમને માથે આવ્યું. મેંગલોરની હાઈસ્કૂલમાં શિક્ષણ લીધા પછી એમને મદ્રાસની આર્ટસ સ્કૂલમાં મોકલવામાં આવ્યા; પરંતુ અહીંથી અધવચમાં અભ્યાસ છોડી દઈ તેઓ મુંબઈની વિકટોરિયા ટેકનીકલ ઈન્સ્ટીટ્યૂટમાં દાખલ થયા. ત્યાં ત્રણ વરસ સ્પિનિંગ અને વીવીંગની તાલીમ લીધી. આમ એમનું શિક્ષણ ખતમ થયું.

આ દરમિયાન એમને વાંચવાનો બહુ શોખ લાગ્યો હતો. શેક્સપિયર તો એમણે કેટલીએ વાર વાંચ્યો હશે. બીજા અંગ્રેજ લેખકોનાં પુસ્તકો પણ ઘણાં વાંચેલાં.

ભણી રહ્યા પછી એમનાં લગન થયાં. એમની પત્નીનું નામ રુકમાબાઈ હતું. એનાથી એમને એક પુત્રી થઈ. રુકમાબાઈ ૧૯૩૧ ના એપ્રિલમાં દેવલોક પામ્યાં. પુત્રી રમાબાઈ હાલ હયાત છે. ઈ. સ. ૧૯૦૮ થી ૧૯૨૨ સુધી સ્વામીજી ગૃહસ્થાશ્રમમાં રહ્યા.

આ દરમિયાન તેમણે ઘણી મીલોમાં કામ કર્યું હતું. મદ્રાસ, ત્રાવણકોર, ગડગ, ગુલબર્ગા, કોઇમ્બતુર, અમદાવાદ અને નડીઆદની મીલોમાં થોડો થોડો વખત તેઓ રહેલા. તેઓ જ્યાં જ્યાં જતા ત્યાં લોકપ્રિય થઈ પડતા. આખરે મેંગલોરમાં પોતાનું સ્વતંત્ર કારખાનું કાઢયું. પાછળથી એ કારખાનામાં વણાટકામ પણ વધારેલું, પરંતુ આ સાહસ પૈસાની દૃષ્ટિએ નિષ્ફળ નીવડયું. આ સમયે શ્રી રામદાસનું મન સંસારમાંથી ધીરે ધીરે ઉપરામ પામતું હતું, અને વ્યવહારને બદલે પરમાર્થ તરફ એમનું લક્ષ્ય વધારે રહેતું. સ્વામી રામતીર્થનાં પુસ્તકોના વાચનથી આ વૈરાગ્યની ભાવના વેગવંત બની. વિરક્તિ આવતાં ધંધામાં લક્ષ્ય અપાયું નહિ—બલ્કે ધંધો ચલાવવાનું અશકય થઈ પડયું. એવામાં જ્ઞાનેશ્વરી ગીતાના ચૌદમા અધ્યાયનું કાનડી ભાષાંતર એમના હાથમાં આવ્યું. આ વાંચી એમને પોતાના જીવનનું ધ્યેય સમજાયું અને એ પણ સમજાયું કે ખરી શાન્તિ મેળવવી હોય તો ત્રણે ગુણોથી પર બનવું જોઈએ. આવોજ અગત્યનો બનાવ બીજો એ બન્યો કે એમના પિતાજીએ એમને રામમંત્રનો (ઓમ્ શ્રીરામ જયરામ જયજય રામ—એ મંત્રનો) ઉપદેશ આપ્યો; અને એમના મનમાં ઠસાવ્યું કે એ મંત્રના સતત જાપથી અખંડ આનંદ અને પરમ શાન્તિ મળશે. ત્યારથી તેઓ પોતાના પિતાને પોતાના ગુરુ માનવા લાગ્યા. આમ એમનું આધ્યાત્મિક જીવન શરૂ થયું, અને ભગવાનના આદેશ પ્રમાણે એક રાત્રે તેઓ પોતાની પ્રિય પત્ની અને બાળક પુત્રીને ત્યજી ચાલી નીકળ્યા. તેઓ ઘેરથી નીકળ્યા પછીનું વૃત્તાંત આ પુસ્તકમાં આપેલું છે. ૧૯૨૨ ના ડિસેમ્બરની ૨૯ મી તારીખે તેમણે ભગવાં કર્યાં અને પોતાનું નામ રામદાસ રાખ્યું. એકજ વરસમાં એમને ભગવાનનો સાક્ષાત્કાર થયો. હિંદુસ્તાન ભરમાં રખડી તેઓ મેંગલોર પાછા આવ્યા અને કદરી પર્વત પર રહ્યા. ત્યાં રહી તેમણે આ પુસ્તક લખ્યું ને તે ૧૯૨૫ માં પ્રસિદ્ધ થયું.

તેઓ ફરી પાછા પ્રવાસે નીકળ્યા અને મહારાષ્ટ્ર તથા કાઠિયાવાડમાં ફરી આબુ આવી રહ્યા. ત્યાં એમણે ' એટ ધ ફીટ ઑવ્ ગોડ ' નામનું પુસ્તક લખ્યું.

૧૯૨૮ માં એમના ભાઇ આનંદરાવે એમને માટે એક આશ્રમ બાંધ્યો. આ આશ્રમ કાસરગોડથી બે માઇલ દૂર, પયસ્વિની નદીના કિનારે આવેલો હતો. ત્યાં સ્વામીજી દોઢ વરસ રહ્યા. ત્યાર બાદ માતાજી કૃષ્ણાબાઈ એમની સાથે રહેવા આવ્યાં.

કાસરગોડના આશ્રમમાં દોઢ વરસ રહ્યા બાદ સ્વામીજી ત્રીજી વાર ભારતના પ્રવાસે નીકળ્યા. એમના આ પ્રવાસનું વર્ણન ' ઇન ધ વિઝન ઑવ્ ગાડ ' નામના એમના પુસ્તકમાં કરેલું છે. ત્રીજી વારનો પ્રવાસ પૂરો કરી તેઓ આશ્રમમાં પાછા આવ્યા. ત્યાર પછી તેમણે આશ્રમ કાસરગોડથી ફેરવી મંજપટીની ટેકરી પર સ્થાપ્યો. કહેવાય છે કે હનુમાન જ્યારે દ્રોણગિરિ ઉપાડીને લંકા લઈ જતા હતા ત્યારે અહીં થાક ખાવા બેઠેલા; તે વખતે રહી ગયેલો પર્વતનો ટૂકડો તે જ આ મંજપટીની ટેકરી. અહીં આશ્રમ વસ્યા પછી એ જગા રામનગર કહેવાય છે, અને આશ્રમનું નામ **આનંદાશ્રમ** છે.

મેંગલોર–મદ્રાસ લાઇન પર અને મેંગલોરથી ૪૫ માઇલ દક્ષિણે કાન્હનગઢ નામનું સ્ટેશન આવેલું છે. આ સ્ટેશનથી રામનગર પાંચ માઇલ દૂર છે. આશ્રમ બહુ સુંદર જગાએ આવેલો છે. ચારે બાજુ નાની ટેકરીઓ અને હરિયાળાં ખેતરો છે. પશ્ચિમે થોડે દૂર સાગર ઘૂઘવે છે અને દિવસ તથા રાત ઠંડો પવન વાયા કરે છે. આશ્રમનાં બારણાં હરકોઈ અતિથિ માટે ઉઘાડાં છે. ત્યાં સ્પૃશ્ય અને અસ્પૃશ્ય, બ્રાહ્મણ અને શૂદ્ર, કે ધનિક અને નિર્ધન એવા ભેદ નથી. થાકેલાંને ત્યાં આરામ મળે છે; તપ્ત હૃદયોને

શાન્તિ મળે છે; રોગીને આરોગ્ય મળે છે. સ્વામી રામદાસ અને માતાજી કૃષ્ણાબાઇ પોતાના નિર્મળ પ્રેમમાં સર્વને નવરાવે છે.

સ્વામીજી પર જેને પત્ર લખવા હોય તે લખી શકે છે અને તુરત જવાબ પણ મેળવે છે. રોજ ને રોજ આશ્રમમાં અતિથિઓની સંખ્યા વધતી જાય છે. દૂર દૂરથી અનેક કોમ અને વર્ણ તેમજ ધર્મના લોકો આવે છે. ખ્રિસ્તીઓ, પાદરીઓ, જર્મનો, અંગ્રેજો, પારસીઓ પણ આવે છે. આશ્રમ તરફથી "વિઝન" નામનું અંગ્રેજી માસિક પણ નીકળે છે.

એકવાર ફરી આખા હિંદુસ્તાનની મુસાફરી કરી સ્વામીજી હાલ પોતાના આશ્રમમાં કાયમને માટે વસવાટ કરી રહ્યા છે.

ॐ श्रीराम जयराम जयजय राम ।

ॐ

પ્રસ્તાવના

આજથી લગભગ બે વર્ષ પૂર્વે શ્રી રામે પોતાના આ તુચ્છ સેવકમાં એના અનંત પ્રેમનો સાક્ષાત્કાર કરવાની તીવ્ર જિજ્ઞાસા જન્માવી. રામ સમીપ જવું કે રામને મેળવવા યત્નશીલ થવું એટલે આ નામરૂપમય નશ્વર જગતથી પરાઙ્મુખ થવું, કારણ રામ જ એક સત્ય છે - રામ એટલે આ સમસ્ત વિશ્વને ધારણ કરતી, એમાં રમી રહેલી ગૂઢ શક્તિ. એ અનાદિ છે, અનંત છે. નિત્ય બદલાતાં સ્વરૂપોને લીધે જે જૂદાં ભાસે છે એવાં પ્રાણી માત્રમાં, વસ્તુ માત્રમાં તે રહેલો છે. આ નામરૂપની માયામાંથી જાગવું એટલે રામની એકતાની, રામના પ્રેમની ઝાંખી કરવી. રામનો પ્રેમ એટલે ભૂત માત્રનો ચરાચર માત્રનો પ્રેમ–કારણ સર્વ કાંઈ રામ છે, રામ જ સર્વમાં છે અને રામ જ સર્વ છે. આ મહાન સત્ય સમજવા માટે અજ્ઞાનથી જીવભાવ પામેલા આપણે એક અને અદ્વિતીય એવા રામની અનંત શક્તિ તથા એના અનંત પ્રેમનું શરણુ ગ્રહી, એની જ ઇચ્છાને આપણા દ્વારા કાર્ય કરવા દેવી જોઈએ. આવા સંપૂર્ણ સમર્પણથી રામથી આપણને વિદૂર રાખતો દેહભાવ

લય પામે છે. અને આપણી અંદર તેમજ બહાર રહેલા પરમાત્મા–રામ–સાથે આપણે એકતા અનુભવી શકીએ છીએ. આ સ્થિતિમાં દ્વૈતબુદ્ધિમાંથી પરિણમતો દ્વેષ શમી જાય છે અને પ્રેમ–અભેદ–અનુભવાય છે. આપણા અહંકારનો સર્વાંશે નાશ થાય અને આપણું વ્યક્તિત્વ ઓગળી જાય એટલી હદ સુધીની નમ્રતા દ્વારા આવો દિવ્ય પ્રેમ અનુભવી શકાય છે. આ સ્થિતિ પ્રાપ્ત થતાં, આપણામાં પ્રગટેલા દિવ્ય અભેદ પ્રેમના બળે આપણે ભગવત્સ્વરૂપ એવાં આપણાં માનવબંધુઓના તથા પ્રાણી માત્રના કલ્યાણ માટે આપણા ઐહિક સુખનો ત્યાગ કરી શકીએ છીએ. ભગવાન બુદ્ધ તથા જીસસક્રાઇસ્ટના ત્યાગ આવા જ હતા; ને આપણા જમાનામાં મહાત્મા ગાંધીનો ત્યાગ આ જ પ્રકારનો છે. આ ત્રણ મહાપુરુષો રામના–એક અને અદ્વિતીય એવા સચ્ચિદાનંદના પૂર્ણ અવતારો છે. ઓમ્ શ્રી રામ !

સુધારો

પાનું ૬૧, લીટી બીજી : 'સામે જોયું' પછી ઉમેરો – 'રામદાસના મુખ પર તો એણે હાસ્યનો, આનંદનો ચમકાર જોયો–'

૧.

મંથન અને દીક્ષા

આ સંસારના ત્રિવિધ તાપમાં રામદાસે એકાદ વરસ કાઢ્યું. આ સમય ભીષણ અશાંતિનો, ભારે બોજારૂપ હતો. આ માટે રામદાસ પોતે જ જવાબદાર હતો. આ અસહાય અને દુઃખદ સ્થિતિમાં રામદાસનું હૃદય શાન્તિ માટે, છૂટકા માટે આર્તનાદે પુકારતું હતું. એનો એ પોકાર જરૂર કોઈએ સાંભળ્યો, અને અનંતમાંથી અવાજ આવ્યો, मा शुचः । अहं त्वां सर्व पापेभ्यो मोक्षयिष्यामि । मामेकं शरणं व्रज ॥ આ અવાજ રામનો જ હતો. સમુદ્રનાં તોફાની મોજાંઓમાં ડૂબકાં ખાતા મનુષ્યને કોઈ લાકડું હાથ આવી જતાં આશાનો સંચાર થાય તેમ રામદાસને આ શબ્દોથી સાન્ત્વન મળ્યું. તપ્ત ભૂમિ પર વરસાદનાં બિન્દુ જેવા આ શબ્દોથી રામદાસનું દુઃખિત હૃદય શીતળ થયું. ત્યાર બાદ રામદાસનો જે સમય પહેલાં વ્યવહારિક કર્મોમાં જતો તે બધો વખત રામના જ ચિન્તનમાં જવા લાગ્યો. આથી રામદાસને સાચી શાન્તિ, સાચું સુખ મળ્યાં. ધીમે ધીમે આ શાન્તિના દાતા રામ માટે રામદાસનો પ્રેમ વધવા માંડયો જેમ જેમ રામદાસે વધારે જપ અને ધ્યાન કરવા માંડયાં

તેમ તેમ એનાં શાન્તિ અને આનંદ વધતાં ચાલ્યાં. વ્યવહારકાર્યથી મુકત એવો રાતનો વખત તો લગભગ બધો જ રામભજનમાં જવા લાગ્યો. ભાગ્યેજ એકાદ બે કલાક આરામમાં જતા હશે. રામદાસની પ્રભુભક્તિ કૂદકે ને ભૂસકે વધવા લાગી.

દિવસ દરમિયાન આર્થિક કે વ્યવહારિક મુસ્કેલીઓ રામદાસને પજવતી ત્યારે અગમ્ય રીતે રામ એને સહાય થતા. આથી, જ્યારે જ્યારે પણ જરા ફુરસદ મળે કે તરત એ રામનામ જપતો અને રામનું ધ્યાન કરતો. રસ્તે ચાલતાં પણ રામનામનો જાપ થયા કરતો. જગતના વિષયો પ્રતિ રામદાસમાં ઉપરામતા આવતી હતી. રામ-ભજન સારૂ એણે ઊંઘ પણ ત્યજી દીધી હતી; ભાગ્યે રાતમાં બે એક કલાક સુતો હશે. ઝીણાં અને સુશોભિત વસ્ત્રોને બદલે જાડી ખાદી પહેરવા માંડી હતી. સુવાને માટે ખાટલાને બદલે ચટાઇ વાપરતો હતો. ભોજનમાં પણ શરૂઆતમાં એક ટાણું કરી પાછળથી માત્ર દૂધ, કેળાં અને બાફેલા બટાટા જ લેવાના રાખ્યા હતા. મીઠું, મરચું, તથા મસાલાનો સંપૂર્ણ ત્યાગ કર્યો હતો. માત્ર રામનો જ સ્વાદ લાગ્યો હતો. રામનું ધ્યાન વધતું વધતું દિવસે અને વ્યવહાર સમયે પણ ચાલવા લાગ્યું.

આ વખતમાં એક દિવસ રામની પ્રેરણાથી રામદાસના પિતાએ રામદાસને બોલાવી મંત્ર આપ્યો – શ્રી રામ જયરામ જયજય રામ– અને કહ્યું, " જો આ મંત્રનો તું સતત જાપ કરીશ તો ભગવાન તને શાશ્વત સુખ આપશે." પિતાની આ મંત્રદીક્ષાથી સાધક રામદાસની પ્રગતિ વેગવંત બની. (તે દિવસથી રામદાસે પોતાના પિતાને જ પોતાના ગુરુ માન્યા છે.) રામ તેને વારંવાર જ્ઞાનનાં પુસ્તકો જેવાં કે, શ્રીમદ્ ભગવદ્ગીતા, લાઇટ ઓવ્ એશીઆ, બાઇબલ, ગાંધીજીનું યંગઇંડિયા અને એથિકલ રિલિજન વાંચવાની પ્રેરણા કરતો. આ મહાત્માઓનાં લખાણથી રામદાસના હૃદયમાં

વવાએલા ભક્તિબીજને ચમત્કારિક પોષણ મળતું. આ વખતે રામદાસના હૃદયમાં ધીમે ધીમે નિશ્ચય થતો ગયો કે રામ જ માત્ર સત્ય છે અને રામ વિનાનું સર્વ કાંઇ અસત્ય છે. સાંસારિક સુખોપભોગની વાસનાઓ ક્ષીણ થતી હતી તેની સાથે સાથે 'હું' અને 'મારું' પણ નાશ પામતું હતું. ગાળિશાની કે મગાઇની ભાવના પણ ઓગળી ગઇ હતી. સર્વ વિચારો, મન, બુદ્ધિ, અને હૃદય બધું જ રામમાં કેન્દ્રિત થયું હતું. રામ જ બધું આવરી બેઠા હતો, હોઇયાં કરી ગયા હતા.

૨

ત્યાગ

આ વિશ્વરૂપી વિશાળ સમુદ્રમાં તરતો મૂકવા માટે જ રામે રામદાસને સંસારી જીવનના ખાબોચિયામાંથી બહાર કાઢયો હતો. પણ રામને ખબર હતી કે આ માટે જોઇતાં બળ અને હિંમત રામદાસમાં નથી. આ માટે રામે એના અજ્ઞાની અને મૂઢ દાસ માટે પોતાની સંભાળ અને દોરવણી નીચે કઠણ તપશ્ચર્યાનો માર્ગ નક્કી કરી રાખ્યો હતો. એટલે એક રાત્રે એના મધુર નામનું રટણ કરતાં કરતાં રામદાસને નીચેના વિચાર આવ્યા:

હે રામ! તારું અગાધ સામર્થ્ય અને તારો અસીમ પ્રેમ જ્યારે આ દાસ અનુભવે છે, અને જ્યારે એ સમજે છે કે તારે શરણે જનાર ખરું સુખ અને સાચી શાન્તિ પામે છે, તો પછી

એણે પોતાનું એવું સર્વસ્વ છોડીને તારી જ દયા પર પૂર્ણ રીતે કાં નિર્ભર ન રહેવું ? તું જ આ દાસનું સર્વસ્વ છે. આ વિશ્વમાં તું જ એક ત્રાતા છે. ' આ મેં કર્યું; આ મારું,' એમ મનુષ્યો માત્ર ભ્રાન્તિમાં જ બકે છે. સર્વ કાંઇ તારું જ છે અને તું જ એકલો સઘળું કરે છે. તારા દાસની તો એક જ પ્રાર્થના છે કે એને તારે શરણે લઇ તું એનો અહંકાર બાળી નાખ !

આ પ્રાર્થના સંભળાઇ. રામદાસના હૃદયે છુટકારાનો દમ ખેંચ્યો. સર્વસ્વ છોડીને સાધુ વેશે ઇશ્વરની શોધમાં દેશભરમાં ઘૂમવાના આછા આછા કોડ એના મનમાં જાગ્યા. આ વખતે પોતાની લાઇટ ઓવ્ એશિયા નામની ચોપડીનું ગમે તે એક પાનું ઉઘાડવાની રામે એને પ્રેરણા કરી. પાનું ઉઘાડતાં બુદ્ધના મહાભિનિષ્ક્રમણ વખતના નીચેના ઉદ્ગારો એની નજરે પડ્યા:—

"For now the hour is come when I should quit
This golden prison, where my heart lives caged,
To find the truth; which henceforth I will seek,
For all men's sake until the truth be found" *

આ પછી રામદાસે ન્યૂ ટેસ્ટમેન્ટ ઉઘાડ્યું તો એની નજરે જીસસના નીચેના શબ્દો પડ્યા:—

And every one that hath forsaken houses or brethren, or sisters, or father or mother or wife or children or lands for my name's sake shall receive a hundredfold and shall inherit everlasting life." +

* આ સોનેરી પિંજર જ્યાં મારું હૃદય ગુંગળાઇ રહ્યું છે તે છોડવાનો અને સત્યની શોધમાં નીકળી પડવાનો સમય આવી પહોંચ્યો છે; સારા જગતને માટે આ સત્યની હું શોધ કરીશ અને એની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી જંપીશ નહિ.

વળી એ જ પ્રમાણે ભગવદ્‌ગીતા ખોલી જોવાની એને પ્રેરણા થઇ, અને એણે નીચેનો શ્લોક વાંચ્યોઃ—

सर्व धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।

अहं त्वां सर्व पापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥ ÷

બુદ્ધ, ક્રાઇસ્ટ અને કૃષ્ણ એ ત્રણ મહાત્માઓના શબ્દો દ્વારા રામ જ આ પ્રમાણે બોલ્યા હતા. અને બધા એક જ માર્ગ ચીંધી રહ્યા હતા **ત્યાગ**—એકદમ રામદાસે આજ સુધી જેને પોતીકું ગણ્યું હતું તે બધું છોડી રામને ખાતર સંસારત્યાગ કરવાનો નિશ્ચય કરી લીધો. આ વખતે રામદાસ બહુ સાદો પોશાક પહેરતો. આ પોશાક એટલે એક લુંગી ને ઓઢવાનું ધોતીઉં. બીજે દિવસે એણે આવાં બે કપડાં ગેરૂમાં રંગાવી લીધાં અને રાત્રે એક પત્ર પોતાની પત્નીને તથા બીજો પોતાના એક મિત્રને (રામદાસને એના દેવા-માંથી છોડાવવા રામે આ મિત્ર મેળવી આપ્યો હતો) લખ્યો. છેલ્લા કેટલાક વખતથી રામદાસને પોતાની સ્ત્રી સાથે પતિપત્નીનો સંબંધ ન હતો. ત્યાગનો નિર્ણય થઇ ગયો હતો. જે જગત પ્રત્યે રામદાસને કાંઇ જ આકર્ષણ રહ્યું નહોતું અને જ્યાં પોતાનું એવું હવે કાંઇ ન હતું તે જગતને રામદાસે સવારે પાંચ વાગે છેલ્લી સલામ કરી. એનું શરીર, એનો પ્રાણ, એનું મન—એનું સર્વસ્વ—તે કરુણાનિધાન પ્રેમસ્વરૂપ ભગવાનના ચરણોમાં નિવેદિત થઇ ચૂક્યું હતું.

+ જે કોઇ મારે કાજે માલમિલકત, માતા-પિતા, ભાઇ-બહેન અને સ્ત્રી તથા પુત્રનો ત્યાગ કરશે તેને અનેક ગણો બદલો મળશે અને અમૃતત્ત્વ પ્રાપ્ત થશે.

÷ સર્વ ધર્મો છોડી એક મારે જ શરણે આવ; હું તને સર્વ પાપમાંથી છોડવીશ; શોક મા કર.

૩

સંન્યાસ

મેંગલોરથી સવારે નીકળતી ગાડીમાં રામદાસ ઇરોડ જંક્ષને સાંઝે પહોંચ્યો. સાથે ૨૫ રૂપિયા અને ગીતા, બાઇબલ તથા બીજાં કેટલાંક પુસ્તકો હતાં. ઇરોડ ઊતર્યો ત્યારે રામદાસના મનમાં કશી જ કલ્પના ન હતી; ક્યાં જવું કે આગળ શું કરવું તેના કશા નિર્ણય વિના નિરાધાર તે ઊતરી ગયો હતો. રામ પોતાને ક્યાં લઇ જાય છે તેની એને કશીજ ખબર ન હતી. આ જગાએ તે થોડો વખત આમ તેમ રખડ્યો અને અંધારું થતાં રસ્તા પર આવેલી એક નાની ઝૂંપડી આગળ ગયો. ઝૂંપડીને બારણે એક ડોશીમા બેઠાં હતાં તેની પાસે રામદાસે ભિક્ષા માગી. માતાજી દયાળુ હતાં; એમણે રામદાસને અંદર બોલાવી થોડો ભાત તથા થોડું દહીં આપ્યાં. આના બદલામાં રામદાસે થોડા પૈસા આપવા માંડયા તે આ માતાએ બહુ આનાકાનીથી લીધા.

ઝૂંપડીમાંથી નીકળી તે સ્ટેશન તરફ ગયો. ત્યાં એક ખૂણામાં થોડી વાર આડો પડયો. હવે શું કરવું અગર ક્યાં જવું તેનો એને કાંઈ જ ખ્યાલ ન હતો. મધરાતે કોઇ ગાડી આવતી હશે તેથી સ્ટેશનનો ઘંટ વાગ્યો ને રામદાસ જાગી ઊઠયો. એની પાસે એક તામિલવાસી બેઠેલો હતો. એણે રામદાસને પૂછયું, "ક્યાં જવું છે ?" રામદાસ શું જવાબ આપે ? રામદાસને ક્યાં જવાનું હતું તે તો

એક રામ જ જાણતો હતો. પેલા મિત્રે રામદાસને પોતાની સાથે ત્રિચીનાપલ્લી સુધી લઈ જવાનું માથે લીધું. રામદાસે એને પૈસા આપી પોતાની ટિકિટ પણ કઢાવી અને બન્ને જણ ગાડીમાં બેસી ગયા. બીજે દિવસે સાંઝે ગાડી ત્રીચી પહોંચી. ગાડીએથી ઊતરી રામદાસે શહેર ભણી ચાલવા માંડયું. મેંગલોર છોડયું ત્યારથી બધો વખત રામદાસના મુખે રામનામ જપાઈ રહ્યું હતું. એનું લેશ પણ વિસ્મરણ થતું ન હતું. એ રટણથી જ એને આશ્વાસન અને શાન્તિ મળ્યાં કરતાં હતાં. રસ્તે આવેલા એક ઘરના ઓટલા પર રાત્રિ પસાર કરી સવારે તે શ્રીરંગમ્ જવા નીકળ્યો. ત્રીચીથી શ્રીરંગમ સાત માઈલ દૂર હતું. ત્યાં પહોંચ્યો ત્યારે આઠ વાગ્યા હતા.

પોતાના ભૂત જીવનમાંથી દૂર ખેંચી લાવવામાં રામનો શો ગૂઢ ઉદ્દેશ હતો તેની કંઈક ઝાંખી રામદાસને અહીં થઈ. પુરાણ પવિત્ર નદીઓ અને તીર્થસ્થાનોની જાત્રા કરાવવાની રામની ઈચ્છા જણાતી હતી. શ્રીરંગમ્‌માં નિર્મળ સલિલા કાવેરી વહી રહી હતી. રામદાસે તેના શુભ્ર જળમાં સ્નાન કર્યું. કાવેરીના તટ પર રામની આજ્ઞાનુસાર એણે ભગવાં ધારણ કર્યાં. રામદાસનું આ પગલું બહુ ગંભીર હતું—એક નવા જ જીવનમાં રામ એને પ્રવેશાવતા હતા. પહેલાંનાં સફેદ કપડાં નદીમાં પધરાવી દીધાં. ભગવાં ધારણ કર્યાં પછી રામદાસે પ્રાર્થના કરી:—

હે રામ! હે પ્રેમસાગર! હે જગન્નિયંતા! તારી જ ઈચ્છાનુસાર આ દાસ આજે સંન્યાસ ધારણ કરે છે. તારે જ ખાતર એણે સંસાર ત્યાગ કર્યો છે, સર્વબંધન છેદી નાખ્યાં છે. તારી કરુણાની એ યાચના કરે છે. તું એને બળ આપ, શ્રદ્ધા આપ, હિંમત આપ કે જેથી એ પોતાનાં વ્રત પાળી શકે અને સંન્યાસી જીવનમાં આવતાં વિઘ્નો તથા સંકટોમાંથી પાર ઊતરે. તારી સાક્ષીએ અને તારે ભરૂસે રામદાસ પ્રતિજ્ઞા કરે છે કે:

૧. આજથી આ જીવન રામની જ સેવામાં અને રામના જ ચિંતનમાં સમર્પી દેવું.

૨. સ્ત્રી માત્રને માતા ગણી પૂર્ણ બ્રહ્મચર્ય પાળવું.

૩. ભિક્ષાથી જ જીવનનિર્વાહ કરવો.

૪

શ્રી રંગમે

ભગવાનના મધુર પ્રેમથી રંગાયેલા નવીન જીવન–નવીન અવતારનો આનંદ રામદાસની નસોમાં થનગનતો હતો. એનું ક્ષુબ્ધ હૃદય શાન્ત થઈ ગયું. રામે જાણે એના મસ્તક પર હાથ મૂકી આશીર્વાદ આપ્યા! અહા એ મુક્તિનો આનંદ! હે અશ્રુઓ! એ આનંદને તમારી વાટે વહેવા દો, વહેવા દો! સર્વ દુ:ખ, શોક, ભય, ચિંતા સદાકાળ માટે પલાયન થઈ ગયાં. જય હો, રામનો જય હો! "આજ પછી હું જ તારી સંભાળ રાખીશ; તારો બધો ભાર મારા પર છે; મારું નિત્ય ભજન કરજે. આજથી તારું નામ રામદાસ." રામનો એ આશીર્વાદ હતો.

રામદાસ! અહા તે દયાસાગર પ્રેમમય પરમાત્માના દાસ થવાનો પણ કેવો અનેરો લહાવો છે!

આગળ જતાં નદીની પાસે જ એક ધર્મશાળા આવી. ધર્મશાળાના આંગણામાં બેસી કેટલાક સાધુઓ એકતારો અને મંજીરા લઈ ભજન કરતા હતા. રામદાસ પણ એમની બાજુમાં બેસી ગયો, અને નદીમાં નહાઈને પાછા ફરતા યાત્રીઓ કંઈ નાખતા જાય એ આશાએ ત્રીચીમાં ખરીદેલો લોટો પોતાની આગળ મૂકયો. આ સાધુઓનું ભજન બહુ મીઠું હતું અને વખત કયાં ગયો તે જણાયું પણ નહિ. મધ્યાહ્ને ભજન પૂરું થયું. પોતાના સાથરામાં જોયું તો ત્રણ જ પૈસા પડેલા હતા. આખા દિવસની મહેનતનું આ પરિણામ જોઈ નિરાશ થઈ એક સાધુ બોલ્યો, "સવારથી ભગવાનનું ભજન કરીએ છીએ ત્યારે એણે આટલું જ આપ્યું! ભૂખ તો કકડીને લાગી છે; હવે ખાવાનું પણ કયાંથી લાવીશું? હે ભગવાન! આટલા વખતના તારા ભજનની કિંમત માત્ર ત્રણ જ પૈસા?"

તરત જ રામદાસે જવાબ આપ્યો. "નહિ, ભાઈ નહિ; તમારું ભજન તો અમૂલ્ય છે. મારો રામ દયાળુ છે. તે પોતાના ભક્તને કદી વીસરતો નથી. એણે જ આ દાસ મારફતે તમારા આજના ભોજનની વ્યવસ્થા કરી છે."

એટલું કહી પોતાની પાસેથી એક રૂપિયો કાઢી એ સાધુઓને આપ્યો. સાધુઓ તો આશ્ચર્યચકિત થઈ ગયા અને એમની આંખો ભરાઈ આવી: "ક્ષમા નાથ! ક્ષમા! તારી ગતિનો કોણ પાર પામી શકે? મૂર્ખ અમે તારી અપાર દયા પર શંકા કરી! હે નાથ! એટલી જ પ્રાર્થના છે કે ભવિષ્યમાં અમે કદી શ્રદ્ધા ન ગુમાવીએ ને તારે ખાતર સર્વ સહન કરીએ એવું કર."

પછી તે સાધુઓ ચાલ્યા ગયા. પોતાના લોટામાં રામદાસે જોયું તો બે પાઈ પડેલી હતી. પોતાની પ્રથમ ભિક્ષામાં મળેલા આ નાના સરખા સિક્કા જોઈ એનું હૃદય નાચી ઊઠયું. એ બે

પાકનાં એ નાનાં કેળાં લઈ એણે પૂર્ણ પ્રેમથી આરોગ્યાં. આ વખતે રામદાસની જમણી બાજુ પર બેઠેલો સાધુ (પેલા ભજન-વાળા સાધુ ડાબી બાજુ પર હતા) રામદાસ પાસે આવ્યો અને ક્યાં જવું છે એમ પૂછ્યું. રામદાસ શો જવાબ આપે ? રામને જ એ તો ખબર હતી. કંઈ જવાબ ન મળ્યો ત્યારે એ સાધુએ રામદાસને પોતાની સાથે રામેશ્વર આવવાનું આમંત્રણ આપ્યું.

હે રામ ! કેવી અપાર તારી દયા છે ! તારા આ અસહાય બાળકને સંભાળવા જ તેં આ સાધુને મોકલ્યો ! ખરેખર, એ તારું જ સ્વરૂપ છે — તું જ છે.

પોતાની યાત્રામાં રામદાસને વખતો વખત અનેક સાધુઓ મળ્યા હતા. આ બધાએ એને યાત્રા કરાવી એટલું જ નહિ પણ દરેક રીતે એની સંભાળ લીધી. આ બધા સાધુઓ માટે રામજીની ઇચ્છાનુસાર ' સાધુરામ ' એવું એક જ નામ બધે વપરાશે.

૫

રામેશ્વર

રામદાસે તો તરત જ આ ભોમિયાને સ્વીકારી લીધો. તે વખતે રામદાસ પાસે નવ રૂપિયા હતા. આ પૈસા રામદાસે એ સાધુને આપી દઈ પોતાને માથેથી બધી જંજાળ ખંખેરી નાખી. પાસે પૈસા રાખવા એટલે ચિત્તને વ્યગ્ર બનાવવું–કારણ પૈસા હોય એટલે હિસાબમાં તો ધ્યાન રાખવું જ પડે. પૈસા આપતી વખતે રામદાસે સાધુરામને કહ્યું, "એની આનીઓ લઈ આવી મંદિર બહાર બેઠેલા ભીખારીઓમાં વહેંચી દો." સાધુરામે તે પ્રમાણે કર્યું. હવે રામદાસે ખરેખર જ અને સોળે સોળ આની પોતાનો ભાર રામ પર નાખી દીધો હતો. એની સમગ્ર મિલકતમાં માત્ર બે કપડાં અને થોડાં પુસ્તકો હતાં. રામજીએ મોકલેલા ભોમિયા સાથે એ નીકળી પડ્યો. સાધુરામ એને સ્ટેશને લઇ ગયા. રામેશ્વર જતી ગાડીમાં બંને ચડી બેઠા. ટિકિટ તો હતી નહિ; ટિકિટ કે જે કહો તે હવે તો રામ જ સર્વ કાંઈ હતો.

ટ્રેનમાં પણ રામદાસ તો રામભજનમાં જ લીન થયો. રામેશ્વર છએક માઇલ દૂર રહ્યું હશે ત્યાં સુધી તેઓ નિર્વિઘ્ને આવી પહોંચ્યા. અહીં એમના ખાનામાં એક ટિકિટ ઇન્સ્પેક્ટર ચડી આવ્યો. બીજા ઉતારુઓની ટિકિટ તપાસી આ બે સાધુઓ પાસે તે આવી પહોંચ્યો અને ટિકિટની માગણી કરી.

"ભૈયા! અમે તો સાધુ છીએ. અમારી પાસે ટિકિટ નથી."

"ટિકિટ વિના મુસાફરી નહિ થઈ શકે. તમારે અહીં ઊતરી જવું પડશે."

રામદાસ તરત ઊભો થઈ ગયો. પોતાના સાથીને તેણે સમજાવ્યું કે રામજીની ઇચ્છા એમને ત્યાં જ ઉતારી દેવાની હતી. ગાડીમાંથી ઊતરી તેઓ સ્ટેશન બહાર નીકળ્યા ને એક ધોરી રસ્તા પર આવી પહોંચ્યા. અહીં સાધુરામે પેલા ઇન્સ્પેક્ટરની ટીકા કરવા માંડી. એટલે રામદાસ બોલ્યો, "ભાઈ, આપણાથી છેક રામેશ્વર સુધી ગાડીમાં ન જવાય. યાત્રા તો પગપાળી જ કરાય. પણ રામજીની કૃપા માનો કે આપણે આટલે સુધી પણ ટ્રેનમાં આવી શક્યા! હવે આપણે માત્ર છ માઇલ જ ચાલવાનું છે. રામજીની એવી ઇચ્છા છે કે આટલું અંતર આપણે પગે ચાલવું, તો ભલે તેમ હો. માટે ભૈયા મોજથી ચલો."

પછી એમણે ચાલવા માંડયું. બે એક માઈલ ચાલ્યા ત્યાં રામજીએ સામેથી એક હજામ મોકલ્યો. મેંગલોરથી નીકળ્યો ત્યારથી આજ સુધી રામદાસે હજામત કરાવી ન હતી, એટલે અહીં એણે પહેલી જ વાર સંન્યાસીની માફક દાઢી, મૂછ તથા વાળનું મુંડન કરાવ્યું. રામેશ્વર પાસે આવ્યું ત્યારે લક્ષ્મણ કુંડ નામનું તળાવ આવ્યું. આ તળાવમાં નાહી તેઓ આગળ ચાલ્યા. રસ્તામાં બીજાં ઘણાં નાનાં નાનાં તળાવ આવ્યાં.

આખરે રામજીએ એમને રામેશ્વરના પ્રખ્યાત મંદિર પાસે આણી મૂક્યા. આ મંદિર વિશાળ છે. એમાં એટલી બધી ગલી કૂંચીઓ છે કે યાત્રાળુ મુંઝાઈ જાય. મંદિરના ગર્ભદ્વાર પાસે તેઓ પહોંચ્યા ત્યારે પૂજાસમારંભ ચાલતો હતો અને દર્શન થતાં હતાં. આ પ્રસંગ અને દર્શનથી રામદાસનું હૃદય પ્રફુલ્લિત થયું. હે રામ! તારો જય હો!

આ સ્થાનમાં રામદાસને યાત્રાએ આવેલા કેટલાક મહાત્માઓનો પરિચય થયો. એમાંથી સ્વામી ગોવિંદાનંદની રામદાસ પર ખાસ મહેરબાની હતી. હુબલીમાં આવેલા સિદ્ધારૂઢ સ્વામીના મઠમાંથી તેઓ આવેલા હતા. એમણે રામદાસને શિવરાત્રીના ઉત્સવમાં હુબલી આવવાનું આમંત્રણ આપ્યું.

૬

મદુરા

રામેશ્વરમાં રામદાસ બે દિવસ રોકાયો. પછી પેલા સાધુરામ આગળ જવા માટે એને સ્ટેશન પર લઈ ગયા. ત્યાંથી તેઓ દક્ષિણ તરફ જતી ગાડીમાં બેસી ધનુષકોડી નામની જગાએ આવ્યા. સ્ટેશને ઊતરી ભગવાને રામદાસ માટે મોકલેલા પેલા સાધુરામ સમુદ્ર તરફ ચાલવા લાગ્યા; એમની પાછળ પાછળ નામસ્મરણ કરતો કરતો રામદાસ પણ ચાલ્યો. પોતે કોઈ સ્વપ્નસૃષ્ટિમાં ફરતો હોય એમ જ રામદાસને લાગતું હતું. એક રામની જ શોધમાં, રામના જ વિચારમાં, રામરૂપી એક જ ધ્યેયમાં એનું મન પરોવાયલું હતું. શ્રીરામે લંકામાં જવા જે જગાએ સેતુ બાંધ્યો હતો એમ કહેવાય છે તે સ્થળ લગભગ બેએક માઇલ દૂર હતું. અર્ધે રસ્તે વરસાદનાં ફોરાં પડવા માંડ્યાં. શિયાળાની ઋતુ હતી અને કપડાં નહિ જેવાં હતાં, પણ રામની દયા અપાર હતી. અહીં જે રેતાળ ભૂશિર બની હતી તેના છેક છેડે જઈ બન્નેએ સ્નાન કર્યું.

ત્યારબાદ પાસે આવેલા એક મંદિરમાં તેઓ ગયા અને ત્યાં વાસો કરી રહેલા બે સાધુઓનાં દર્શન કર્યાં. ત્યાંથી ઝડપભેર ચાલતા ધનુષકોડી પાછા આવી એક ધર્મશાળામાં ગયા. અહીં પેલા સાધુરામ બન્ને માટે ખાવાનું લઇ આવ્યા. આ વખતે રામદાસ કાં તો ફળાહાર કરતો કે મીઠા મરચાં વિનાનું તદ્દન મોળું ખાતો. અહીં એક દિવસ રહી તેઓ મદુરા જવા ઊપડ્યા અને વખતસર

પહોંચી ગયા. ત્યાંનું મંદિર જોયું. આ મીનાક્ષીનું મંદિર વિશાળ અને ભવ્ય છે, અને સુંદર કોતરકામથી શણગારેલું છે. પથ્થરમાંથી કોતરી કાઢેલી મોટી મોટી મૂર્તિઓ સજીવ જણાય છે, અને એ મોટા મોટા થાંભલાઓમાંથી જાણે હમણાં બહાર નીકળી આવશે એવું લાગે છે. હજારો વર્ષોનો ઘસારો સહન કરે એવું મહાકાય આ મંદિર છે. એનું દર્શન મનને ચકિત કરી નાખે છે.

જેમની કૃપા રામેશ્વરમાં રામદાસે ચાખી હતી તે જ સ્વામી ગોવિંદાનંદ અહીં ફરીથી મળ્યા. મંદિરના દરવાજાની એક બાજુ રામદાસ બેઠા હતા ત્યાં એમની તથા એમના બે સાથીઓની નજર પડી. રામદાસની સાથેના સાધુરામ થાકીને સૂતા હતા અને એમના પગ આગળ રામદાસ બેઠા હતા. ઊંઘમાં સાધુરામના ચરણ રામદાસને અડકતા હતા. તરત જ સ્વામી ગોવિંદાનંદે વાંધો ઉઠાવ્યો અને પેલા સાધુરામને જગાડવા પ્રવૃત્ત થયા. રામદાસે એમને રોકી કહ્યું, "મહારાજ! કૃપા કરી એ સાધુને જગાડશો નહિ. એ ભર ઊંઘમાં છે."

"અરે પણ જુઓ તો ખરા! એ તમને લાતો મારે છે! આ તો મારાથી નહિ જોયું જાય. આ તો ચોકખો અનાચાર કહેવાય."

"કશો જ વાંધો નથી મહારાજ. આ સાધુના ચરણ પવિત્ર છે. એ રામદાસના ગુરુ છે, રામ જ છે; એટલે કશો દોષ નથી."

રામદાસ માટે સ્વામીજીને માન હતું છતાં તેનું આવું વર્તન તે ન સમજી શકયા. બીજે દિવસે સાધુરામે ત્યાંથી નીકળવાની ઇચ્છા જણાવી. ત્યાંથી નીકળતી વખતે તેણે કહ્યું "મહારાજ! મારું કામ તો આપને રામેશ્વર સુધી લઇ આવવાનું હતું તે તો પતી ગયું, માટે હવે મને મારા ગુરૂને ગામ—રાજમન્નાર ગુડી જવાની

રજા આપો." જેટલી મુસાફરી આ સાધુરામની સાથે કરી તેમાં તેમણે રામદાસનું બહુ જતન કર્યું હતું. એક જંક્ષને તે રામદાસથી છૂટા પડયા. છૂટા પડતી વખતે જણાવતા ગયા કે રામદાસની ગાડી એને ચિદંબરમ્ નામના વિખ્યાત તીર્થધામે લઈ જતી હતી.

૭

ચિદંબરમ્

બપોરે બારે વાગે ગાડી ચિદંબરમ્ પહોંચી. રામદાસ અહીં ઊતરી પડયો. હવે રામદાસને કોઈનો સંગાથ નહોતો. કોઈ પણ યોજના વિનાનો, ઘડી પછી શું કરવાનું છે તેના કશા જ ખ્યાલ વિનાનો, બાલવત્ તેને રામે કરી મૂકયો હતો. એને માત્ર એક જ વિચાર હતો – રામનો. કેટલાક યાત્રાળુઓને શહેર ભણી જતા જોઈ રામદાસ તેમની પૂંઠે ચાલ્યો. એ એક વાગ્યે તે ચિદંબરમ્‌ના મંદિરે પહોંચ્યો. તે સીધો મંદિરના દરવાજે ગયો પરંતુ અંદર દાખલ થઈ શકયો નહિ; કારણ મંદિરમાં દાખલ થવા માટે ચાર આનાનો વેરો આપવો પડતો હતો. રામદાસ પાસે તો પાઈ પણ ન હતી, અને એ વાતનો એને શોક પણ ન હતો. પછી મંદિરની આસપાસનાં ખંડિયેરોમાં એ થોડી વાર ભટકયો અને ત્યાં આવેલા એક તળાવમાં નાહી, એક એકાંત જગામાં એક પથ્થર પર બેઠો.

રામનું ભજન તો આ બધો વખત ચાલતું જ હતું. પોતાની પાસેથી ભગવદ્ગીતા કાઢી રામદાસે પાઠ કરવા માંડયો. ભાગ્યે પાંચ છ શ્લોક વાંચ્યા હશે ત્યાં એક કદાવર મદ્રાસી રામદાસ પાસે આવી ચડયો ને ત્યાં બેસી ગયો.

"મહારાજ, ભોજન કર્યું ?"

"ના ભાઈ. પણ એ તો રામ આપશે જ. એની ચિન્તા નથી. ખરું પૂછો તો રામદાસને એ વિચાર જ નથી આવ્યો. તમે પુછયું ત્યારે જ યાદ આવ્યું."

"તમે શું લો છો ?"

"મળી શકે તો કેળાં."

પેલો તરત ઊઠયો ને થોડીવારમાં ડઝનેક કેળાં લઈ આવ્યો. રામદાસ સમક્ષ કેળાં મૂકી તેણે ખાવાનો આગ્રહ કર્યો. વાહ પ્રભુ! વાહ! તારી લીલાનો કોણ પાર પામી શકે! રામદાસ ખાઇ રહ્યો એટલે રામના દૂત સમા આ મદ્રાસીએ રામદાસને પોતાની સાથે લીધો. મંદિરના દરવાજે તેણે બન્નેની ફીના આઠ આના આપ્યા અને રામદાસને અંદર લઈ ગયો; તથા દેવનાં દર્શન કરાવી બધે ફેરવ્યો. આ મંદિરની એક વિશિષ્ટતા એ છે કે એના મુખ્ય ભાગનું છાપરું સોનાના પતરાંથી મઢેલું છે. રામે મોકલેલો ભોમિયો ખરેખર દયાળુ હતો. તે રાત્રે મંદિરમાં ભારે ધામધૂમથી પૂજા થવાની હતી અને મોટો વરઘોડો નીકળવાનો હતો. આ બધું તેણે રામદાસને બતાવ્યું. આ પત્યું ત્યારે મધરાત થઇ ગઈ હતી. પેલા મિત્રે રામદાસ માટે સૂવાની જગા શોધી કાઢી. અહીં રામદાસે જાણ્યું કે એ મદ્રાસી તો માત્ર આ પૂજાનાં દર્શન કરવા જ પાસેના ગામથી આવેલો હતો. બીજે દિવસે સવારે એ પોતાને ગામ જવાનો હતો.

જે થોડો ઘણો વખત રામદાસની સોબત એને મળી તેને એ પોતાનું સદ્ભાગ્ય માનતો હતો. એના શબ્દો સાંભળી રામદાસનું હૈયું ભરાઈ આવ્યું. ખરેખર ! રામની કૃપા અદ્ભુત છે. !

બીજે દિવસે સવારે રામદાસ બીજા યાત્રાળુઓ સાથે સ્ટેશને આવ્યો. પરંતુ ક્યાં જવું અગર કઈ ગાડીમાં બેસવું તેનું કાંઈ જ ભાન ન હતું. પ્રવાસનો કોઇ કાર્યક્રમ ઘડવા કે પૂછપરછ કરી માહિતી મેળવવા જેટલી પણ અગમ બુદ્ધિ એનામાં રહી ન હતી. ભોમિયા વિના એની દશા અસહાય હતી. જેને પોતે ક્ષણે ક્ષણે યાદ કરતો હતો તે ભગવાન જ એના એક આધાર હતા. એણે સ્ટેશન પર એક ગાડી ઊભેલી જોઈ. ગાડી ક્યાંથી આવી હતી અગર ક્યાં જવાની હતી તે એ જાણતો ન હતો. રામદાસ સીધો પ્લેટફોર્મ પર જવા લાગ્યો પણ ટિકિટ માસ્તરે એને અટકાવી ટિકિટ માગી! રામજીની જેવી ઇચ્છા ! રામની ઇચ્છા એવી જણાતી હતી કે રામદાસે એ ટ્રેનમાં ન જવું ! કદાચ એ ટ્રેન એવે ઠેકાણે જતી હશે જ્યાં કોઇ તીર્થ નહિ હોય ! રામ જ એ તો કહી શકે. !

૮

તિરૂપાપુલિયુર

સ્ટેશનથી થોડે દૂર એક ઝાડ નીચે કેટલાક પથરા પડ્યા હતા ત્યાં જઈ રામદાસ બેઠો અને રામનું ધ્યાન કરવા લાગ્યો. બપોર પછી એક બીજી ગાડી આવી. રામદાસ ફરી પ્લેટફોર્મ પર ગયો. આ ગાડીમાં એને જવાનું નિર્માયું હશે એટલે આ વખતે કોઈએ એને રોક્યો નહિ. ગાડીમાં એક સાધુ મળ્યો જેણે તરત રામદાસને પોતાને આશરે લીધો. આ નવા સાધુરામ બહુ કાળજીવાળા હતા. તેણે રામદાસને પૂછ્યું, "ક્યાં જવું?" રામદાસ તો મુંઝાયો. પોતે જાણતો હોય તો જવાબ આપે ને? તેણે કહ્યું, "રામ જાણે—અથવા રામે તમને માર્ગદર્શન માટે મોકલ્યા છે એટલે—તમે જાણો."

સાધુરામ બોલ્યા, "ઠીક, આપણે પહેલાં તિરુપાપુલિયુર જઈશું અને પછી તિરુવણ્ણામલૈ."

"જેવી આપની મરજી આપ પોતે રામ જ છો. રામદાસ તો આપ જ્યાં લઈ જશો ત્યાં આવશે."

ગાડી ચાલતી હતી. સામેની બેઠક પર બે જુવાનિયા બેઠા હતા. તેઓ ભણેલાગણેલા લાગતા હતા. પોતાની સામે બેઠેલા વિચિત્ર અને લાપરવા સંન્યાસીને તેઓ ઘડીભર જોઈ રહ્યા. તેમાંના એકે અંગ્રેજીમાં (એના મનથી કે રામદાસ જેવો સાધુ અંગ્રેજી

નહિ જ જાણતો હોય) પોતાના દોસ્તને કહ્યું, " આ પેલો સાધુ જોયો કે ? ઘણા ઢોંગી સાધુઓ હોય છે તેવો જ કોઈ લાગે છે. જીવનનિર્વાહનું કાંઈ સાધન નહિ હોય એટલે ભાઈએ ભગવાં કરી લીધાં દેખાય છે. ખરો વેશધારી લાગે છે. ! "

સાંભળનાર દોસ્તે રામદાસ માટે એવો જ અભિપ્રાય બાંધ્યો હતો એટલે એણે પણ એવો જ સૂર પૂર્યો. ત્યાર પછી તેઓએ બીજી ટીકા પણ કરી પરંતુ ગાડીના અવાજમાં રામદાસથી સંભળાઇ નહિ. વાહ પ્રભુ ! પોતાની નિંદા સાંભળવાનો મોકો તેં રામદાસને આપ્યો એ પણ તારી કેવી અપાર દયા ! આ ટીકાથી જરાએ રોષે ભરાયા વિના રામદાસે તે યુવાનોનું કલ્યાણ થાય એવી મનથી પ્રાર્થના કરી. વળી રામદાસથી એમનો આભાર માન્યા વિના પણ ન રહેવાયું, એટલે હાથ જોડી તેણે કહ્યું, " હે ભલા મિત્રો ! આપે જે ટીકા કરી તેમાં રામદાસની પૂરી સંમતિ છે. એ સત્ય જ છે કે રામદાસ ધૂર્ત છે. એણે પોતાના પેટિયા માટે જ સંન્યાસ લીધો છે. પરંતુ એક બીજી ચીજ પણ એનામાં જણાય છે; તે એ કે એ રામનો દીવાનો બન્યો છે અને ક્ષણે ક્ષણે પોતાની શુદ્ધિ માટે એ રામને યાદ કરી રહ્યો છે—રામ જ એનું સર્વસ્વ બને એમ પ્રાર્થી રહ્યો છે. એના નમ્ર મતે રામ જ એને આ યાત્રા કરાવી રહ્યો છે. "

આ સાંભળી પેલા તો સ્તબ્ધ જ બની ગયા. રામદાસે જે શબ્દો કહ્યા તેથી નહિ, પણ ખાસ તો આવો રખડતો સાધુ અંગ્રેજી સમજી ગયો અને પોતે માંહોમાંહે કરેલી ટીકા સાંભળી ગયો તેથી. એમનું વર્તન એકાએક બદલાઈ ગયું, ને રામદાસને પગે પડી પોતાના અવિચારીપણાની માફી માગવા લાગ્યા. ત્યાર બાદ તેઓ માયાળુ મિત્રો બની ગયા. રામદાસને તેમણે ભોજન

માટે પૂછયું. એમના પ્રશ્નથી એને યાદ આવ્યું કે પોતે આખા દિવસમાં કશું ખાધું જ નહોતું! તેણે તે મિત્રોને કહ્યું, "રામદાસ માત્ર ફળાહાર જ કરે છે. તમે કાંઇ ભિક્ષા આપશો તો તે ખુશીથી સ્વીકારશે." તેઓએ સાધુરામ સાથે મસલત કરી રામદાસના ભોજન માટે કંઇ પૈસા આપ્યા. ખરે! રામની ગતિ ગહન છે! એની કરુણા, એનો પ્રેમ અસીમ છે.!

૯

પોંડિચેરી અને તિરૂવણ્ણામલૈ

આખરે તિરુપાપુલિયુર આવ્યું. સાધુરામ પોતાના પૂર્વ-જીવનના કોઇ સગાને ત્યાં રામદાસને લઈ ગયા, અને એની ઓસરી પર તેઓએ રાત ગાળી. સવારે સાધુરામે રામદાસને થોડાં ઘર બતાવ્યાં અને ત્યાં ભિક્ષાર્થે જવા જણાવ્યું.

"જુઓ મહારાજ! તમે એકલાં દૂધ ને કેળાં પર રહો છો. સામાન્ય રસોઇ તો ગમે ત્યાંથી મળી રહે પરંતુ આને માટે તો પૈસા જોઇએ." એમ કહી રામદાસને એક શેરીમાં લઈ ગયા. શેરીની બન્ને બાજુ વકીલોનાં ઘર હતાં.

"ઘેર ઘેર ફરો. કદાચ કોઈ ઠેકાણેથી કાંઈ મળી આવે. હું પેલે નાકે ઊભો છું."

રામદાસ તો ચિઠ્ઠીનો ચાકર હતો. સૂચના પ્રમાણે એણે ભીખ માગવા માંડી. છ એક ઘેરથી એને થોડા પૈસા ને બીજું પરચુરણ

મળ્યું. બધું એણે સાધુરામને સુપરત કર્યું. પૈસા ગણતાં દસ આના થયા. સાધુરામ બોલ્યા, "તમારો રામ તો ભાઈ બહુ દયાળુ! આટલું તો બે દિવસ ચાલશે."

દિવસ દરમિયાન પોંડિચેરીની વાત નીકળી. વાતમાંથી રામદાસને ખબર પડી કે પોંડિચેરી ત્યાંથી માત્ર વીસ માઈલ જ હતું. ત્યાં જઈ યોગીશ્વર શ્રી. અરવિંદનાં દર્શન કરવાની ઇચ્છા થઈ આવી. આ ઇચ્છા સાધુરામને જણાવતાં તે પણ સંમત થયા. બીજે દિવસે સૂર્યોદય પૂર્વે તેઓ બન્ને પગપાળા પોંડિચેરી જવા નીકળ્યા. બપોરે બે વાગે પોંડિચેરી આવી પહોંચ્યું. ગામમાં દાખલ થતાં જ બન્ને બાજુએ તાડીની દુકાનો દેખાવા લાગી. શહેરમાં આશ્રમ વિષે પૂછપરછ કરવા માંડી. થોડુંક આથડયા પછી એક ગૃહસ્થે એક ભવ્ય મકાન બતાવ્યું જ્યાં શ્રી. અરવિંદ રહેતા હતા. અંદર જઈ દરવાજા પાસેની ઓરડીમાં બેઠેલા બે બંગાળી યુવાનોને રામદાસે પૂછયું. "શ્રી. અરવિંદનાં દર્શન થઈ શકશે?"

"નાજી. શ્રી. અરવિંદ એકાંતમાં રહે છે અને કોઈને મળતા નથી એટલે આપને પણ નહિ મળી શકે."

માત્ર દૂરથી એમનાં દર્શન કરવા દેવાની યાચના કરી પરંતુ વ્યર્થ ગઈ. એ પણ રામની જ ઇચ્છા! બહાર આવી રામદાસે સર્વ હકીકત સાધુરામને જણાવી. આ વાત ચાલતી હતી તે દરમિયાન એક સિપાઈ દૂરથી આવતો દેખાયો. પાસે આવી તેણે કહ્યું, "ચલો, ચોકી પર તમારું કામ છે." સિપાઈને જોઈ સાધુરામ ગભરાઈ ગયા અને રામદાસને બાજુએ બોલાવી કહ્યું, "કદાચ આ તો ચોકી પર લઈ જઈને મારશે!" બધું રામ પર છોડીને નિશ્ચિંત બનવાનું એમને રામદાસે જણાવ્યું. અર્ધોએક માઈલ ચાલ્યા હશે ત્યાં ચોકી આવી. વાંકી મૂછોવાળા અને રુઆબદાર લાગતા એક ઊંચા આધેડ વયના પુરુષ સમક્ષ એમને

ખડા કરવામાં આવ્યા. એણે બહુ કડક શબ્દોમાં કાંઈક કહ્યું પણ સમજાયું નહિ કારણ એ ફ્રેંચ બોલતો હતો. રામદાસે અંગ્રેજીમાં જવાબ આપ્યો પરંતુ આ અમલદાર (એ પોલિસ ઈન્સ્પેકટર હોય એમ જણાતું હતું) કશું સમજ્યા વિના સામું તાકી જ રહ્યો. પછી સાધુરામે એની સાથે તામિલમાં વાત કરવા માંડી. વાતનો સાર એ હતો કે બે કલાકમાં તેઓએ શહેર છોડી ચાલ્યા જવું. આ સાંભળી સાધુરામે કાલાવાલા કરવા માંડયા કે વીસ વીસ માઈલ ચાલીને આવેલા મુસાફરોને થાક ખાવા માટે રાત તો રહેવા દેવા જોઈએ ને સવારે પછી તેઓ જઈ શકશે. પણ આ સાંભળીને ઇન્સ્પેકટર તો શાંત પડવાને બદલે ગુસ્સે થયો જણાયો, કારણ, એની બોલવાની ઝડપ વધતી હતી, આંખો પહોળી થતી હતી અને એનો હાથ મૂછોને આમળા દઈ રહ્યો હતો. !

બે કલાકને બદલે એક કલાકની મહેતલ આપવામાં આવી. વળી ચેતવણી મળી કે હુકમનો અનાદર થશે તો ભારે પડી જશે. અમલદારની ભાષા પણ ગાળોથી મસાલેદાર થતી હતી. આ જોઈ સાધુરામે રામદાસને ત્યાંથી એકદમ જીવ લઈ કૂચ કદમ કરવા કહ્યું. બિચારા સાધુરામ તો ઇન્સ્પેકટરના તીખા શબ્દોથી ગભરાઇ ગયા હતા તેમ મનમાં રોષે પણ ભરાયા હતા. ચોકીથી થોડે દૂર ગયા એટલે એમની વાગ્ધારા છૂટી ગઇ અને પેલા ઈન્સ્પેકટર પર ગાળોનો વરસાદ વરસ્યો. શાન્તિ રાખવા માટે રામદાસે એમને ઘણું સમજાવ્યું પણ વૃથા ગયું. સાધુરામની જીભ કાંઇ અટકી નહિ. રામદાસે કહ્યું, “ બધું રામજીની ઇચ્છા પ્રમાણે જ બને છે માટે બડબડાટ નકામો છે. ” તથાપિ ભાષણ અટકયું નહિ. ગાળો દેવામાં આ સાધુરામ બહુ નિપુણાત નીકળ્યા. માઇલેક ચાલ્યા ત્યાં સુધી એમનો ક્રોધ શમ્યો નહોતો. પછી, કાં તો એમનો શબ્દભંડાર ખૂટી જાઓ, કે કાં તો પેટમાં કૂકડા બોલતા હોય તેથી, કે પછી

આ રામે કરવા ધારેલી રામદાસની કસોટી હોય (કે રામદાસ સાધુરામની સાથે ભળી જાય છે કે કેમ તે જોવા) તેથી, એમનો વાક્પ્રવાહ ધીમે ધીમે ઠંડો પડયો. સાચી હકીકત તો રામ જ જાણે અને રામ જ કહી શકે.

આશરે ચારેક માઈલ પાછા ફર્યા પછી સાધુરામે રસ્તા પરની એક દુકાનનો ઓટલો પસંદ કરી રાત માટે ત્યાં મુકામ કર્યો. બીજે દિવસે પરોઢમાં તેઓ તિરુપાપુલિયુર પાછા જવા નીકળ્યા. ને લગભગ બે વાગે પહોંચ્યા. રામદાસે કહેવું પડશે કે સાધુરામ એક માતાની જેમ રામદાસની સંભાળ રાખતા હતા. આ પણ રામનું જ કામ હતું; એની જ અકળ કળાનું—એના અગાધ પ્રેમનું—એક ચિહ્ન હતું. બીજે દિવસે બન્ને સાધુઓ ગાડીમાં બેસી તિરુવણ્ણામલૈ પહોંચ્યા. અહીં સાધુરામ પોતાના એક ઓળખીતા સોનીને ત્યાં લઈ ગયા. આ સોની બહુ ભાવિક હતો. તેણે બન્ને સાધુઓને પોતાના અતિથિ તરીકે રાખ્યા. આ સજ્જનના ઘરમાં રામદાસે થોડા દિવસ ગાળ્યા. એક ઓસરીમાં રામદાસ ધ્યાન વગેરે પોતાનું નિત્યકર્મ કરતો તથા સૂતો. સવાર અને સાંઝે બન્ને જણા મહાદેવના વિશાળ મંદિરમાં દર્શને જતા.

એક દિવસ સાધુરામ રામદાસને તિરુવણ્ણામલૈના સંત ભગવાન રમણ મહર્ષિનાં દર્શને લઈ ગયા. એમનો આશ્રમ અરુણાચળની તળેટીએ હતો. આશ્રમ એટલે ઝૂંપડી જ હતી. બન્નો જણે અંદર જઈ તે મહાત્માને સાષ્ટાંગ પ્રણામ કર્યાં. આ આશ્રમ ખરેખર બહુ પવિત્ર સ્થાન હતું. મહાત્મા યુવાન દેખાતા હતા છતાં એમના મુખ પર એવી ગાઢ શાન્તિ હતી, એમની વિશાળ આંખોમાં એવો નિર્હેતુક પ્રેમ હતો, કે જે જે ત્યાં આવતા તે અજબ શાન્તિ અને આનંદમાં ડૂબી જતા. રામદાસને કોઇના

કહેવાથી જણાયું કે શ્રી. મહર્ષિ અંગ્રેજી જાણતા હતા. એટલે રામદાસે તેમને હાથ જોડી પ્રાર્થના કરી, "ભગવન્! આ દાસ પર કૃપા કરો. માત્ર આપના આશીર્વાદ જ એ યાચે છે."

મહર્ષિએ પોતાની તેજસ્વી દૃષ્ટિ રામદાસ તરફ ફેરવી અને જાણે એ દૃષ્ટિ વાટે જ રામદાસમાં શક્તિસંચાર કરતા હોય (પોતાની આશિષ આપતા હોય) એમ બે ત્રણ મિનિટ સ્થિર નજરે જોઇ રહ્યા; પછી ડોકું ધુણાવ્યું. રામદાસમાં કોઈ અનિર્વચનીય આનંદ ઊભરાવા લાગ્યો. અને એનું આખું શરીર પવનથી પાંદડું કમ્પે એમ કંપવા લાગ્યું. હે રામ! કેવો અદ્ભુત તારો પ્રેમ છે! મહાત્માની રજા લઈ તે અને સાધુરામ પોતાને ઉતારે પાછા આવ્યા.

૧૦

ગુફામાં

આ વખતે રામે રામદાસને એકાંતવાસ સેવવાની પ્રેરણા કરી, એટલે રામદાસે આ વાત સાધુરામને કહી. સાધુરામ તો રામદાસની પ્રત્યેક ઇચ્છા અમલમાં મૂકવા તૈયાર જ હતા. તરત જ તે રામદાસને મોટા મંદિરની પાછળના પર્વત પર લઇ ગયા. ઉપર ચડયા પછી રામદાસને તેમણે ઘણી ગુફાઓ બતાવી. એમાંની એક નાની ગુફા રામદાસને પસંદ પડવાથી બીજે દિવસે તે ત્યાં જઇને રહ્યો. આ ગુફામાં રામના ધ્યાનમાં લીન બની લગભગ મહિનો

ગાળ્યો. પહેલી જ વાર રામે પોતાના ભજન માટે રામદાસને આવા એકાંતવાસમાં મૂકયો હતો. કોઇ પણ જાતના વિક્ષેપ વિના રામનું સતત ચિંતન અહીં થઇ શકતું હતું. પરિણામે રામદાસને ખૂબ આનંદ આવતો હતો—કહો કે અવર્ણ્ય આનંદ સાગરમાં એ ડૂબકાં ખાતો હતો. આનંદ માત્રના કેન્દ્રમાં મન લગાડવું એટલે જ શુદ્ધ આનંદનો અનુભવ !

એક દિવસ રામના જ ધ્યાનનાં મસ્ત બનેલો તે ગુફાની બહાર નીકળ્યો તો ગુફાથી થોડે દૂર તેણે એક માણસને ઊભેલો જોયો. ઓચિંતો જ રામદાસ દોડયો અને પેલાને ભેટી પડયો. પેલો બિચારો તો ભડકી જ ગયો ! એને લાગ્યું કે કોઈ પાગલ પોતાને આ પ્રમાણે વળગી પડયો છે અને વખતે કંઈ નુકસાન કરશે એવી બીક લાગી. રામદાસ ખરેખર પાગલ જ હતો, પરંતુ એનું ગાંડપણ રામ માટે હતું એટલે નિર્દોષ હતું. "અહો ! રામ જ સ્વયં આવ્યો છે, રામ જ સાક્ષાત પધાર્યા છે." એવા વિચારમાં જ રામદાસ પેલા પાસે દોડી ગયો હતો. કદાચિત ગુફાની પાસે ઊગતા છોડવા અને ઝાડને પણ બાથમાં લેવાની ઊર્મિ એને થઈ આવતી. સર્વ પાસાથી રામ એને પોતાની તરફ ખેંચી રહ્યા હતો. શું એ ગાંડપણ ! શું એ આકર્ષણ ! હે રામ ! તું જ સત્યં શિવં સુંદરમ છે !

આ પ્રમાણે એના દિવસો ગુફામાં જતા.

પ્રસાદને માટે સવારમાં એ નીચે ઊતરી આવી ગામમાં જતો અને બેચાર ઘર ફરી પોતાના લોટામાં ચોખા લઈ આવતો. લોટો અડધો પોણો ભરાય એટલે પાછો ફરતો. ગુફાની આજુ બાજુથી થોડું બળતણ એકઠું કરી એ જ લોટામાં ભાત બનાવી લેતો. પાણી તો પાસે જ હતું. ગુફાની પાસેથી એક સ્વચ્છ નિર્મળ ઝરણું વહી રહ્યું હતું. આ ઝરણમાં જ લહેજતથી સ્નાન પણ થતું.

મીઠું પણ નાખ્યા વિનાનો આ ભાત દિવસમાં એક વાર ખાઈ લઇ ક્ષુધા શાંત કરવામાં આવતી. રામદાસના આ સાદા ભોજનમાં ભાગ પડાવવા કેટલીક ખિસકોલીઓ ત્યાં આવતી. કેટલીક વાર તો આ ખિસકોલીઓ નિર્ભય બની એના હાથમાંના દાણા પણ ખાતી. એમની સાથે રમવામાં રામદાસને ખૂબ આનંદ આવતો. રામનો આ બાળક બેતમા ને બેફિકર ડુંગર પર ઝાડ ઝાંખરામાં અને પથ્થરોમાં રોજ રખડતો પર્વત પરનું આ એકાંત જીવન ખરે બહુ સરળ અને સુખી હતું. પેલા ભલા સાધુરામ એને રોજ કાં તો ડુંગર પર કે ભિક્ષા વખતે ગામમાં મળતા. એક દિવસ આ સ્થાન પણ છોડવાનો રામનો આદેશ આવ્યો. જવાનું ક્યાં હતું તે તો રામ જ જાણતો હતો.

૧૧

તિરૂપતિ

એક દિવસ પ્રાતઃકાળે ચાર વાગે રામદાસ પર્વત પરથી ઊતર્યો અને સીધો સ્ટેશન પર જઈ, ત્યાં ઊભેલી ટ્રેનમાં નિર્વિઘ્ને બેસી ગયો. થોડી વારે ગાડી ચાલવા માંડી. ગાડી ક્યાં જતી હતી? એ જાણવાનું કામ રામદાસનું ન હતું. રામ કશું ચૂકતો નથી અને એના ઉપર પૂરો વિશ્વાસ રાખ્યો એટલે સારામાં સારો બોમિયો ને સંપૂર્ણ સુખ સગવડ મળ્યાં જ સમજો. ગાડી કાટપાડીના જંક્શને પહોંચી. અહીં રામદાસને માટે રામે એક સાધુરામ મોકલી આપ્યા. આ સાધુરામે રામદાસને તિરૂપતિ લઈ જવાનું માથે લીધું. ગાડી

ત્યાં જ જતી હતી. હે રામ! તારી યોજનાઓ ને તારા સંકેતો ખરે કોઈ અગમ્ય રીતે પાર પડે છે! રામદાસે આ સાધુરામ સાથે મુસાફરી કરી અને વખતસર બંને તિરૂપતિ પહોંચ્યા. આ ભલા સાધુરામે તૈયાર કરેલી રસોઇ જમી બંને જણ તિરૂપતિના પર્વત તરફ વળ્યા. પર્વત પર પગથિયાં ચઢવાનાં હતાં. 'ઊંચે ને ઊંચે વિજય શિખરે' જાણે ચઢવાનું હતું! સાતસો પગથિયાં ચઢવાનાં હતાં. લગભગ આઠ વાગે તેઓ ઉપર પહોંચ્યા. ઉપર ગયા પછી ત્રણેક માઈલ સપાટ જમીન પર ચાલવાનું હતું. ચાંદની રાત હતી પણ ઠંડી અતિશય હતી અને એવી જ અપાર રામની દયા હતી!

મધરાતને શુમારે બાલાજીનું મંદિર આવ્યું. દરવાજા આગળ અગ્નિ પ્રગટાવેલો હતો અને આસપાસ કેટલાક લોકો તાપતા બેઠા હતા. આવનાર બે સાધુઓ પણ એ ટોળામાં બેસી ગયા અને ઠંડીથી અકડાઈ ગયેલા હાથ પગ તપાવવા લાગ્યા. થોડા વખત પછી મંદિરના દરવાને આ બધાને ત્યાંથી ઊઠીને ચાલ્યા જવા ફરમાવ્યું કારણ મુખ્ય દરવાજો બંધ કરવાનો વખત થઇ ગયો હતો. એટલે કચવાતે મને બધાને ત્યાંથી ઊઠી જવું પડયું. સાધુરામે દરવાનને વિનંતિ કરી કે પોતાને તથા રામદાસને અંદર રહેવા દેવા પરંતુ મંજૂર ન થઇ. બધું રામની ઇચ્છા પ્રમાણે જ બનતું હતું. મંદિરની બહાર નીકળવું એટલે એ પર્વત પર વાતા અતિશય ઠંડા પવનના ઝપાટા સહેવાના. આ વખતે અંધારું થઇ ગયું હતું અને રાત ગાળવા માટે જગા શોધી કાઢવાની હતી. પાસે મોટી મોટી પણ ચારે બાજુથી ખુલ્લી ધર્મશાળાઓ હતી. આમાંની એકમાં આ બે ઘૂસી ગયા અને ધામા નાખ્યા. સાધુરામે ટાઢની ફરિયાદ કરવા માંડી:

"સ્વામીજી! અહીં કંઈ ઉંઘાય ખુંધાય નહિ. આ ટાઢ મટકું પણ માંડવા દેવાની નથી."

"એથી રૂડું શું? એથી તો બધો જ વખત પરમશક્તિમાન પરમ કરુણાળુ એવા ભગવાનનું ભજન થઇ શકશે."

"તમારે તો ઠીક. પણ આપણે તો કહીએ છીએ કે પહો ફાટતાં જ અહીંથી ભાગવું પડશે, નહિ તો ઠરીને ઠીકરું થઇ જવાશે."

રામદાસ તો ભજનમાં લીન થઇ ગયો હતો તેથી સાધુરામનો આ પ્રશ્ન અનુત્તર જ રહ્યો. પછી એ ટૂંટિયું વાળીને પડયા અને પોતાની પાસે જે એક વધારાનું પંચિયું માત્ર હતું તે ઓઢયું. આ કપડું એટલું નાનું હતું કે એમના ઘૂંટણ છેક નાક પાસે આવે એવી રીતે ગાંસડી બનીને પડવા છતાં શરીર ઢંકાતું નહિ."

"ઊંઘ કંઇ આવે બાવે નહિ," સાધુરામ ફરીથી બબડયા.

બિચારા સાધુરામ! રામ આજે એમની કપરી કસોટી કરી રહ્યો હતો! પણ એમાંયે એમનું કલ્યાણ જ હતું. જેમ તેમ કરતાં રાત વીતી ગઇ. બાગભાંખળું થતાં જ સાધુરામ ધ્રૂજતા ધ્રૂજતા ઊભા થયા ને પર્વત પરથી ઊતરી જવા તૈયાર થયા. પરંતુ રામદાસની ઇચ્છા ત્યાંથી ત્રણેક માઇલ દૂર આવેલા પાપનાશિની નામના ધોધનાં દર્શને જવાની હતી. દંતકથા એવી છે કે જે કોઇ આ પાણીમાં નહાય છે તેનાં સર્વ પાપ ધોવાઇ જાય છે—માટે જ એનું નામ પણ એવું છે. સાધુરામ સંમત થતાં બંને જણા ત્યાં ગયા અને એક ખડક પરથી જોરથી પડતા ધોધમાં નહાયા. આ વખતે સૂર્યોદય થઇ ગયો હતો એટલે ચારે બાજુનો દેખાવ બરાબર જોઇ શકાતો હતો. પર્વત પરથી દેખાતું દૃશ્ય બહુ આહ્‌લાદક હતું. સ્નાન કરી સાધુરામે ઝટ પગ ઉપાડયા ને એમને પગલે પગલે રામદાસે પણ ચાલવા માંડયું. લગભગ સંધ્યાકાળે તળેટીએ શહેરમાં પહોંચ્યા. તેજ સાંઝે ઉત્તર તરફ જતી એક ટ્રેનમાં બંને જણ ચઢી બેઠા.

૧૨

સાધુપ્રેમી સિપાઈ

પરમ પ્રેમા પિતા રામે જોયું કે આ સાધુઓ ભૂખ્યા જ મુસાફરી કરતા હતા એટલે બીજે દિવસે બપોરે એણે એક ટિકિટ ચેકરને પ્રેરણા કરી એમને જગન્નાથ અને બેઝવાડાની વચ્ચેના એક સ્ટેશને ઉતરાવી પાડ્યા. આ સ્ટેશનનું નામ રામદાસને યાદ રહ્યું નથી. સ્ટેશનની બહાર નીકળી તેઓ ગામમાં ગયા અને થોડું ખાવાનું ખરીદી ખાઈ લઈ પાછા સાંઝ પડતાં સ્ટેશને આવી રાત રહ્યા. બીજે દિવસે જે ગાડીમાંથી તેમને ઉતારી પાડવામાં આવ્યા હતા તે જ ગાડી તેમણે પકડવાની હતી; પણ તેમાં એક મુશ્કેલી નડવાની હતી—જો કે રામની કળા અકળ છે એટલે આ મુશ્કેલી પણ દેખાતી મુશ્કેલી જ હતી. સ્ટેશન માસ્તર તથા ટિકિટ કલાર્ક બંને આ સાધુઓને ગાડીમાં બેસવા દેવાની વિરુદ્ધ હતા, એટલે ગાડી આવી ને આ સાધુઓ બેસવા જતા હતા કે તરતજ બંનેએ મળી તેમને અટકાવ્યા (અલબત તેઓ પોતાની ફરજ જ બજાવતા હતા) અને સાધુરામની સર્વ આજીજીઓ વ્યર્થ ગઈ. પ્લેટફોર્મ પરના બધા ઉતારૂઓ ગાડીમાં ચઢી ગયા હતા. ફક્ત આ સાધુઓ અને બે અમલદાર જ પ્લેટફોર્મ પર રહ્યા હતા. બિલાડી જેમ ઉંદર પર નજર રાખે તેમ આ બંને અમલદારની નજર સાધુઓ પર હતી. રામની કેવી અજબ કળા છે! ગાડી ઉપડવાને હજી થોડી વાર હતી. એવામાં રેલ્વેનો એક સિપાઇ આ સાધુઓ પાસે આવ્યો ને તેમને ગાડીમાં બેસી જવા ફરમાવ્યું. સાધુરામે

તેને વસ્તુસ્થિતિ જણાવી. આથી આ સિપાઈ પેલા અમલદારો પાસે ગયો અને સાધુઓની વકીલાત કરી: "આ બિચારા સાધુ-ઓને ગાડીમાં જવા દેવા જોઈએ. એ લોકો સંસારી નથી કે એમની પાસે પૈસા હોય; પૈસા એ એમનું લક્ષ્ય નથી, એટલે ટિકિટો ક્યાંથી લાવે?"

પણ પેલા અમલદારોએ માન્યું નહિ. તેમણે જવાબ આપ્યો, "વગર ટિકિટે કોઈને પણ જવા દેવું એ કાયદા વિરુદ્ધ છે, એટલે તારી ભલામણ નિરર્થક છે. વળી તારે યાદ રાખવું જોઈએ કે રેલ્વે પોલિસ તરીકે તારી જે ફરજ છે તેથી તદ્દન વિરૂદ્ધ વાત જ તું કરી રહ્યો છે!" આ જવાબ વ્યાજબી જ હતો. પરંતુ પેલા સિપાઈને આથી માઠું લાગ્યું. કોઈ પણ રીતે આ સાધુઓને એ ગાડીમાં બેસાડવા તે સજ્જ થયો.

હવે ગાડી ઉપડવાનો વખત થયો હતો. સિપાઈ બિચારો વિમાસણમાં પડયો હતો. એકાએક એની આંખ ચમકી ને એમાં નિશ્ચયનું તેજ રમવા લાગ્યું. ઝડપથી તે એક ડબા આગળ ગયો, બારણું ઉઘાડયું અને પેલા સાધુઓને બોલાવી અંદર બેસાડી દીધા. આટલું બનતાં ભાગ્યે મિનિટ પણ લાગી હશે છતાં ટિકિટ માસ્તરે દૂરથી આ જોઈ લીધું હતું. દોડતા આવી એણે રોષથી પૂછયું, "કોની રજાથી આ સાધુઓને તેં બેસાડી દીધા?"

પેલો સિપાઈ ઊંચો અને કદાવર હતો. બંધ કરેલા બારણા પર બરડો ટેકવી તે વચ્ચે ઊભો રહ્યો અને બોલ્યો, "જુઓ ભાઈ, આવી વાતમાં કોઈની રજાની જરૂર નથી. આમાં તો પોતાના અંતરનો અવાજ એ જ છેલ્લી સત્તા છે. આ અંતરનો અવાજ એટલે ભગવાનનો જ હુકમ." એનો અવાજ શાંત અને દૃઢ હતો.

"યાદ રાખજે કે તારી આ કસૂરનો રિપોર્ટ થશે અને તને ભારે પડશે."

"ભલે સાહેબ! તમારા રિપોર્ટથી મને નોકરીમાંથી કાઢી મૂકે તો પણ મને વાંધો નથી. પરંતુ આ સાધુઓને આ ગાડીમાં મુસાફરી કરતાં તમે કે તમારો પીર પણ રોકી શકવાના નથી."

સિપાઇના આવા વર્તનથી ટિકિટ માસ્તર બિચારો મુંઝાઇ ગયો અને સ્ટેશન માસ્તરને બોલાવવા લાગ્યો. માસ્તર સીગનલ આપવામાં રોકાયલા હતા કારણ ગાડીનો વખત થઇ ગયો હતો. સીટી વાગી અને ગાડી તો ચાલવા લાગી. સાધુઓ બેઠા હતા તે તરફ બિચારો ટિકિટ માસ્તર અસહાય બની તાકી રહ્યો. હે રામ! તારો આ દાસ આ ઘટનાનું શું રહસ્ય તારવી કાઢે? એ જ કે જ્યારે તારો સર્વશક્તિમાન હાથ કામ કરે છે ત્યારે વિઘ્ન માત્ર નહિવત્ થઇ જાય છે! હે દયાસાગર વિશ્વવિધાતા! તારા એક સ્પર્શથી આખું વિશ્વ ઘડીમાં પલટાઇ જાય છે! ઉતારુઓ રેલ્વેનો કોઇ કાયદો તોડે નહિ એટલા માટે જે પોલિસને રોકવામાં આવે છે તે પોલિસ જ જાણી બૂજીને કાયદો તોડી ટિકિટ વગરના બે સાધુઓને ગાડીમાં બેસાડી દે છે! અને તે પણ અમલદારોના વિરોધ છતાં અને પોતાની નોકરી ખોવાના જોખમે! હે નાથ! ખરે જ સર્વના હૃદયમાં બેઠલો તું જ આ વિશ્વના સર્વ ભૂતોને તારી ઇચ્છા પ્રમાણે નચાવી રહ્યો છે!

ईश्वरः सर्व भूतानाम् हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन् सर्व भूतानि यन्त्रा रूढानि मायया ॥

હે રામ! તું ખરો ભક્તવત્સલ છે. તારાં ગુણગાન આ દાસ કઇ જીભે કરે? એ તો માત્ર અશ્રુ દ્વારા જ પોતાના ભાવ વ્યક્ત કરી શકે છે. ભલે એ આંસુઓ વહ્યાં કરે!

૧૩

જગન્નાથ

ગાડી તો ચાલી. સંધ્યાકાળે જગન્નાથ આવ્યું. એક ધર્મશાળાની ઓસરીમાં રાતવાસો રહ્યા. અહીં પણ ખૂબ ઠંડી હતી. સવારે શહેર બહાર આવેલા એક તળાવમાં બંનેએ સ્નાન કર્યું, અને જગન્નાથના પ્રખ્યાત મંદિર તરફ પગલાં ઉપાડયાં. આ મંદિરનો ભવ્ય ગગનચુંબી ઘુંમટ શહેરના કોઈ પણ ભાગમાંથી દેખાતો હતો. સાધુરામ તથા રામદાસ પ્રવેશદ્વાર પર આવી પહોંચ્યા. પણ અંદર શી રીતે જવું? યાત્રાળુઓની વધતી જતી ભીડથી રસ્તો તદ્દન પુરાઈ ગયો હતો. લોકો અંદર અંદર ધક્કા મુક્કી કરી રહ્યા હતા; કોઈની કોણીઓ ચાલતી હતી, કોઈના પગ ચાલતા હતા. આ દૃશ્ય જોઈ રામદાસે હાથ જોડી પ્રાર્થના કરી, "હે રામ! આ ભીડમાં તારા દાસથી તારાં દર્શન કેવી રીતે થશે? એના જેવા નિર્બળ નિઃસહાય સાધુ માટે તો કંઈ આશાજ દેખાતી નથી!"

આ પ્રાર્થના પૂરી પણ ન થઇ ત્યાં તો દરવાજા આગળના ટોળામાંથી એક ઊંચો બ્રાહ્મણ બહાર નીકળી આવ્યો. રામદાસની પાસે આવી, હાથ પકડી, તે એને દરવાજા ભણી લઇ ગયો અને બળપૂર્વક એ ભીડમાંથી રસ્તો કરતો આશ્ચર્યચકિત રામદાસને અંદર લઈ ગયો. રામદાસ તો જાણે કંઈ સ્વપ્ન જ જોતો હતો! તે દેહભાન ભૂલી ગયો હતો અને એનું મન પરમાત્મામાં ડૂબી ગયું હતું. પાંચ મિનિટમાં તો તે મૂર્તિ સમીપ આવી પહોંચ્યો.

બ્રાહ્મણે એનો હાથ હજી પકડેલો જ હતો; રામદાસે મૂર્તિના ચરણમાં પોતાનું મસ્તક મૂક્યું.

આ પછી પેલા બ્રાહ્મણે રામદાસને મંદિરમાં ફેરવ્યો. હે રામ ! આ દાસ પ્રત્યેની તારી દયાનું વર્ણન કયા શબ્દો વડે કરી શકાય ? ધન્ય છે તને ! ધન્ય છે ! મંદિરમાં ફરતી વખતે એની આંખમાંથી અશ્રુ વહી રહ્યાં હતાં અને કોઈ અવર્ણ્ય આનંદમાં એ ડૂબી રહ્યો હતો. એ આનંદનું વર્ણન કોણ કરે ? એક ક્ષણ માત્રના આવા આનંદ આગળ પણ આ જગતનાં તમામ સુખ તુચ્છ છે. થોડી વાર પછી પેલો બ્રાહ્મણ અને રામદાસ પોતાની જગાએ પાછા આવી ગયા. અહીં આવી તે બ્રાહ્મણે રામદાસના મુખમાં થોડો પ્રસાદ—ભાત—મૂક્યો.

"મારું કામ પતી ગયું," કહી એ મંદિર ભણી જવા લાગ્યો, પણ એ જતો રહે તે પહેલાં એને એક પ્રશ્ન પૂછવાનું રામદાસને સ્ફુરી આવ્યું.

"ભાઈ, એક પરિવ્રાજક સાધુને મંદિરમાં લઇ જઈ દર્શન કરાવવાની દયા આપે કરી તેનું શું કારણ ?"

"મહારાજ, એ પ્રશ્નનો જવાબ તો જગન્નાથ જ આપી શકે. 'મેં તમને જોયા કે તરતજ તમને અંદર લઇ જઈ જગન્નાથનાં દર્શન કરાવવાની તીવ્ર ઇચ્છા મારામાં એકાએક જાગી. આ મેં શા માટે કર્યું તે હું જ જાણતો નથી. ભગવાનનું જ એ કામ હતું." સાચે, રામની જ એ કળા હતી !

૧૪

પરમાત્મા સર્વવ્યાપી છે.

એ સાંજે જ સાધુરામે સ્ટેશન ભણી પ્રયાણ કર્યું અને ત્યાંથી ગાડીમાં બેસી બંને જણ કાલાહસ્તી આવ્યા. અહીં એક દિવસ રહી તેઓ કલકત્તા જવા નીકળ્યા. બપોર થવા આવ્યા હતા; એક નાના સ્ટેશને સાહેબનાં કપડામાં સજ્જ થયેલો એક ખ્રિસ્તી ટિકિટ ઇન્સ્પેકટર ગાડીમાં ચઢ્યા. સાધુઓ પાસે આવી તેણે ટિકિટ માગી.

રામદાસે અંગ્રેજીમાં કહ્યું, "ભાઈ સાધુઓ પાસે ટિકિટ ન હોય; કારણ એ લોકો પાસે પૈસા નથી હોતા, અને તેઓ પૈસા રાખવાની દરકાર પણ નથી કરતા."

"તમે અંગ્રેજી બોલી શકો છો. તમારા જેવા શિક્ષિત માણસથી વગર ટિકિટે મુસાફરી ન થઇ શકે. મારે તમને બંનેને ઉતારી મૂકવા પડશે."

રામદાસ અને સાધુરામ ઇન્સ્પેકટરના કહેવા મુજબ ઊતરી પડયા. રામદાસે સાધુરામને ખાત્રી આપી, "આ પણ રામજીની જ ઇચ્છા છે."

તેઓ પ્લેટફોર્મ પર ઊભા હતા. ગાડી ઊપડવાને થોડી વાર હતી. તે દરમિયાન ટ્રેન ઊપડે તેની રાહ જોઈને સાધુરામની સાથે ઊભેલા રામદાસ જોડે વાર્તાલાપ કરવાની પેલા ઇન્સ્પેકટરને ઇચ્છા

થઈ આવી: "આવીરીતે મુસાફરી કરવામાં તમારો શો હેતુ છે તે સમજાવશો ?"

"ઈશ્વરની શોધ."

"ઈશ્વર તો સર્વત્ર છે એમ કહેવાય છે, તો પછી એની શોધમાં આ રીતે રખડવાનો શો અર્થ છે? તમે જ્યાંથી આ કહેવાતી શોધ માટે નીકળ્યા ત્યાં પણ શું એ નથી ?"

"ખરું છે ભાઇ. ઈશ્વર સર્વવ્યાપી જ છે. પરંતુ સર્વ સ્થળે રખડાવી સર્વત્ર એનાં દર્શન કરાવી એ આ વસ્તુ સિદ્ધ કરવા માગે છે."

"જો એમજ છે, અર્થાત તમે જ્યાં જ્યાં જાઓ ત્યાં એનાં દર્શન પામો છો, તો અહીં—આ જ જગાએ પણ તમને એ દેખાવો જોઇએ."

"જરૂર. આ આપણે ઊભા છીએ તે જગાએ જ ઈશ્વર છે."

"ક્યાં ? ક્યાં ? મને કહી શકશો ? બતાવી શકશો ?"

"અરે આ મારી સામે જ, પ્રત્યક્ષ જ ઊભો છે ને !" રામદાસે ઉત્સાહમાં આવી જઈ કહ્યું.

"પણ ક્યાં ?"

"અરે અહીં જ" કહી રામદાસે સસ્મિત વદને તે ઇન્સ્પેક-ટરની વિશાળ છાતી પર હાથ મૂક્યો. "રામદાસની સામે જે આ ઊંચી મૂર્તિ ઊભી છે એમાં સર્વવ્યાપી એવા ઈશ્વરને રામદાસ અચૂક જોઇ શકે છે." ઘડીક તો ઈન્સ્પેકટર ગૂંચવાયો. પછી એકા એક ખડખડ હસી પડયો. જે ડબામાંથી સાધુઓને ઉતારી પાડયા

હતા તેનું બારણું ખોલી એણે એમને પાછા અંદર બેસાડી દીધા. થોડી વાર એ એમની પાસે બેઠો.

"હવે હું રજા લઈશ. તમારી શોધ સફળ નીવડો." એટલું કહી તે ગાડીમાંથી ઊતરી પડ્યો અને ગાડી આગળ ચાલી. હે પ્રભુ! ધન્ય છે તને!

૧૫

ક્રાઈસ્ટ

ગાડી આ બે સાધુઓને લઈ ઉત્તર તરફ ધસી રહી હતી; હાઉરા આવવાને એક સ્ટેશનની વાર હતી. આ આગળના સ્ટેશને જ બધા ઉતારૂઓની ટિકિટો લેવાનો રેલ્વે કંપનીનો ધારો છે, તે પ્રમાણે એક ઍંગ્લો ઇન્ડિયન ટિકિટ ઇન્સ્પેક્ટર ગાડીમાં ચઢ્યો અને સાધુઓ પાસે ટિકિટ માગી. એમની પાસે ટિકિટ તો હતી જ નહિ. આ જાણ્યું એટલે તરત તેણે સાધુઓને ઊતારી જવાનું કહ્યું, કારણ ટિકિટ વિના મુસાફરી કરવી એ ગુન્હો છે. બંને સાધુઓએ તેનો હુકમ તરત જ પાળ્યો. રામની એવીજ મરજી હશે. આ વખતે રાતના આઠેક વાગ્યા હશે. સ્ટેશન નાનું સરખું હતું. ગાડી ઊપડી ત્યાં સુધી એમને પેલા ઇન્સ્પેક્ટરે સ્ટેશનના દરવાજા પાસે ઊભા રાખ્યા હતા. ગાડી ઊપડી એટલે એ તેમની પાસે આવ્યો અને એમને બેસી જવા ફરમાવ્યું. સાધુઓ તરત બેસી ગયા.

"અરે ત્યાં નહિ," એમ કહી થોડે દૂર પોતાની ડાબી બાજુએ એક જગા બતાવી. સાધુઓ ઊઠ્યા અને એણે બતાવેલી જગાએ જઇ બેઠા.

"અરે ત્યાં નહિ, ત્યાં નહિ, આ બાજુ," એમ કહી પોતાની જમણી તરફ આંગળી કરી; "ચલો જલદી કરો!" ઇન્સ્પેકટર રમુજી લાગતો હતો.

સાધુઓ ફરી ઊઠ્યા અને એણે બતાવેલી નવી જગાએ બેઠા. વળી ત્રીજી વાર પેલા દોસ્તે હુકમ કર્યો અને એમને ત્રીજી જગાએ બેસવાનું કહ્યું એ આજ્ઞાનું પણ પાલન થયું. બંને સાધુઓ એકી સાથે જ ફરતા હતા. છેલ્લી જગાએ તેઓ બેઠા ત્યારે સાધુરામ બગડતા બગડતા બોલ્યા. "મહારાજ! આ તો કોઇ વિચિત્ર માણસ લાગે છે! આપણને પજવવાનો જ એનો ઇરાદો હોય એમ દેખાય છે!"

"ના, ના; એની શુભેચ્છાને તમે સમજતા નથી. આટલો લાંબો વખત ગાડીમાં બેસી રહેવાથી આપણા પગ અકડાઇ ગયા હતા; એ પગમાં લોહી બરોબર ફરી શકે અને ચઢેલી ખાલી ઊતરી જાય એટલા માટેજ આ મિત્ર આપણને આમ ઊઠ બેસ કરાવે છે ને અહીં તહીં ફેરવે છે. એમાં આપણું શ્રેય જ છે. આ પ્રેમ અને કાળજી માટે રામને જ ધન્યવાદ ઘટે છે."

સાધુરામને આ જવાબથી કાંઇ પણ સંતોષ થયો નહિ. "મહારાજ, આ તમારું તત્ત્વજ્ઞાન મારા જેવા ગરીબ સાધુથી તો સમજાતું નથી."

આ વાત ચાલતી હતી ત્યારે પેલો એંગ્લો ઇન્ડિયન અદૃશ્ય થઇ ગયો હતો. થોડી વારે પોતાના હાથમાં એક ફાનસ લઇને તે આવી પહોંચ્યો. બત્તીનો પ્રકાશ પહેલાં સાધુઓના મ્હોં પર અને પછી આખા શરીર પર ચારે બાજુ નાખી બધું તપાસ્યું. આ

તપાસમાં સાધુરામનાં પિત્તળનો લોટો તથા થેલી અને રામદાસનું ચોપડીઓનું બંડલ તથા એલ્યુમિનિયમનું પવાલું એની નજરે પડયાં.

"આ બધું જપ્ત કરવું પડશે." એમ કહીને પેલાએ સાધુરામનો લોટો પોતાની પાસે મૂકયો. આ જોઈ સાધુરામના બિચારાના હોશકોશ ઊડી ગયા.

ત્યાર બાદ સાધુરામની થેલીની ઝડતી લેવાઈ, પણ એમાં કશું લેવા જેવું ન લાગ્યું એટલે પાછી આપી.

"હં ! હવે તમારી પાસે શું છે ?" કહી પેલાએ રામદાસ તરફ નજર ફેરવી.

રામદાસે તો પોતાનું પવાલું તથા બંડલ એની આગળ કયારનાં મૂકી દીધાં હતાં. "આ બંને ચીજો આપની જ છે. તમારે જોઈએ તો તમે લઈ શકો છો; રામદાસે એને પોતાની માની જ નથી. જે માગે તે લઈ જઈ શકે છે."

ચોપડીઓનું બંડલ ખોલતાં પેલા ઇન્સ્પેકટરની નજર સૌથી ઉપરના પુસ્તક–ન્યૂ ટેસ્ટમેન્ટ–પર પડી. બહાર કાઢી એણે પુસ્તકનું નામ વાંચી જોયું. એણે પૂછયું, "તમારે આ પુસ્તક સાથે શો સંબંધ છે ?"

"બધો જ."

"તમે ક્રાઇસ્ટને માનો છો ?"

"કેમ નહિ ? જગતના ઉદ્ધાર માટે આવેલા એ પણ ઈશ્વરના એક અવતાર જ હતા." આ જવાબથી પેલાનું હૃદય પીગળ્યું. રામદાસ પાસે આવી તેણે કહ્યું, "મહારાજ ! તમને પિછાની શકયો નહિ અને તકલીફ આપી તે સારૂ આ દાસને ક્ષમા કરશો."

આટલું કહી તેમને સ્ટેશનની અંદર લઇ ગયો અને ખુરશી આપી બેસાડયા. પેલો પિત્તળનો લોટો પણ સાધુરામને પાછો મળ્યો અને એમના જીવમાં જીવ આવ્યો. ક્રાઇસ્ટનો આ કેવો અનુગ્રહ ! પેલો મિત્ર એમને ચહા માટે આગ્રહ કરવા લાગ્યો પણ રામદાસે તેનો ઉપકાર માની ના પાડી.

" અર્ધા કલાકમાં બીજી ગાડી આવશે, એમાં હું આપને બંનેને બરાબર બેસાડી દઇશ. પછી આપ હાઉરા જઇ શકશો. ફરી એક વાર મારા વર્તન માટે આપની માફી માગું છું. "

અહો રામ ! અહો ક્રાઇસ્ટ ! તું આ દાસને કઇ કઇ રીતે કસી જુએ છે ! તારી લીલા અતકર્ય છે, છતાં તું પ્રેમસ્વરૂપ, દયાસાગર છે. જે તારે શરણે આવ્યો તેનો બેડો પાર જ પડયો છે ! આટલું જ સમજી શકાય છે, અને તે ઓછું નથી. તારી માયા તારા ભકતોથી કદી સમજાતી નથી—સમજવાની જરૂર પણ નથી. તારા પ્રેમવારિમાં નિરંતર નહાવું એ જ પરમ આનંદ છે. બાળક માતાનો પ્રેમ જ માગે છે, અને એ પ્રેમ મળતાં તૃપ્ત થાય છે. એથી વિશેષ માગવાનું પણ શું હોય !

ગાડી વખતસર આવી અને પેલા ખ્રિસ્તી મિત્રે પોતાના વચન પ્રમાણે બંને સાધુઓને એક ખાનામાં સારી જગા જોઇ બેસાડી દીધા. ગાડી રાતના દસે હાઉરા પહોંચી.

૧૬

કલકત્તા અને દક્ષિણેશ્વર

બંને સાધુઓ અંધારામાં ચાલી નીકળ્યા. ગંગા તટે આવી નદી ઉપરથી જતો વિશાળ પુલ ઓળંગી સામે કિનારે ગયા. ટાઢ તો કહે મારું કામ. પુલની ડાબી બાજુએ પગથિયાં હતાં તે ઊતરી એક મંદિર આગળ ગયા. યાત્રાળુઓ સ્નાન કરીને આવે પછી એમની પાસે ક્રિયાઓ કરાવવા માટે આ મંદિરનો કેટલોક ભાગ બ્રાહ્મણો વાપરતા હતા. આ ભાગમાં એક પાટિયું પડેલું હતું તેના પર બે જણ સૂઈ ગયા. બીજે દિવસે સવારે તેઓ કલકત્તે ગયા. પૂછપરછ કરી તેમણે કાળીના મંદિરનો પત્તો મેળવ્યો. ત્યાંથી લગભગ સાત માઈલ દૂર કાળીઘાટ પર મંદિર આવેલું હતું. ચાલતા ચાલતા તેઓ ત્યાં પહોંચ્યા અને માતાનાં દર્શન કર્યાં. મૂર્તિ વિશાળ અને કાળા પથ્થરની ઘડેલી હતી; મૂર્તિના પહોળા મુખમાંથી લાલ જીભ બહાર લટકતી હતી.

" હે વિશ્વ જનની! આ હીન દીન બાળક આજ તારી સમક્ષ આવી તારી કરુણા યાચી રહ્યો છે! સ્ત્રી માત્રને માતા રૂપે એ જુએ, સ્ત્રી માત્રમાં તારા જ દિવ્ય સ્વરૂપનાં એને દર્શન થાય એવું હે મા! તું કર." પ્રાર્થના કરતાં જ રામદાસને અનુભવનો આનંદ થયો; અત્યંત શરણ ભાવનો ઉદય થયો, ને આંખમાંથી આંસુધારા પડવા લાગી. માતાનો એ અનુગ્રહ જ હતો.

આ જગાએ તેઓ બે દિવસ રહ્યા.

અહીંથી પાછા કલકત્તે જઈ તેઓ ગંગા કિનારે પહોંચ્યા. પછી રામના આદેશને અનુસરી રામદાસે દક્ષિણેશ્વર જવાની સૂચના કરી. બંને જણ (એક સજ્જને ટિકિટ કઢાવી આપી તે લઈ) બોટમાં બેસી ગયા અને ગંગાના પ્રવાહમાં આગળ વધતા કલકત્તાથી કેટલેક દૂર કિનારે ઊતર્યા. તે વખતે રાતના દસ વાગ્યા હતા. અંધારી રાત હતી. રસ્તે પૂછપરછ કરી તેમણે દક્ષિણેશ્વરનો પત્તો મેળવ્યો. નિશાની પ્રમાણે તેઓ એક રસ્તેથી બીજે રસ્તે અને ખેતરોમાં થઇ આગળ વધ્યા. કવચિત રસ્તો ચૂકી પણ જતા કારણ કોઇ ભોમિયો સાથે ન હતો. આમ કરી કરી રામ પોતાના આ ભક્તોની કસોટી કરી રહ્યો હતો. આખરે રામની જ કૃપાના બળે, મધરાતના શુમારે તેઓ દક્ષિણેશ્વરના મંદિરે આવી પહોંચ્યા. મંદિરનો મોટો દરવાજો બંધ હતો. તેઓએ સાંકળ ખખડાવી. બારણું ઊઘાડી કોએ પૂછ્યું, "કોણ બારણું ઠોકે છે ?"

"કાળીના દર્શને આવેલા બે વટેમાર્ગુ સાધુઓ."

"દર્શને આવ્યા તો ભલે આવ્યા; સવારે આવજો. અત્યારે દર્શન નહિ થઇ શકે." આટલું બોલી દરવાન દરવાજો વાસવા જતો હતો પણ આ સાધુઓ પેલાની આનાકાની છતાં આસ્તે રહીને અંદર સરકી ગયા. બંને સાધુઓ મંદિરના ચોગાનમાં આગળ વધ્યા. કોઇ પણ હિસાબે માતાનાં દર્શન કરવાનો તેમનો નિર્ધાર હતો. પેલો દરવાન પહેલાં ગુસ્સે થઈ ગયો પણ પાછળથી પીગળ્યો અને બોલ્યો, "દર્શન કરવાં હોય તો કરી લો પણ રાતવાસો મંદિરમાં રહેવાશે નહિ. અહીં કોઇને રહેવા દેવામાં આવતા નથી.

"એ તો જેવી માતાની મરજી. અત્યારે એની કયાં વાત છે ?" રામદાસે જવાબ આપ્યો.

દૂરથી પ્રકાશ દેખાતો હતો તે તરફ તેઓ ગયા; ત્યાં જ કાળીની મૂર્તિ હતી. દક્ષિણેશ્વરના પરમ સંત શ્રી રામકૃષ્ણ પરમહંસની મા - મા કાળીની મૂર્તિનાં દર્શન કરતાં રામદાસની નસોમાં હર્ષના ફુવારા ઊડવા લાગ્યા. મૂર્તિ પાસે હાથ જોડી તેઓ ઊભા હતા તે દરમિયાન અંદરથી એક માણસ નીકળ્યો અને આ બેને જોઈ તેમને કાળીનો પ્રસાદ આપ્યો. રામદાસે એને પૂછયું. " માતાજી આ દાસને મંદિરમાં એક રાતને માટે આશરો આપશે કે ?"

પૂજારી (પેલો મિત્ર પૂજારી જ હતો) જરા ખમચાયો; પછી બોલ્યો, " નિયમ તો એવો છે કે બહારના માણસને મંદિરમાં સૂવા દેતા નથી; તથાપિ મધરાત તો વીતી ગઈ છે અને અંધારામાં તથા ઠંડીમાં તમને બહાર પણ કેમ કાઢી મૂકાય ?"

વાહ પ્રભુ ! તારા ભકતો કાજે નથી નિયમ કે નથી કાયદા ! તારું નામ લેવું એટલે જ સર્વ બંધન, સર્વ નિયમ, સર્વ વિધિ-નિષેધોમાંથી છૂટવું ! પછી પેલા ભલો પૂજારી સાધુઓને ગંગાકિનારે આવેલી એક છાપરા વિનાની ધર્મશાળામાં લઈ ગયો. વળી એણે થોડુંક ખાવાનું પણ આપ્યું અને સાધુઓને તે આરોગવા આગ્રહ કર્યો. રામની દયાનો અંત જ નથી ! આ જગાએ સાધુઓથી ઊંઘાય એવું તો હતું જ નહિ. નદી પરથી આવતો પવન અતિશય ઠંડો હતો એટલું જ નહિ પણ મચ્છરનાં ધાડે ધાડાં એમના પર તૂટી પડયાં હતાં.

" આ તો ગજબ થયો ! તિરૂપતિમાં તો માત્ર ઠંડી જ હતી એટલે કંઈ પણ ઠીક હતું; અહીં તો ઉપરથી મચ્છરો પણ સ્વાદ ચખાડે છે ! " સાધુરામે ફરિયાદ કરી.

" એ તો બરોબર જ છે. રામની કરુણાની શી વાત કરીએ ? રામદાસથી જાગતાં જાગતાં રામભજન સારી રીતે થઈ શકે અને

ઊંઘથી જરા પણ ડખલ ન થાય એ માટે એણે કેવી આબાદ યુક્તિ શોધી કાઢી છે!"

"વાહ વાહ," એટલું બબડી સાધુરામ પોતે ઓઢેલું કપડું આમથી તેમ હલાવવા મંડયા અને મચ્છરોને કાઢવાનો પ્રયત્ન કરવા લાગ્યા. આખી રાત સાધુરામે બહુ અસ્વસ્થ હાલતમાં, બબડતાં બબડતાં અને તરફડતાં કાઢી. રામદાસ આ બધું સહ્ય થાય એ હેતુથી રામમાં જ પોતાનું ચિત્ત પરોવવા મથતો હતો. થોડી વાર પછી દેહભાન ભૂલી એ ઊંડો ઊતરી ગયો, અને આખી રાત એ પ્રમાણે પસાર થઈ.

પ્રાતઃકાળ થતાં સાધુરામ ઊઠયા અને પોતાની સાથે બહાર આવવા રામદાસને ફરમાવ્યું. ક્યાં જવું તે સાધુરામ જાણતા ન હતા; પરંતુ આ જગાએથી વહેલામાં વહેલી તકે ભાગવાનો નિશ્ચય મક્કમ હતો. તેઓ ભાગ્યે અર્ધો ફર્લાંગ ચાલ્યા હશે ત્યાં તો પેલો ગતવાળો માયાળુ પૂજારી જ સામો મળ્યો.

"આટલા વહેલા ક્યાં ચાલ્યા? તમારાથી જમ્યા વિના જવાય કે? મહા પ્રસાદ લઈને જ જજો. ચાલો, ચાલો, મંદિરમાં પાછા ચાલો."

આ નિમંત્રણ ઠેલાય એમ ન હતું. બંને જણ પાછા મંદિરમાં આવ્યા. રામની ગતિ ખરે ગહન જ છે!

"મહારાજ! ગંગામાં નહાવા ધોવાનું પરવારી લો. ભોજનનો સમય થતાં આપને બોલાવીશ."

પૂજારીના કહેવા પ્રમાણે બંને જણ ઘાટનાં પગથિયાં ઊતર્યા અને ગંગામાં નહાયા તથા કપડાં ધોયાં. પછી ઉપર આવી મંદિરના ચોગાનમાં કપડાં તડકે સૂકવ્યાં અને પોતે પણ તડકામાં ટાઢ ઉડાડવા બેઠા. ત્યાં બેઠે બેઠે રામદાસને આવા વિચાર આવ્યાઃ

હે રામ ! જેમનું ઉપદેશામૃત જગતભરમાં ફેલાયું હતું તે શ્રી રામકૃષ્ણ પરમહંસની મહત્તાને લીધે અને તેઓ આ સ્થળે રહેલા તેથી જ તું આ તારા દાસને અહીં લાવ્યો છે. વળી આ દાસને અહીંથી સવારે જતાં જતાં તેં જ અટકાવ્યો છે. બપોરે જમ્યા પછી એને અહીંથી નીકળવાનું છે. પણ એ અહીંથી નીકળે તે પહેલાં હે રામ ! જ્યાં શ્રી પરમહંસદેવ રહ્યા હતા અને પોતાની સાધના કરી હતી, ખુદ તે જગાનું શું એને દર્શન નહિ થાય ?

આ વિચાર આવી ગયે પાંચ મિનિટ પણ ભાગ્યે થઈ હશે ત્યાં એક ઊંચો યુવાન સંન્યાસી આવ્યો. એણે લાંબો અંચળો પહેર્યો હતો અને કપાળે ચંદનની અર્ચા કરી હતી. રામદાસ પાસે આવી તે બેસી ગયા. અન્યોન્ય નમસ્કાર કર્યા પછી તે બોલ્યા, "ભૈયા ! તમે અહીં થઈ ગએલા શ્રી રામકૃષ્ણ પરમહંસનું નામ નથી સાંભળ્યું ?"

"સાંભળ્યું છે મહારાજ ! અને રામ એના દાસને અહીં એટલા માટે જ લાવ્યો છે," રામદાસે જવાબ આપ્યો. ભગવાનની ગૂઢ લીલા રામદાસ વિચારી રહ્યો હતો.

"તો તો ચાલો મારી સાથે. એમના નામ અને વાસથી પવિત્ર થએલી સર્વ જગા તમને બતાવું," કહી તે બંગાળી સાધુ ઊઠયો.

હે રામ ! તારા આ પામર સેવક માટેના તારા અગાધ પ્રેમનું માપ એ શું કાઢે ? એને ઇચ્છા ઊઠતાંની સાથે જ તું એ પૂરી કરે છે ! મંદિરની એક બાજુ આવેલાં મકાનોમાંની એક ખોલીમાં તે બંગાળી સાધુ રામદાસને લઇ ગયો (સાધુરામ સાથે નહોતા આવ્યા). ઓરડે તાળું હતું. પેલા સન્યાસીએ ચાવી મગાવી તાળું ખોલ્યું ને રામદાસને અંદર લઈ ગયો. રામદાસનો હર્ષ માતો ન હતો. ઓરડામાં એક ખાટલો હતો; ખાટલા પર પરમહંસદેવ

વાપરતા હતા તે ગાદલું ને બે તકિયા એમના સ્મૃતિચિહ્ન તરીકે જાળવી રાખેલા પડયા હતા. તેની પાસે જઈ રામદાસે પૂજ્યભાવે મસ્તક નમાવ્યું. એટલામાં તો તે પવિત્ર સ્થળના વાતાવરણની ચમત્કારિક અસર એના પર થવા માંડી. આનંદનાં પૂર ને પૂર ઊભરાવા લાગ્યાં. પછી રામદાસ ત્યાં લાંબો થઇ સૂતો અને આ-ળોટવા મંડયો. કોઈ અનિર્વચનીય આનંદની લહેરો એ અનુભવી રહ્યો હતો. હે રામ! તે પવિત્ર મહાત્માના ચરણસ્પર્શથી આ જમીન ધન્ય થઈ હતી! આ દશામાં અર્ધોએક કલાક વીત્યો હશે; રામદાસ તો હજીએ પડેલો જ હતો, એના મુખ પર અલૌકિક તેજ રમતું હતું.

૧૭

તારકનાથનું મંદિર

આ દૃશ્ય પેલો બંગાળી સાધુ મૂઢ જેવો આંખો વિકાસી જોઇ રહ્યો હતો. આખરે, સચેત થઇ એણે કહ્યું, "ચાલો આપણે જઇએ. હજી તો બીજું ઘણું જોવાનું છે." રામદાસ અનિચ્છાએ ઊઠ્યો અને તે અદ્‌ભુત ઓરડામાંથી બહાર આવ્યો. અહીં પાંચ વૃક્ષોનું એક ઝુંડ હતું તેની આસપાસ ચોતરો ચણી લીધો હતો; તે બતાવી કહે, "આ પંચવટી છે. અહીં શ્રી રામકૃષ્ણ વખતો વખત બેસતા તથા પ્રવચન પણ કરતા." રામદાસ તો આ બધો વખત સ્વપ્નસ્થ જેવો હતો. ત્યાંથી એક નાની ઝૂંપડી આગળ તેઓ

ગયા. આ ઝૂંપડીમાં શ્રી રામકૃષ્ણ માનું ધ્યાન ધરતા તથા સમાધિ કરતા હે રામદાસ ! તારાં ચક્ષુ આજ કૃતાર્થ થઈ ગયાં ! આ પરમાનંદની લહેરમાં હે આંસુ તમે ભલે વહો.

આ પછી પેલા બંગાળી સાધુએ રામદાસને શ્રી-રામકૃષ્ણના શિષ્ય એવા એક યુવાન સંન્યાસી પાસે લઇ જવાની ઇચ્છા બતાવી. રામદાસ સંમત થતાં મંદિરથી માઈલેક દૂર તેને લઇ જવામાં આવ્યો. અહીં એક નાનું મંદિર હતું; મંદિરમાં પરમહંસદેવ અને કાળીની મૂર્તિઓ હતી; બે સંન્યાસીઓ પૂજા કરી રહ્યા હતા. આ સંન્યાસીઓને રામદાસે તથા બંગાળી સાધુએ પ્રણામ કર્યાં. મંદિરમાં એમને બેસાડવામાં આવ્યા. પૂજા પૂરી થતાં એમને પ્રસાદ આપવામાં આવ્યો. પ્રસાદ લઇ તેઓએ રજા માગી. કાળીના મંદિરે પાછા આવ્યા બાદ રામદાસ તથા સાધુરામને પેલો સંન્યાસી બોટના ધક્કા પર લઈ ગયો. અહીંથી તેમને સામે કિનારે આવેલો બેલુર મઠ તેણે બતાવ્યો. એમને માટે બે ટિકિટ પણ તે લઈ આવ્યો અને એમને બોટમાં બેસાડયા. જતાં જતાં તેણે એમને ભલામણ કરી, "ટ્રેનમાં બેસી આગળ વધો ત્યારે તારકેશ્વર—કે તારકનાથ—નું મંદિર જરૂર જોતા જજો; જોવા જેવું છે."

આ અદ્દ્ભુત અને અવિસ્મરણીય યાત્રામાં પગલે પગલે જેની દયાનું દર્શન થતું હતું એવા કરુણાળુ રામનું જ આ સૂચન છે એમ ગણી રામદાસે તે ધ્યાનમાં રાખ્યું.

તેઓ સામે કિનારે પહોંચ્યા. પાએક માઇલ ચાલ્યા એટલે એક નાનું મંદિર આવ્યું અહીં હિંદુસ્તાનના જૂદા જૂદા પ્રાંતમાંથી આવેલા યુવાન સંન્યાસીઓ રહેતા હતા. એમાંનો એક જણ તેમને મંદિરની અંદર લઈ ગયો. અહીં પૂજા માટે પરમહંસદેવનું ચિત્ર મૂકેલું હતું. શ્રી રામકૃષ્ણનાં અવશેષો પર આ મંદિર બાંધ્યું હતું એમ તેમને કહેવામાં આવ્યું. ત્યાર પછી તેઓએ

સ્વામી વિવેકાનંદ અને દેવી શારદામણિની સમાધિઓ જોઈ. અહીં રામદાસને એક રાત રહેવાની ઇચ્છા થઇ પરંતુ તપાસ કરતાં ખબર પડી જે જગાના અભાવે એમ બનવું અશક્ય હતું. એમાં પણ રામનો કંઇ કલ્યાણમય સંકેત જ હશે !

ત્યાંથી નજીકના એક સ્ટેશને તેઓ ગયા અને પશ્ચિમ તરફ જતી એક ટ્રેનમાં બેસી ગયા. સવારે તેઓ તારકેશ્વર સ્ટેશને પહોંચ્યા, અને ત્યાં ઊતરી ગયા. સીધા જ તેઓ તારકનાથના મંદિરે પહોંચ્યા. દંતકથા એવી છે કે શિવનું લિંગ એક તાડનાં મૂળ ભાગી આપોઆપ જમીનમાંથી ફૂટી નીકળ્યું હતું, અને તેથી એનું નામ તારકેશ્વર પડયું હતું. સ્નાન કરી, દર્શન કરી, તેઓ શહેરમાં ગયા. તપાસ કરતાં ખબર મળી કે કોઇ દાની રાજા રોજ ૪૦ થી ૫૦ સાધુઓને મિષ્ટાન્ન જમાડતા હતો. તેઓ પણ આ જગા શોધી કાઢી ધર્મશાળાની બહાર બીજા સાધુઓ ભેગા ઊભા.

અગિયારેક વાગે અન્નક્ષેત્રનો વૃદ્ધ કારભારી આવ્યો અને સાધુઓની મુકરર સંખ્યા ગણી લઈ એક પછી એક અંદર બોલાવ્યા. ધર્મશાળાની લાંબી પડાળીમાં સામસામી બે હારમાં સાધુઓને બેસાડવામાં આવ્યા. પતરાળાં પીરસાયાં, અને જમણ પીરસાવા માંડયું, એટલામાં આધેડ વયનો એક નવો સાધુ અંદર આવ્યો અને ખાવાનું માગવા લાગ્યો. પહેલાં તો મેનેજરે ના પાડી કારણ સંખ્યા પૂરી થઈ ગઇ હતી. પણ બેલાને બિચારાને બે દિવસના કડાકા હતા એમ જાણતાં એને પણ પતરાળું આપવામાં આવ્યું. આ સાધુની જગા બરાબર રામદાસની સામે હતી. જમણમાં મોટા મોટા જાડા રોટલા હતા, શાક હતું ને એક મીઠાઇ હતી. દરેકને શરૂઆતમાં બે રોટલા આપવામાં આવ્યા. રોટલા આટાના બનાવેલા હોઈ રબર જેવા ચવ્વડ હતા. રામદાસને તો દાંત હતા નહિ; ભાગ્યેજ બધા મળીને છ સાત દાંત હશે. બત્રીસે દાંતવાળાને પણ

આ રોટલા ચાવીને ગળે ઉતારતાં સાત પાંચ થતા, તો રામદાસની તો વાત જ કયાં? પણ પેલો નવો આવેલો સાધુ તો બે મિનિટમાં જ પોતાના રોટલા સફાચટ કરી ગયો! ફરી એને ચાર રોટલા મૂકવામાં આવ્યા. તેનો પણ એજ ફેજ થયો. ફરી ચાર મૂકયા તે પણ સફાચટ થઇ ગયા! સાધુ તો હજી બીજા માગી રહ્યો હતો. આ જોઈ પેલા મેનેજરે રસોઇઆને જેટલા રોટલા હોય તેટલા લાવવા ફરમાવ્યું. રોટલા લઈ તે સાધુ પાસે ગયો અને કહ્યું, "તમારે જોઇએ તેટલા બે ફિકર માગજો." એમ કહી એણે એક, બે, ત્રણ, ચાર, એમ કરતાં કરતાં વીસ રોટલા પીરસ્યા.

પણ સાધુ થાકતો નહોતો. બીજા ચાર પીરસી મેનેજર અટકયો. તેણે સાધુને પહેલાં પીરસેલા રોટલા ખાઇ જવાનું કહ્યું, અને ખાધા પછી બીજા મળવાની ખાત્રી આપી. આ ભીમ જેવા ખાઉધરા સાધુ તરફ બધા સાધુઓનું ધ્યાન ખેંચાયું હતું. બધા એને રસપૂર્વક નિહાળી રહ્યા હતા. પણ એ તો શાંત, સ્થિતપ્રજ્ઞ જેવો દૃઢ નિશ્ચયી હતો. રોટલા ઉપર રોટલા ખલાસ થતા ગયા. પોતાની આજુબાજુ શું બને છે એની એને લેશ પરવા ન હતી. ચાર કે પાંચ રોટલા પૂરા થાય એ દરેક વખતે પોતાના મોટા લોટામાંથી પાણી પીતો. જમનારા સાધુઓમાંથી ઘણા તો ચાર રોટલાથી વધારે ખાઇ શકયા નહોતા. વધારેમાં વધારે છ રોટલા કોઈ એક બેએ ખાધા હશે. પરંતુ આ ભીમસેનને તો બધા મળી ૩૪ રોટલા પીરસવામાં આવ્યા હતા; વધારામાં ભાજી અને મીઠાઇ પણ સાથે સાથે પીરસાતાં. તે બધું સફાચટ થઈ ગયું અને તદુપરાંત એક મોટો લોટો પાણી વધારામાં!

આ બનાવ વર્ણવવાનો હેતુ એટલો જ છે કે આવી ભયંકર ક્ષુધાનું અને તેમાં દેખાતી રામની માયાનું વાંચનારને ભાન થાય. એ સાધુની કોઇ રીતે નિંદા કરવાનો હેતુ નથી. આ જગાએ બે દિવસ રહી રામદાસ તથા સાધુરામ ત્યાંથી નીકળ્યા અને ગયા પહોંચ્યા. ત્યાં ગંગાસ્નાન કર્યું અને મંદિરમાં દર્શન કર્યાં. બીજે દિવસે તેઓ ઊપડયા અને ઉત્તરના પ્રખ્યાત તીર્થધામ કાશીએ પહોંચ્યા.

૧૮

કાશી

કાશી એટલે મોટાં મોટાં ભવ્ય મંદિરો અને મસીદોનું શહેર. ઊંચે ચઢીને જોતાં આ ઈમારતોના ઘુંમટો અને મિનારાને લીધે ગંગા કિનારો બહુ રમણીય લાગતો. આખા હિંદુસ્તાનનાં તીર્થોમાં કાશી સૌથી શ્રેષ્ઠ ગણાય છે તે યોગ્ય જ છે. રોજ ને રોજ આખા દેશમાંથી હજારો યાત્રીઓ આવે છે. રામ આ યાત્રા શિયાળામાં કરાવતો હોવાથી ઠંડી ઘણી હતી, અને રામદાસ તથા સાધુરામ પાસે પૂરતાં કપડાં ન હોવાથી તેમ જ નદીના તટ પર ખુલ્લામાં સૂવું પડતું હોવાથી ટાઢ વિશેષ વાતી—સાધુરામને તો ખાસ. એમની અધીરાઇ વધતી હતી. કાશી આવ્યા એટલે એમની ઉત્તરની યાત્રા પૂરી થઈ જણાતી હતી; દક્ષિણમાં પાછા ફરવાને એ હવે ઉત્સુક જણાતા હતા. જેવી રામની મરજી! એની મરજી વિના પાંદડું પણ ક્યાં ફરકે છે? રામના રાહ ખરે અગમ્ય જ છે.

બીજે દિવસે રામદાસ તથા સાધુરામ ટ્રેનમાં બેસી અયોધ્યા ગયા. અયોધ્યા એટલે શ્રીરામચંદ્રની રાજધાની તથા એમનું જન્મ-સ્થાન. તેઓ અયોધ્યા પહોંચ્યા ત્યારે રાત પડી ગઈ હતી. સ્ટેશનની બહાર ત્રીજા વર્ગના ઉતારૂઓ માટે બાંધેલા છાપરા નીચે તેઓ સૂતા. ટાઢ તો કહે મારું કામ. સાધુરામે રસ્તો બતાવ્યો કે એકમેકને બરડો અડકાડીને બે જણે સૂવું જેથી અન્યોન્યને ગરમી લાગે. આ યુક્તિ તો સરસ હતી! રાત એ રીતે પસાર થઇ. બીજે

દિવસે તેઓ શહેરમાં થઈ સરયૂ નદી પર ગયા. ઠંડી બહુ હતી એટલે નહાવાને બદલે હાથપગ ધોઇને ચલાવી લેવાની સલાહ સાધુરામે આપી. તેમ કરી, નદીએથી પાછા ફરી, તેમણે રામચંદ્ર તથા હનુમાનનાં મંદિરો જોયાં. અન્નક્ષેત્રમાંથી ભિક્ષા લઇ ખાધું અને એજ રાતે મુંબઈ જતી ગાડીએ ચઢી બેઠા.

સાધુરામે નિશ્ચય કર્યો હતો કે હવે ઉત્તરમાં આગળ યાત્રા માટે નથી જવું; તેથી જ મુંબઈની ગાડી પકડી હતી. હે રામ! તું કરે તે ખરૂં. ઉત્તર હિંદુસ્તાનનાં ઘણાં તીર્થસ્થળો જોવાનાં હજી બાકી છે છતાં તું આ દાસને મુંબઈ લઈ જાય છે એનું કારણ રામદાસ શું સમજે? તું આ દાસને જે જે સ્થિતિમાં મૂકે છે તેને એ પરમ શ્રેયસ્કર જ માને છે. દક્ષિણમાં અને દક્ષિણમાં ગાડી દોડી રહી હતી. સ્ટેશનો એક પછી એક પસાર થતાં હતાં. સાધુરામ ઊંઘમાં પડ્યા હશે તે દરમિયાન કોઇ ઉતારૂ એમનો પિત્તળનો લોટો લઇ એક નાના સ્ટેશને ઊતરી પડ્યો. ટ્રેન ચાલ્યા પછી સાધુરામને આ વાતની ખબર પડી. એતો ખૂબ અકળાઇ ગયા, બલ્કે એક બાળકની માફક રડી પડયા.

ત્યાર પછી ઝાંસીનું સ્ટેશન આવ્યું. અહીં ટિકિટો ખૂબ ચોકસાઈથી તપાસવામાં આવતી. પરિણામે આમને તથા વગર ટિકિટના બીજા ઘણા સાધુઓને ઉતારી મૂકવામાં આવ્યા. બધાને સ્ટેશનના ઝાંપા આગળ ઊભા કરવામાં આવ્યા. કુલ દસેક સાધુઓ હશે. ઝાંપાની એક બાજુએ બધાને હારબંધ ઊભા કરવામાં આવ્યા. ઉતારૂઓ બહાર નીકળતા હતા અને ટિકિટ કલેકટર ટિકિટો ઉઘરાવતો હતો. એનાથી હાથ છેટે સાધુઓ ઊભા હતા. હારમાં મોખરે એક જટાધારી યુવાન સંન્યાસી હતો. ટિકિટો ઉઘરાવવામાંથી નવરો પડતો કે તરત પેલો ટિકિટ કલેકટર સાધુઓ તરફ ફરતો અને આ સંન્યાસીની જટા પકડી હચમચાવતો. વળી પાછો ટિકિટો

લેવામાં લક્ષ પરોવતો. ઉતારૂઓનો ધસારો જરા ઓછો થતાં ઘડીની નવરાશ મળી કે પેલો તરત સાધુની જટા પકડી હલાવતો અને માથામાં મુક્કા મારતો. આ સાધુની પાસે જ રામદાસ ઊભો હતો. રામદાસે જોયું કે આ બધો વખત પેલા સંન્યાસીના મુખ પર માત્ર મંદ મંદ સ્મિત ફરકી રહ્યું હતું!

૧૯

અહિંસાનો વિજય

ટિકિટ કલેકટરના આવા વર્તનથી પેલો સાધુ જાણે ખુશ થતો હતો! તે શાંત અને સ્વસ્થ ઊભો હતો. આ મઝાનો સ્વાદ ચાખવા રામદાસે પેલા સાધુને પહેલી જગા માટે વિનંતિ કરી, જેથી પોતે પણ ટિકિટ કલાર્કની પ્રસાદી મેળવી શકે, પરંતુ પોતાની આ અદેખાઈ ઉપજાવે એવી જગા છોડવાને તે સાધુ તૈયાર નહોતો.

ઘડીએ ને પલકે પેલો માણસ આ સાધુને પોતાના હાથનો સ્વાદ ચખાડતો. સાધુ તો તૈયાર ઊભેલો જ હતો. આ ખેલ અર્ધોએક કલાક ચાલ્યો હશે. ટિકિટો ઉઘરાવવાનું કામ પણ આખરે પત્યું. હવે પેલો તદ્દન નવરો થયો એટલે સાધુઓ તરફ ફર્યો. હવે બીજા સાધુઓ ની ખબર લેવાનો વારો આવતો હતો. આમાં રામદાસ સૌથી મોખરે હતો. પોતાનો વારો આખરે આવેલો જોઈ રામદાસ

ખુશ થયો. પેલાએ આવીને જોરથી રામદાસનો હાથ પકડયો અને એની સામે જોયું—જાણે એને નિમંત્રતો ન હોય! તરત પેલાએ હાથ છોડી દીધો તથા એક ડગલું પાછળ હઠયો, અને વિચારમાં પડી ગયો. રામ પોતાનું કામ કરતો હતો એમ દેખાતું હતું; કારણ બીજીજ ક્ષણે તેણે બધા સાધુઓને સ્ટેશનની બહાર જવા ફરમાવ્યું. બધા વારા ફરતી બહાર નીકળી ગયા.

હે પ્રભુ! તારો અજેય હસ્ત જેની રક્ષા કરી રહ્યો છે તેને ભય કેવો! એક વાત તો નિઃશંક અને અચૂક સાબીત થઈ કે તારા શત્રુને તું ભય અગર દ્વેષથી મળવાને બદલે પ્રેમથી મળીને એને જીતી લે છે તથા નિઃશસ્ત્ર કરી દે છે. પ્રેમ અથવા અહિંસા સર્વ વૈર અગર હિંસા ઉપર વિજય મેળવે જ છે. આ સંસારનાં સર્વ દુઃખનો નિવારણ ઇલાજ પ્રેમ છે. આ આખોએ પ્રસંગ કદાચ રામે સાધુઓની કસોટી માટે જ ઉપજાવ્યો હશે! કદાચ એ જોવા માગતો હશે કે સાધુઓ આ હુમલાથી સંયમ ગુમાવે છે! રામ જે કરે તે ખરું. હરિ કરે સો હિત!

રાતના લગભગ બે વાગ્યા હતા ને ઘોર અંધારી રાત હતી. આથી સાધુઓએ સ્ટેશનની પાસે જ આશ્રયસ્થાન શોધવા માંડયું. પણ સંજોગો અનુકૂળ નહોતા. સ્ટેશન આખું ઉતારૂઓથી ભરાઈ ગયું હતું. ઉતારૂઓ માટેની જગા બધી ભરાઇ ગઇ હતી અને ઠેર ઠેર ઉતારૂઓ સુતેલા હતા—કોઇ આડા પડયા હતા, કોઈ ટૂંટિયું વાળીને પડયા હતા, કોઇ અડધા બેઠેલા હતા. તસુમાત્ર જગા ખાલી ન હતી, એક થાંભલા પાસે પરાણે બેસી શકાય એટલી જગા હતી ત્યાં રામદાસ તથા સાધુરામ બંને ઊભે પગે બેઠા. અહીં પણ ટાઢ તો પુષ્કળ હતી. બંને સાધુઓ એકમેકની સોડમાં એવા લપાઇને બેઠા હતા કે જાણે એકજ શરીર ન હોય! રામભજન તો ચાલુ જ હતું. રામદાસ ભજનમાં ડૂબી ગયો અને બહા-

રનું ભાન ભૂલી ગયો. થોડી વારે એક તીણા ને દમામદાર અવાજથી તે જાગી ગયો. રેલ્વે પોલિસ બધા ઉતારૂઓને તે જગાએથી બહાર હાંકી કાઢતા હતા.

રામદાસે આંખ ઉઘાડી અને એને પોતાના દેહનું ભાન આવ્યું. એણે જોયું તો ટાઢથી એના પગ એવા ઠુંઠવાઈ ગયા હતા કે ઢીંચણમાંથી અટકી ગયા હતા અને ઢીંચણથી નીચેના ભાગો સૂઝીને થાંભલા જેવા થઇ ગયા હતા. પાંચેક મિનિટ પગે માલીસ કર્યા પછી પગ છૂટયા અને એ ઊઠી શકયો. ત્યાંથી ઊઠી થોડે સુધી ખોડંગતો ખોડંગતો ચાલ્યો. ચાલવાથી પગના સોજા ઊતરી ગયા ને પગ છૂટા થયા. લગભગ આઠ વાગે તેઓ ઝાંસી શહેરમાં પહોંચ્યા. ગામ સ્ટેશનથી ચાર માઈલ દૂર હતું.

૨૦

ઝાંસી

પૂછતા પૂછતા તેઓ એક ધર્મશાળામાં ગયા અને ત્યાં થોડો આરામ લઈ સાધુરામની સલાહ મુજબ બજારમાં ગયા. એક સભ્ય વેપારી પાસેથી લોટ અને દાળ મેળવી સાધુરામે રોટલા ને દાળ બનાવ્યાં. જમી પરવારી સાંઝ સુધી તેઓ ધર્મશાળામાં જ રહ્યા. પછી સાધુરામે સ્ટેશનનો રસ્તો લેવડાવ્યો. અંધારૂં થયા પહેલાં તેઓ સ્ટેશને પહોંચી ગયા. પેલો રાતવાળો ટિકિટ માસ્તર જ ઝાંપે ઊભો હતો. તેની પાસે જઇ રામદાસે પોતાને અને સાધુરામને મુંબઇ જતી

ગાડીમાં જવા દેવાની પ્રાર્થના કરી. શરૂઆતમાં પેલાએ હા કહેલી પરંતુ રાતે બે વાગે ગાડી આવી ત્યારે તેમને પ્લેટફોર્મ પર જવા ન દીધા. એ પણ રામની જ મરજી! ફરી પાછી બીજી રાત પણ એમને એ સ્ટેશન પર ગાળવી પડી! ફરી એક વાર એ કડકડતી ઠંડી, અકડી ગએલાં અંગ અને સૂઝીને થાંભલા જેવા થએલા પગનો અનુભવ થયો.

સવારે તેઓ શહેરમાં પાછા ફર્યાં. સાધુરામનું મન બહુ વ્યગ્ર થઈ ગયું હતું. એની એ ધર્મશાળામાં તેઓ પાછા આવ્યા; ત્યાં તેમને બે તેલુગુ સાધુઓ મળ્યા. એમની સાથે વાતચીત કર્યા પછી સાધુરામે રામદાસને છોડી એ લોકોની સોબત કરવાનો નિર્ણય કર્યો. એ પણ રામનું જ કરવું હતું. એના રસ્તા કદી સમજાયા છે? એને સંપૂર્ણ સમર્પણ થયું એટલે ચિંતા, ભય, દુઃખ મઘળું નાસે છે અને માત્ર વિશ્વાસ જ રહે છે. અડધા કલાક પછી રામદાસ એકલો પડયો; એક રામ જ હવે એનો સંગાથી હતો; એનું ભજન સતત ચાલતું જ હતું. સાધુરામ તથા પેલા બે સાધુઓ ધર્મશાળા છોડી ચાલ્યા ગયા. હવે માત્ર રામદાસ અને રામ બે જ રહ્યા હતા. સાધુરામના જવાથી જરા પણ ખિન્ન થયા વિના તે રામનું ધ્યાન ધરી રહ્યો હતો. ભવિષ્યની સર્વ ચિંતાઓ અને કાળજીમાંથી રામે એને મુક્ત કર્યો હતો. આમ રામભજનમાં વખત વીતતો હતો, ત્યાં કોઈ બે ગૃહસ્થો આવી પહોંચ્યા અને એના હાથમાં એકેક આનો મૂકી બજારમાંથી કાંઈ ખરીદી ખાઈ લેવા જણાવ્યું. તે પ્રમાણે રામદાસ બજારમાં ગયો. અહીં એક હલવાઈની દુકાને ખરીદી કરતો હતો ત્યાં કોઈએ એનું લુગડું ખેંચ્યું. પાછળ જોયું તો એક નોકર જેવો માણસ એને સંબોધી રહ્યો હતો, "મહારાજ! એક શેઠ આપને બોલાવે છે" પોતાનું પડીકું લઈ રામદાસ પેલાની પાછળ ગયો; એક મોદીની દુકાનમાં તેને લઇ જવામાં આવ્યો. દુકાનમાં પેઠો એટલે અંદરના ભાગમાંથી એક માણસે આવી રામદાસને

સાષ્ટાંગ દંડવત કર્યાં. ઊભા થઇ બે હાથ જોડી તે શેઠે રામદાસને પોતાને ત્યાં ભિક્ષા લેવા વિનંતિ કરી. આ શેઠે જ રામદાસને બોલાવવા પેલા માણસને મોકલ્યો હતો. પછી રામદાસને ગાદી તકિયે બેસવાનું કહેવામાં આવ્યું. પણ રામદાસ તો રામનો એક નમ્ર સેવક હતો. એણે જમીન પર બેસવાનું જ પસંદ કર્યું. આથી તેને એક કોથળો પાથરી આપવામાં આવ્યો જેના પર તે બેઠો. ભોજન પછી પેલા ભલા શેઠ રામદાસની પાસે બેઠા અને ક્યાંથી આવો છો, ક્યાં જવું, વગેરે પૂછપરછ કરી. રામદાસે પ્રશ્નોના ઘટતા જવાબ આપ્યા. એનો એક બોલી રામ હોય. "રામની મરજી" એટલામાં જ ઘણા પ્રશ્નોના જવાબ આવી જતા હતા. રામ કેવો ભક્તવત્સલ તથા ભક્ત પ્રતિપાળ છે, અને એને શરણે જનારનું સર્વ દુઃખ નાશ પામી એ હરક સ્થિતિમાં કેવો સુખી રહે છે તે રામદાસે શેઠને સમજાવ્યું.

રામનું નામ જપવું એટલે શુદ્ધ નિર્મળ આનંદનો જ અનુભવ. શેઠ પોતે રામભક્ત હોઇ આ શબ્દોથી બહુ ખુશ થયા. એમને મુખેથી હરઘડી 'સીતા રામ' 'સીતા રામ'નો જપ ચાલતો. થોડી વાત કર્યા પછી શેઠે રામદાસને પોતાને ત્યાં થોડા દિવસ રોકાવાની વિનંતિ કરી. રામદાસનું શરીર બેદરકારીને લીધે સારી પેઠે ઘસાયું હતું; તેની આ દુર્દશા તરફ ધ્યાન દોરી શેઠે જણાવ્યું કે એ શરીરને આરામ તથા સંભાળ મળે એ હેતુથી જ રામજીએ રામદાસને અહીં મોકલ્યા હતા. અહીં એ જણાવવું પડશે કે રામદાસનાં કપડાં પણ ચીંથરેહાલ થઇ ગયાં હતાં. મહાદેવપ્રસાદ (રામજીએ જેને આશ્રયે મૂકેલો તે શેઠ) નવાં કપડાં લાવ્યા ને ભગવાં રંગાવી આપ્યાં તથા બીજી પણ અનેક સગવડો કરી આપી. મહાદેવપ્રસાદ રામદાસના ભક્ત બન્યા. રામદાસના વિરોધ છતાં રોજ રાત્રે તે રામદાસની પાસે બેસી એના પગ ચાંપતા. ખરે, રામદાસને જે પ્રેમ

અને દયામાં તે શેઠ નવરાવતા તે અદ્‌ભુત હતાં. હે રામ! તું જ આ શેઠમાં રહ્યો રહ્યો બધું કરી રહ્યો હતો. શો તારો પ્રેમ! કેવી તારી કાળજી! રડ, રડ, રામદાસ! એકલો એકલો રડ; દુઃખનાં–શોકનાં નહિ પણ હર્ષનાં–આનંદનાં–આંસુ પાડ કારણ ભગવાનની અપાર કરુણા તારા પર વરસી રહી છે.

મહાદેવે રામદાસને એક મહિના લગી રાખ્યો. રાતદિવસ એ રામદાસની તહેનાતમાં જ રહેતા. એમના કહેવાથી રામદાસ પોતાની અલ્પ મતિ અનુસાર ભગવદ્‌ગીતાના કેટલાક શ્લોકના અર્થ એમને સમજાવતો; અને બદલામાં શેઠ તુલસીદાસનું મહા કાવ્ય હિંદીમાં વાંચી સંભળાવતા તથા સમજાવતા. શેઠનાં ઘરનાં બધાં જ માણસ અતિથિ તરફ માયાથી વર્તતાં. દુર્બળકાય રામદાસની છાતીને શરદી ન લાગે માટે મહાદેવપ્રસાદે એક ગરમ બંડી સીવડાવી. હે રામ! તું કેટલો બધો દયાળુ છે! તારા આ દાસ પર તું તારાં પ્રેમ અને કૃપા વરસાવે છે ત્યારે રામદાસની જન્મદાત્રી મા કરતાં પણ વધી જાય છે; એવો અગાધ તારો પ્રેમ છે.

ઝાંસીના નિવાસ દરમિયાન મહાદેવપ્રસાદ રામદાસને બે મુસ્લીમ મહાત્માઓનાં દર્શને લઈ ગયા. પહેલા મીરઝાંજી નામના વૃદ્ધ સંત પાસે તેઓ ગયા. તેમનું વય ૬૦થી વધારે હશે; શરીર સૂકું અને વળી ગયેલું હતું. તેઓ બોલતા નહિ, પરંતુ એમની આંખોમાં મસ્તી ચમકતી. તેઓ બાળક જેવા સરળ, નિર્દોષ અને નિઃસ્પૃહ લાગતા. મહાદેવપ્રસાદ થોડી મિઠાઈ સાથે લાવ્યા હતા તે કોળિયે કોળિયે સંતના મોંમાં મૂકવા લાગ્યા. એમના બધા દાંત પડી ગયા હતા. મિઠાઈ પોચી પોચી હતી. સંત તે ચાવી ચાવીને ખાઈ ગયા. જાણે કોઈને ઓળખતા ન હોય, કશું કરતા ન હોય એવા તટસ્થ ને અલિપ્ત એ જણાતા; એમની આંખો જોતાં છતાં જાણે કશું નહોતી દેખતી. તેમની મુલાકાત એ વખત લીધી. બીજી વાર ગયા ત્યારે એ પોતાની ઝૂંપડી બહાર બેઠા હતા અને આજુબાજુ વીખરાયલા પડેલા કાગળના ફાડી ફાડી ટુકડા કરતા હતા.

૨૧

સુખનું સાધન—ધ્યાન

બીજા મહાત્માનું નામ પીરજી હતું. મીરઝાંજી કરતાં એ નાના લાગતા હતા. તેઓ વાત પણ કરતા અને પ્રશ્નોના જવાબ પણ આપતા. પોતના જેવા સંસારી જીવનમાં સુખ મળી શકે કે કેમ એમ મહાદેવે પૂછ્યું. આ સાંભળી પીરજી જરા તેજીમાં આવ્યા અને દૃઢ નિશ્ચયાત્મક અવાજે બોલ્યા. "ભાઈ, મેં કેટલીએ વાર કહ્યું છે કે એનો ઉપાય એકજ છે. ત્યાગ, ત્યાગ, ને ત્યાગ. આ દરિદ્ર દુઃખી જીવન છોડી એકાંતમાં જતા રહો અને પ્રભુનું ધ્યાન ધરો. જે સુખ તમે શોધો છો તે એક પ્રભુ જ આપી શકશે."

હે રામ આ દાસની શ્રદ્ધા દૃઢાવવા જ તું એને આ બે મહાત્માઓના સત્સંગમાં લાવ્યો છું. પહેલા સંત ઈશ્વરને પ્રાપ્ત થયો હોય એવા બ્રહ્મનિષ્ઠનું દૃષ્ટાંત છે. બીજા એને પામવાનો માર્ગ—સાધના બતાવી રહ્યા છે. શહેરમાં ચાલતી ઘણી ભજન મંડળીઓમાં મહાદેવ રામદાસને લઈ જતા. એક દિવસ રામદાસે મહાદેવને વાત કરી કે હવે અહિંથી જવાનું હોય એવી રામજીની ઈચ્છા જણાય છે. ત્યારે રામદાસથી છૂટા પડવાનું મહાદેવને જરા પણ રુચ્યું નહિ. આ આફતને તત્કાળ પૂરતી ટાળવા એ રામદાસને ઝાંસીથી છ માઈલ દૂર આવેલા ભિરસા ગામે લઇ ગયો. શ્રીરામચંદ્રના મંદિરને લીધે આ ગામ ખ્યાતિ પામેલું છે. રામદાસને અહીં મૂકી તથા મંદિર પાસે રહેતી એક બાઈ સાથે એના ખાવા પીવાની વ્યવસ્થા કરી, મહાદેવ-

પ્રસાદ પાછા ઝાંસી આવ્યા. નીકળતી વખતે તેમણે કહ્યું, " તમારું દિલ ચહાય ત્યાં સુધી– અથવા રામજી રાખે ત્યાં સુધી– આપ અહીં રહેજો. અહીંથી નીકળવાનો આદેશ મળે ત્યારે કૃપા કરી આપ પાછા મારે ત્યાંજ પધારજો. "

પિતા, માતા, ધાતા, એવા રામના સંગમાં એકલો પડતાં રામદાસ ત્યાંની સુંદર નદીના કિનારે થોડું રખડયો. એકેક માઇલ ચાલ્યા પછી કેટલીક સમાધિઓ (અગર દહેરીઓ) આવી; આમાંની ઘણી જર્જરિત થઇ ગઇ હતી એમના ઉપર ઊંચા મિનારા ચણી લેવામાં આવ્યા હતા. પાછળથી ગામમાં તપાસ કરતાં એને માલુમ પડયું કે આ બધી દહેરીઓ સતીઓની ભસ્મ પર ચણવામાં આવી હતી. આ ગામમાં જુના વખતમાં સતીનો રિવાજ પ્રચલિત હતો. હાલમાં તો આ જગા સ્મશાન તરીકે વપરાય છે. અહીં ઝાડી સારા પ્રમાણમા છે અને ગાઢ શાંતિ પથરાયલી રહે છે. આ દહેરીઓમાંથી એકાદમાં થોડા દિવસ એકાંતવાસ કરવાની રામની પ્રેરણા થતાં રામદાસે તે મુજબ નિશ્ચય કર્યો, અને આઠ દિવસ રહ્યો. માત્ર એક વાર તે મંદિરે જતો અને પેલી બાઇએ તૈયાર કરેલી રોટી તથા બાફેલા બટાટાની ભિક્ષા લઇ આવતો.

એ દહેરીમાં આખી રાત રામ ભજન કરતો તે બેસી રહેતો. રાત્રિ સમાધિના અદ્ભુત આનંદમાં પસાર થતી. આખું વાતાવરણ રામમય થઇ ગયું હતું; શ્વાસેશ્વાસે એની પ્રતીતિ થતી હતી. પ્રાતઃકાળે જ્યારે શ્રીરામના મધુર મંત્ર–ૐ શ્રી રામ જય રામ જય જય રામ–એ રટતો ત્યારે નાનાં મોટાં પંખીઓ તથા ખિસકોલીઓ ઓટલા પર ઊતરી આવતાં અને મંત્રમુગ્ધ બની એક ચિત્તે એ પ્રણવનાદ સાંભળી રહેતાં. સંધ્યાકાળે એજ ૐ નો મધુર નાદ ત્યાં ચરવા આવેલાં ગાયો તથા બકરાંઓ પર જાદુ જેવી અસર કરતો. ચરતાં ચરતાં થંભી જઇ તેઓ માથું ઊંચું કરતાં, કાન

ફફડાવતાં, અને સ્તબ્ધ બની સાંભળી રહેતાં. હે રામ! ભૂતમાત્રમાં તું રહેલો છે એની શું આ નિઃશંક સાબીતી નથી? આકાશવિહારી પંખીઓ અને ભૂચર એવાં પશુઓનો સુપ્ત આત્મા રામના મોહક અવાજથી જાગૃત થતો હતો!

૨૨

દીનબંધુ રામ

રામદાસ ગામમાં જતો ત્યારે ગામ લોકો તેને જંગલમાં રાત વાસો ન રહેવાની ચેતવણી આપતા, કારણ રામદાસ રહેતો તે જગા વિશાળ અને ગીચ જંગલનો ભાગ હોવાથી ત્યાં હિંસક પશુઓનો ભય રહેતો. પણ સર્વ શક્તિમાન રામ જેનો રખવાળ છે તેને ભય શો? ને કોનો? મનુષ્યમાં, પ્રાણીમાં, પદાર્થમાં, સર્વમાં રામ જ વસે છે. રામદાસ ત્યાં આઠ દિવસ રહ્યો; પછી ત્યાંથી નીકળવાનો રામનો હુકમ થયો.

અહીં બનેલા એક નાના બનાવનો ઉલ્લેખ બાકી છે. એક દિવસ હાથમાં લોટો લઇ બજારમાંથી રામદાસ પસાર થતો હતો ત્યાં એને તરસ લાગી. ચાલતો ચાલતો એ કેટલાંક નાનાં ઝૂંપડાં આગળ આવી પહોંચ્યો હતો. આમાંના એકના બારણા પાસે જઇ ત્યાં એકલી ડોશીમા પાસે એણે લોટામાં પાણી માગ્યું. ડોશીમાએ ડોકું ધુણાવી ના પાડી; "મહારાજ, મારા હાથનું પાણી તમને ન ખપે."

" પણ કારણ તો કહેશો ને ?"

" એટલું જ કારણ કે અમે હલકાં વર્ણનાં છીએ—હરિજન છીએ. "

" તેમાં શું મા ! તમે તો રામદાસનાં માતાજી છો. દયા કરી તમારા દીકરાને પાણી આપો."

આ જવાબ સાંભળી માજી ખૂબ ખુશ થયાં ને અંદર જઇ રામદાસ માટે આસન લાવ્યાં તથા પોતાની માટલીમાંથી થોડું પાણી એના લોટામાં રેડ્યું. આસન પર બેસી રામદાસે પાણી પીધું ને તૃષા છીપાવી. પછી ડોશીમાએ પોતાના દુઃખની વાત કરી. જગતમાં એ એકલી જ હતી; એનાં દિવસ ને રાત શોક, દુઃખ અને ભયમાં જતાં હતાં. રામદાસે તેને કહ્યું, " મા, રામ બધાનો રખવાળ છે. પછી ભય કે ચિંતા અગર એકલતા શા માટે? રામ સદા આપણી પાસે જ રહે છે. "

" પણ મારા જેવી દરિદ્ર, દુબળ પાપી સ્ત્રીને રામમાં વિશ્વાસ ક્યાંથી હોય ?" કહી તે રડી પડી.

" મા નિરાશ ન થશો. રામની કૃપા વડે તમારામાં શ્રદ્ધા આવશે. રામ તો અનાથના નાથ છે, દીનબન્ધુ છે. "

" તો મને કંઇ માર્ગ બતાવો. "

" દિવસે ને રાત્ર જાગો તેટલી વખત રામનામનો જપ કરો. એટલું કરશો તો જરૂર તમને એકલવાયું નહિ લાગે, દુઃખ પણ નહિ લાગે. જ્યાં રામનામનો જપ થાય છે કે રામનું ચિન્તન થાય છે ત્યાંથી શોક, દુઃખ ને મૃત્યુ પણ ભાગી જાય છે. "

આટલું કહી રામદાસ ઊઠ્યો. માજીએ એને બીજે દિવસે પણ આવવાનું કહ્યું. એના કહેવા પ્રમાણે બીજે દિવસે પણ એ જ સમયે રામદાસ એની ઝૂંપડીએ ગયો.

"કેમ માજી! કેમ લાગે છે?"

માજીના મુખ પર હર્ષની લહેર ફરકતી હતી. રામદાસની સલાહ પ્રમાણે એણે કરી જોયું હતું ને પરિણામે એનાં શોક ને ચિંતા ઘટચાં હતાં. પછી માજીએ હલવાઈને ત્યાંથી આણેલા થોડા લાડુ રામદાસ આગળ ધર્યા.

"માજી રામદાસને આ ન ખપે. એને તો તમે જાતે પકાવેલું કાંઈ હોય તો જોઈએ."

આ સાંભળી ડોશીમા અંદર જઈ પોતે ગંધેલી રોટલી લઈ આવ્યાં. રામદાસે તે મોજથી ખાધી. એક વાર ફરીથી રામદાસ તેની મુલાકાતે ગયો હતો, ત્યારે એના મુખેથી રામનામનો જપ સતત ચાલી રહ્યો હતો.

૨૩

પ્રભુ દંડતો નથી

રામના હુકમ અનુસાર રામદાસ પાછો ઝાંસી આવ્યો. એને આવેલો જોઈ મહાદેવપ્રસાદ હર્ષ પામ્યા, અને પોતાને ઘેર થોડા દિવસ રહેવા આગ્રહ કર્યો. આ દિવસોમાં રામે એને દશબાર મિત્રોના પ્રસંગમાં આણ્યો. આ સહુ એની સાથે આદર અને માયાથી વર્તતા; રામકિંકર તો ખાસ. એક વખત વાતચીતમાં રામદાસને બદરીનાથ તથા કેદારનાથ નામનાં બે પ્રખ્યાત તીર્થધામની ખબર પડી. એને

કહેવામાં આવ્યું કે આ જગાએ જવાનો રસ્તો બહુ કઠિન હતો અને ટાઢ પણ ત્યાં ખૂબ પડતી. હે રામ! આ તારી જ સૂચના હતી. જેમાં ભય અને સંકટ હોય એવી મુસાફરીનો રામદાસને ખાસ શોખ હતો. મહાત્મા રામતીર્થનાં સુંદર લખાણોમાં એણે કેદારનાથ વિષે વાંચ્યું હતું. રામની પ્રેરણા થઇ અને નિશ્ચય થઇ ગયો કે રસ્તો ગમે તેવો વિકટ હોય તો પણ આ બે સ્થળે જવું તો ખરૂં જ. આ નિશ્ચયની પોતાના મિત્રોને વાત કરી. એના દુર્બળ દેહ તરફની મમતાને લીધે મહાદેવને તથા બીજા મિત્રોને આ વાત રુચી નહિ. તેમણે કહ્યું, " એ મુસાફરી બહુ વસમી છે, અને ખાસ કરીને આપના જેવા નબળા અને સૂકલકડી શરીરે તો એ જોખમ ન જ ખેડાય."

" ભાઈ, રામનો આદેશ થઈ ગયો છે અને રામદાસ તો પૂર્ણ શ્રદ્ધાથી એ આજ્ઞા પાળશે. એને સંભાળવાનો ભાર રામને શિર છે. રામની ઇચ્છા હોય ને કદી એનો દેહ પડી જાય તો પણ એને વાંધો નથી. એમ થાય તો તો એ રામનો જ બની જવાનો એટલે આ મુસાફરી તો રામદાસ કરશે જ."

આ સાંભળીને તરતજ રામકિંકરે રામદાસની સાથે બદરીનાથ અને કેદારનાથ આવવાની ઇચ્છા દર્શાવી. આમ કરતાં, એને થોડા દિવસ ઝાંસીમાં વધારે રોકાવાની મિત્રોએ વિનંતિ કરી, ને તે પ્રમાણે તે રોકાયો. આથી મુસાફરી માટે જોઈતી તૈયારી કરવાનો વખત પણ રામકિંકરને મળી રહ્યો.

હિમાલયની યાત્રાનું વર્ણન આપતાં પહેલાં ઝાંસીના વસવાટ દરમિયાન બનેલા કેટલાક બનાવનો ઉલ્લેખ કરવાનું પ્રાપ્ત થાય છે. હિમાલયની યાત્રાનું નક્કી થતાં રામકિંકર રામદાસને પોતાની સાથે લઈ ગયો અને પોતાની પડોશમાં આવેલા રામ મંદિરમાં રાખ્યો.

અહીં તે રામદાસની બધી વાતે કાળજી રાખતો. આ મંદિરમાં પંડાજી કરીને એક પૂજારી હતો. પંડાજી ! તમે પણ કેટલા દયાળુ હતા ! રોજ બપોરે રામદાસ બહાર નીકળી પડતો અને શહેરના લતામાં ભર બપોરે બે ત્રણ કલાક રખડતો. આ ઋતુમાં બપોરે પુષ્કળ તાપ પડતો પરંતુ રામદાસ તે ગણકારતો નહિ. આ જોઈ પંડાજીએ એને ચેતવ્યો (રામદાસ એક બાળક હોય તેમ જ પંડાજી એની સાથે વર્તતા), " જુઓ મહારાજ ! તમે રોજ બપોરે તડકામાં રખડો છો ને માથે ટાલકું છે છતાં કશું પહેરતા નથી. આમ ચાલુ રહેશે તો પછી હું બહાર જતાં તમને ઓરડામાં પૂરીને પછી જઈશ."

રામદાસ પ્રત્યેના ઊંડા પ્રેમને સુચવતી આવી ધમકી આપી પંડાજી રામદાસને બપોરે સૂઈ જવાનો આગ્રહ કરતા અને એ ઊંઘી જાય પછી જ પોતે જમવા જતા. હે રામ ! તારી દયાની શી વાત કરીએ ?

એક બપોરે ફરતાં ફરતાં રામદાસને તરસ લાગી. રસ્તા પર એક કૂવો તેણે જોયો ને ત્યાં ગયો. કેટલાંક બૈરાં પાણી ભરી રહ્યાં હતાં. રામદાસે પાસે જઈ એક સ્ત્રી પાસે પાણી માંગ્યું. સ્ત્રીએ જવાબ આપ્યો " મહારાજ ! હું મુસ્લીમ છું ને આપ તો હિંદુ સાધુ છો. મારા હાથનું પાણી આપનાથી ન પીવાય."

રામદાસે કહ્યું. " અરે મા ! રામદાસ એવો ભેદ નથી જાણતો. એની આંખો તો તમારામાં તે જ વિશ્વજનની સીતા જુએ છે જે સર્વ સ્ત્રીઓમાં વસેલી છે. માટે જરા પણ સંકોચ વિના તમારા આ બાળકની તૃષા પાણી પાઈ છીપાવો."

આ જવાબ સાંભળી તે સ્ત્રી આશ્ચર્ય પામી. પોતાનું વાસણ સાફ માંજી એણે તાજું પાણી કાઢયું અને રામદાસને ખોબે ખોબે પાયું. પાણી પી તે આગળ ચાલ્યો.

રામ મંદિરમાં તે લગભગ દસેક દિવસ રહ્યો. ત્યાં રોજ સંધ્યાકાળે ગામમાંથી કેટલાક ભાઈઓ આવતા અને ઈશ્વર સંબંધી વિવિધ પ્રશ્નો પૂછતા. રામદાસ જેમ રામ બોલાવે તેમ એ પ્રશ્નોના જવાબ આપી તેમને સંતોષવા પ્રયત્ન કરતો. એક પ્રસંગે એક ભાઈ અમુક ધાર્મિક મુદ્દા પર એની સાથે ખાસ ચર્ચા કરવા આવ્યા. એમનો પહેલો પ્રશ્ન હતો, "તમે કોણ છો?"

"રામદાસ.',

"નહિ, નહિ. તમે જૂઠું બોલો છો. તમે રામ પોતે જ છો. તમે સમજ્યા વિના જ હું રામદાસ છું એમ કહો છો. ઈશ્વર સર્વ સ્થળે અને સર્વમાં છે. તમારામાં પણ એ છે, માટે તમે જ ઈશ્વર છો. કબૂલ કરો કે તમે પોતે જ રામ છો"

"ભાઈ, ઈશ્વર સર્વત્ર છે એ સત્ય જ છે; પણ એટલું યાદ રાખો કે એ એક જ છે. જો એ તમારામાં છે અને તમારી આસપાસ સર્વત્ર પણ એ જ છે; તો તમે કહેશો કે આ પ્રશ્ન આપ કોને પૂછી રહ્યા છો?"

થોડી વાર વિચાર કરી તે સજ્જને કહ્યું, "વારુ, એમ કહો કે હું મને પોતાને જ આ પ્રશ્ન પૂછી રહ્યો છું."

પોતાનો કક્કો ખરો કરવાના મિથ્યા પ્રયાસમાં જ આ જવાબ અપાયો હતો. જો એમ કહે કે પ્રશ્ન રામદાસને પૂછવામાં આવ્યો હતો તો તો પૂછનાર અને જવાબ આપનાર—હું અને તમે એવું સ્પષ્ટ દ્વૈત જ ઊભું થાય.

રામદાસે કહ્યું, "વસ્તુતઃ રામ બોલતો જ નથી. જે ઘડીએ એ બોલે છે તે ઘડીએ એ રામ નથી હોતો. જ્યાં વાચા છે ત્યાં બોલનાર અને સાંભળનારનું દ્વૈત છે જ. રામ એક અને અભિન્ન

છે. અહં બ્રહ્માસ્મિ એવું કહેવું એ અજ્ઞાનની નિશાની છે કારણ મનુષ્યનો આ અહંકાર જ ઇશ્વર સાથેના એના અભેદાનુભવમાં આડો આવે છે."

પેવા ભાઇએ પોતાની દલીલો થોડો વધુ વખત ચાલુ રાખી અને પછી વાત પડતી મૂકી. રામદાસને થોડો વખત એકાંતમાં રહેવાની ઇચ્છા હતી તેથી મિત્રો એને શહેર બહાર આવેલા એક બાગમાં લઇ ગયા. અહીં એક નાની છાપરી હતી તેમાં એ થોડા દિવસ રહ્યો. અહીં પણ રોજ સાંઝે મિત્રો એના સમાગમ માટે આવતા.

અહીં વળી એક શિક્ષક વાદવિવાદ માટે આવ્યા. મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્થાપિત આર્યસમાજના એ સભ્ય હતા. આ ભાઇ એક પ્રાસંગિક વાતમાં ગરમ થઈ ગયા ને ઉશ્કેરાઈ ગયા. સ્વામી શ્રદ્ધાનંદજીએ શરૂ કરેલી શુદ્ધિની ચળવળ એ વાતનો વિષય હતો. રામદાસ આ ચળવળની સાવ વિરૂદ્ધ હતો. જૂદા જૂદા ધર્મોમાં ભેદ પાડવાના કોઇ પણ વ્યક્તિના હરેક પ્રયત્નનો એ વિરોધી હતો. સર્વ ધર્મો એક જ સ્થાને પહોંચવાના જુદા જુદા રસ્તા છે એ સાવ સહેલું અને સુંદર સત્ય છે. ચર્ચાને અંતે પેલા ભાઈ સ્વાભાવિક શિષ્ટાચારની મર્યાદા પણ ઓળંગી ગયા. રામની કૃપાથી રામદાસ શાંત અને સ્વસ્થ હતો. છૂટા પડતી વખતે રામદાસે પેલા ભાઇને ખાત્રી આપી કે એમના શબ્દોથી રામદાસનો એમના પ્રત્યેનો પ્રેમ જરા પણ ઘટ્યો ન હતો. બીજે દિવસે લગભગ એ જ સમયે આ ગૃહસ્થ દોડતા આવી પહોંચ્યા. રામદાસને પગે પડી તે બોલ્યા, "મહારાજ, આપને મેં કડવા શબ્દો કહ્યા તેની શિક્ષા ભગવાને મને કરી દીધી! આ જુઓ મારો ઘાંટો બેસી ગયો છે ને મારાથી બરોબર બોલાતું પણ નથી."

"ભાઈ! આ સાંભળીને રામદાસને ખરેખર દુઃખ થાય છે; પરંતુ યાદ રાખજો કે ભગવાન કોઈને દંડતો નથી. ભગવાન પ્રેમ

સ્વરૂપ છે, દયાનિધાન છે. આપણા સંશયો જ આપણા શત્રુઓ છે, તેમનું જ આ સર્વ તોફાન છે. જેને આપણે પાપ કહીએ છીએ તે આપણી જ કૃતિ છે."

ઝટ દઈને રામદાસનો હાથ પકડી પેલા ભાઈએ પોતાને ગળે લગાડ્યો તથા હથેળી ગળા પર ફેરવી. આશ્ચર્યની વાત છે કે એનું ગળું ખૂલી ગયું અને એ સ્પષ્ટ બોલી શક્યો તથા થોડી વારમાં એનો અવાજ તદ્દન ખૂલી ગયો!

"વાહ મહારાજ! કેવી ચમત્કારિક આપની શક્તિ છે!"

"ભાઈ ભૂલો છો. રામદાસ તો રામનો એક દીન, હીન સેવક છે. એનામાં કશી જ શક્તિ નથી. તમારી શ્રદ્ધાથી જ તમે સારા થયા છો, બીજા કશાથી નહિ."

ત્યાર પછી એ શિક્ષક રામદાસ પર બહુ પ્રીતિ રાખવા લાગ્યા. હે રામ! તું એવા અજબ ખેલ ખેલે છે કે કેટલીક વાર તો રામદાસ સ્તબ્ધ થઈ જાય છે.

ત્યાં જે મિત્રો નિયમિત આવતા તે બધા સાધુપ્રેમી, સેવાભાવી, તથા ઉદાર સ્વભાવના હતા. મહાદેવપ્રસાદ સાથે રામદાસ રહેતો ત્યારે મહાદેવપ્રસાદમાં એણે આદર્શ દાનવૃત્તિ અને નમ્રતા જોયાં હતાં. કોઈ પણ યાચકને પોતાને બારણેથી એ ભૂખ્યો જવા દેતા નહિ. પોતાને ભૂખ્યા રહેવું પડે તો ભૂખ્યા રહીને પણ એ અતિથિને જમાડતા—એવું કોમળ અને પ્રેમાળ એમનું હૃદય હતું. એમની નમ્રતા પણ આદર્શભૂત હતી. સાચી દાનવૃત્તિ અને સાચી નમ્રતા વ્યવહારમાં કેવી હોય તે બતાવવા જ રામે રામદાસને આ ભાઈના પ્રસંગમાં મૂક્યો હતો. હિમાલયની યાત્રામાં સાથે આવનાર રામકિંકર પોતાના પગારના દસ ટકા ધર્માર્થમાં ખરચતો. આ નિયમ સર્વ ગૃહસ્થોને માટે અનુકરણીય છે. દાનધર્મની વાત કરતાં

કહેવું જોઈએ કે ઉત્તર હિંદુસ્તાનમાં ગૃહસ્થો બહુ ઉત્તમ અતિથિ-સત્કાર જાણે છે. કોઈ પણ ગૃહસ્થને એક ભૂખ્યા અતિથિને જમાડયા વિના જમવાનો અધિકાર નથી એવો જે પુરાણો આદર્શ છે તે આ લોકો અનુસરે છે. આ ઉત્તમ આદર્શને વ્યવહારમાં મૂકી શકાય એટલા માટે જ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાનો છે. કેટલાક ગૃહસ્થો તો એવા ધર્મપરાયણ હોય છે કે કોઈ અભ્યાગત આંગણે આવી ચઢે તેની રાહ જોવાને બદલે સાધુસંતને ખોળતા મંદિરો તથા ધર્મશાળાઓમાં ફરી વળે છે. રામદાસનો દક્ષિણ ભારતનો પ્રવાસ પણ આવા દાનધર્મનાં પ્રશસ્ય ઉદાહરણોથી ભરપૂર હતો. કહો કે આખા ભારતવર્ષની પ્રજા અતિથિપ્રેમી ને દાનશૂર છે.

૨૪

હિમાલયનો પ્રવાસ

હિમાલયમાં મુસાફરી કરવા માટે જોઈતી સઘળી સામગ્રી ઝાંસીના ભાઈઓએ પૂરી પાડી; નીકળવાનો દિવસ આવી પહોંચ્યો. રામદાસ અને રામકિંકરને વળાવવા ઘણા જણ તો સ્ટેશને પણ આવ્યા. પરસ્પર મળી ભેટી છૂટા પડયા. ગાડી હરદ્વાર પહોંચી. શબ્દના અર્થ પ્રમાણે હરદ્વાર એ ખરેખર હિમાલયમાં આવેલાં સર્વ તીર્થસ્થાનોનું પ્રવેશદ્વાર છે. અહીં બે દિવસ રોકાયા. ગંગાતટે ભેગાં થયેલાં સાધુ, સંન્યાસીઓ, સંન્યાસિનીઓ, ભક્તો, બ્રાહ્મણો, સ્ત્રીઓને સ્નાન ને સંધ્યાપૂજા કરતાં જોવાં એ એક લહાવો છે.

હે રામ ! આ પવિત્ર સ્થળે તું સાચેસાચ વસી રહેલો છે ! હવે હિમાલયની યાત્રા શરૂ થઈ. રામદાસ અને રામકિંકર પર્વત પર ચઢતા ચઢતા હૃષીકેશ પહોંચ્યા. આ જગા બહુ રમણીય છે. ગંગા-કિનારાનું દૃશ્ય પણ અતિ મનોહર છે. દૂર દૂર હિમાલયનાં ગગન-ચુમ્બી ધૂમાચ્છાદિત શિખરો વાદળમાં મળી જતા દેખાય છે. પાસે મોટા મોટા ખડકો અને ગીચ ઝાડાં જંગલ જણાય છે; એ ઝાડીમાં જાતજાતની વનસ્પતિ તથા ફૂલોના વિવિધ રંગો તરી રહ્યા છે. છેક પાસે ગંગાનાં સ્વચ્છ સ્ફટિક સરખાં નિર્મળ પાણી વહી રહ્યાં છે; યુગના પ્રવાહમાં ઘસાઈ ઘસાઈ લીસા થએલા મોટા મોટા ખડક પાણીમાં પડેલા છે. હે રામ ! તારી લીલા અદ્ભુત છે !

નદીની એક બાજુએ સંન્યાસીઓની ઘાસથી છાએલી કુટીઓ આવેલી છે. આવી એક 'કુટિયા' માં રામકિંકર રામદાસને લઈ ગયો. ઝૂંપડીમાં જૂજ અને તદ્દન સાદો સામાન પડેલો હતો. ઝૂંપ-ડીના બે થાંભલા સાથે બીજા બે વાંસ જોડી એક પાટ જેવું બના-વવામાં આવ્યું હતું. ઉપર મૃગચર્મ પાથરેલું હતું તથા એક કાંબળ વાળેલી પડી હતી. મૃગચર્મ પર એક વયોવૃદ્ધ સંન્યાસી બેઠેલા હતા. એક ખીંટી પર એમનું કમંડલ લટકતું હતું. લુગડાનો એક ટૂકડો તથા બહાર સૂકવેલા વધારાના એક કૌપીન ઉપરાંત એમની પાસે બીજું વસ્ત્ર ન હતું. જમીન પર વાંસની સાદડી પાથરેલી હતી અને એક ખૂણામાં બે પથરા પડેલા હતા. બદામ કે અખરોટ જેવાં કઠણ ફળ ભાગવા માટે કે કાંઈ લસોટવા માટે આ પથ્થરો વપરાતા. સંન્યાસીના મુખ પર સૌમ્ય શાંતિ છવાયલી હતી. રામદાસ તથા રામકિંકરને તેમણે સસ્મિત આવકાર્યા. બંને જણા તેમને પગે પડી સાદડી પર બેસી ગયા. અતિથિઓને થોડા એલચી આપી સંન્યાસી તેમની સાથે સરળ ભાવે વાતે વળગ્યા. ગંગાને સામે કિનારે આવેલા ગાઢ નિર્જન જંગલમાં વર્ષો સુધી તપશ્ચર્યા કરી રહેલા ઘણા મહાત્માઓ હોવાનું તેમણે જણાવ્યું.

પોતાની સાધનાને માટે એકાંત સેવવાનું એમણે રામદાસને સૂચવ્યું. એમને મતે મનોનિગ્રહ માટે એકાંત જેવું બીજું સાધન નથી. એમની સલાહ સરસ હતી. એ બહુ ભલા હતા તેમ જ મિલનસાર અને દયાળુ હતા. હે રામ! રામદાસને એ કુટીમાં તું જ તારા તેજોમય સ્વરૂપે મળ્યો હતો!

આ સાધુ પક્ષીઓના બહુ શોખીન હતા. પોતાના ખોરાકમાંથી તેઓ હંમેશ આ પંખીઓને ખવડાવતા. પક્ષીઓ પણ સાધુના પ્રસાદ માટે રાહ જોઈ ઝાડ પર બેસી રહેતાં. તેમની સાથે સ્વામીજી પ્રેમપૂર્વક ગોષ્ટિ કરતા.

કુટીમાંથી બહાર આવી બંને જણ ગંગા કિનારે રખડ્યા. અહીં તેમણે ભગવાંધારી અનેક સાધુઓનાં દર્શન કર્યાં. બધાનાં મુખ પર દિવ્ય તેજ રમતું હતું. તેઓ નદીમાં સ્નાન કરવા માટે આવ્યા હતા. હૃષીકેશમાં રહ્યા તે દરમિયાન એક વડના ઝાડ નીચે આવેલા માટીના ચોતરા પર રામદાસે પોતાનો મુકામ રાખ્યો હતો. આ ઝાડ કિનારા પર હતું ને પાસે એક મહાત્માની ઝૂંપડી હતી આ મહાત્મા પણ રામદાસ માટે બહુ પ્રેમ રાખતા. એમને ગાયો તથા માંકડાંને ખવડાવવાનો શોખ હતો. એમની ઝૂંપડીની આજુબાજુ આ પ્રાણીઓ વીંટળાઇ વળતાં. બજારમાં જઈ ભીખ માગી તેઓ થોડું ઘાસ તથા દાણોદૂણી લાવતા. માંકડાં સાથે તેઓ એક બાળકની માફક નાચતા તથા દોડાદોડ કરતા, અને લહેરથી ડચકારા બોલાવતા. એમનું મુખ તેજસ્વી હતું ને એમની ભૂરી આંખમાં પ્રેમાર્દ્ર કરુણા ચમકતી હતી. એ જ ઝાડ નીચે બીજો એક અંધ સાધુ હતો, એનો કંઠ મધુર હતો અને હંમેશ રામકીર્તન કરવામાં જ તે પોતાના કંઠનો સદુપયોગ કરતો.

અહીં બહુ સુખ અને શાંતિમાં ત્રણ દિવસ ગયા. રામકિંકરે જ રામદાસના ખાવાનો ભાર ઉપાડી લીધો હતો. હૃષીકેશમાં એ

મોટાં અન્નક્ષેત્રો છે જ્યાંથી સાધુઓને રોજ સીધું આપવામાં આવે છે. આમાંનું એક તો પ્રખ્યાત કાળી કંબલીવાળા મહાત્માનું છે. હાલ તેઓ હયાત નથી. હિમાલયમાં અને સાધુઓમાં કાળી કંબલીવાળાનું નામ ચિરસ્મરણીય થઈ ગયું છે. મોટા મોટા શેઠીઆઓ પાસેથી પૈસા ભેગા કરી એમણે જ દર દસ કે પંદર માઈલે ધર્મશાળાઓ બંધાવી છે અને સાધુઓને માટે સદાવ્રત ચાલુ કરાવ્યાં છે. આ સદાવ્રતમાંથી સીધું મેળવવા માટે હૃષીકેશમાંથી ચિઠ્ઠી ફડાવવી પડે છે. રામદાસ માટે આવી ચિઠ્ઠી રામકિંકર ફડાવી લાવ્યો હતો.

૨૫

હિમાલયનો પ્રવાસ (ચાલુ)

ચોથે દિવસે તેમણે પર્વત પર ચઢવાનું શરૂ કર્યું. જેમ જેમ ઊંચે ચઢતા ગયા તેમ તેમ આજુબાજુનાં દૃશ્યનું સૌંદર્ય વધતું ગયું. જમણી બાજુએ ગંગામૈયા પૂર્ણ વેગથી વહી રહી હતી અને ડાબી બાજુએ ગીચ ઝાડી તથા લીલોતરીથી છવાયલા ઊંચા ડુંગરા શોભી રહ્યા હતા. જાણે ત્યાંનું વાતાવરણ પણ રામમય બની રહ્યું હતું ! દૂર દૂર દેખાતી પર્વતમાળ અને ખીણો, એમના પર પડતાં સૂર્યકિરણથી રૂપે રસ્યાં હોય એવાં હિમાચ્છાદિત શિખરો, રંગરંગિત અને ચિત્રવિચિત્ર રૂપો ધારતાં વાદળોથી શોભતું આકાશ—આ સર્વ બહુ ભવ્ય લાગતું હતું. એ શોભા શી રીતે

વર્ણવાય! હે રામ! પોતાની નજરે પડતું આ અદ્‌ભુત સૌંદર્ય વર્ણવવાને રામદાસ પાસે શબ્દો નથી.

જેમ આગળને આગળ ચાલ્યા તેમ ભગવાનની આ અનંત અદ્‌ભુત રચના એની દૃષ્ટિએ પડતી ગઈ અને રામદાસ એ સૌંદર્યના નશામાં ડૂબી જ ગયો. હે રામ! તારી કૃપાનો અંત જ નથી. રોજ ને રોજ રામદાસ તથા રામકિંકર ઝડપથી અંતર કાપતા ગયા. થાક, અગવડ કે કોઈ પ્રકારની પીડા રામદાસને જણાતાં નહોતાં. એ તો તાજો જ લાગતો હતો. એ બધી તેની જ કૃપા હતી જેનું નામ એના ઓઠ પર રમતું હતું. એક પછી એક પર્વત તેઓ ઓળંગતા ગયા અને જેમ જેમ આગળ વધતા ગયા તેમ તેમ નવાં જ દૃશ્યો અને નવું જ સૌંદર્ય તેમની નજરે પડતું ગયું. જાણે કોઈ જાદુઈ દુનિયામાં વિહરતા હોય તેવી જ આ મુસાફરી હતી. રામના અનંત અને અપાર ઐશ્વર્યને પ્રગટ કરતું આ જાણે એક સ્વપ્ન જ હતું. રામની અપ્રતિમ શક્તિનું ભાન અહીં થાય છે. કોઈ મહાન જાદુગર નવા નવા ખેલ દેખાડે એમ અહીં ક્ષણે ક્ષણે નવીન રૂપ ધારતી રમણીયતા નજરે પડે છે, ને આ અદ્‌ભુત બાજીગરની મોહિની મુસાફરને દિઙ્‌મૂઢ બનાવી દે છે. યાત્રાળુ સ્થળ કાળનું ભાન ભૂલી જાય છે અને પ્રચંડ ઝંઝાવાતમાં ધૂમાડાની રેખા લુપ્ત થઈ જાય છે તેમ તે આસપાસના વાતાવરણમાં ડૂબી જાય છે, ભળી જાય છે.

રામદાસ વેગથી ચાલતો હતો—બલ્કે દોડતો હતો અને કઢણ ચઢાણ ચઢી જતો હતો. લગભગ બધોજ વખત એ દેહભાન ભૂલી જતો. એનું સમસ્ત મન માત્ર રામમાં જ રોકાયલું રહેતું; ત્યાં એને રામ સિવાય કશું દેખાતું જ નહોતું.

બંને યાત્રીઓ ઊંચે ને ઊંચે ચઢતા હતા. રામકિંકરે ઉપાડેલું પોટલું ભારે હોવાથી તેનાથી રામદાસ સાથે ચલાતું ન હતું; તેણે

રામદાસને ઉતાવળ કરવા માટે ટોકયો પરંતુ રામદાસ પરવશ હતો; રામની જ સત્તા એના પર ચાલતી હતી. એક વાર તો તેઓ વિખૂટા પડી ગયા અને બંને જણને ચિંતા થઈ. પરંતુ રૂદ્રપ્રયાગમાં રામે એમને પાછા ભેગા કર્યા. માર્ચથી જૂન સુધીમાં હજારો યાત્રાળુઓ પ્રતિવર્ષ આ સ્થળે આવે છે ને હારની હાર પર્વત પર ચઢતી તથા ઊતરતી હોય છે. જે જે યાત્રીઓ અગર સાધુઓ રામદાસને રસ્તામાં મળ્યા તે બધા ભાવિક હતા. મુંબઈ જેવાં શહેરોમાંથી આવેલા કેટલાક વેપારીઓ રામદાસ પર ખાસ કૃપા રાખતા. રામની કૃપા હોય તો સર્વની કૃપા વરસે છે, કારણ રામ જ સર્વમાં છે.

આ પર્વત પર ભૂતિયા લોકો રહે છે. તેઓ સુદૃઢ તથા ઊજળા હોય છે. તેઓ મુખ્યત્વે ખેતી કરે છે તથા બકરાં ઉછેરે છે. તેમનું જીવન સ્વાભાવિક રીતે જ સાદું હોય છે. તેઓમાં શ્રદ્ધા પણ ખૂબ હોય છે. રામનું નામ એમની જીભે ચઢેલું હોય છે. તેઓ સાભિમાન કહે છે કે હિમાલયમાં વસતા ઋષિમુનિઓના તેઓ વંશજો છે. તેમનો પોશાક ઊનનો હોય છે. પુરુષો લાંબો કોટ તથા સુરવાળ અને ટોપી પહેરે છે; અને સ્ત્રીઓ સાડીની જગાએ ધાબળા ઓઢે છે. આ ધાબળાઓ તેમણે પાળેલાં ઘેટાંના ઊનમાંથી બનાવેલા હોય છે. આમ, જીવનની બે મુખ્ય જરૂરિયાતો—અન્ન અને વસ્ત્ર—તેઓ જાતે જ પેદા કરે છે. આ લોકો રસ્તે ચાલતાં પણ ઊન કાંતતા હોય છે. આ ઊનને વણવા માટે તેઓ ખાડાસાળ રાખે છે. 'સુધારા' નાં પગલાં હજી અહીં થયાં નથી, અને તેથી કરીને આ લોકોનું જીવન સાદું, સરળ, શ્રદ્ધાળુ અને પ્રામાણિક રહ્યું છે.

આ આખે રસ્તે ઠેર ઠેર—ઝાડ નીચે, કે ગુફામાં કે ઝૂંપડીઓમાં—તપસ્વી સાધુઓ જોવામાં આવે છે. એમના સત્સંગમાં થોડો કાળ પણ ગાળવો એ એક ઉત્તમ લાભ છે. મનને માટે

સત્સંગ રૂપી સ્નાન બહુ આવશ્યક છે. એવા સાધુઓના ધ્યાનથી જે પવિત્ર વાતાવરણ પેદા થાય છે તેમાં નહાવાથી મનના મળ ધોવાઇ મન શુદ્ધ તથા વિક્ષેપરહિત થાય છે. નારદ તથા અગસ્ત્ય જેવા મહાન ઋષિઓના આશ્રમો અહં આવેલા છે. વળી પાંડુકેશર નામનું સ્થાન પણ અહીં આવેલું છે. કહેવાય છે કે કૈલાસ જતાં જતાં પાંડવો અહીં થોડો વખત રહેલા. આ જગાએ એક મંદિર છે તથા કેટલાક તામ્રલેખો પણ છે.

રામકિંકર તથા રામદાસે સૌથી પ્રથમ ત્રિજુગનારાયણનું સ્થાન જોયું. અહીં પહોંચવાનો રસ્તો એકદમ સીધો તથા ચઢાણ-વાળો હતો. ઉપર નાનું સરખું મેદાન હતું ને ચારે બાજુએ બરફથી ઢંકાયલા પર્વતો હતા. ટાઢ તો અત્યંત હતી. તેઓ એક દિવસ રોકાયા.

અહીંથી થોડું ઊતર્યાં પછી બીજા પર્વત પર ચઢવાનું આવ્યું. આ રસ્તો સાંકડો, ખાડા ટેકરાવાળો તથા વિકટ હતો. વચ્ચે વચ્ચે ડામાડોળ પૂલો પરથી પસાર થવાનું આવતું. ત્રણ જગાએ તો બરફ પર જ કેટલુંક અંતર ચાલવું પડયું. આવાં જોખમોને લઇને દરવરસે કેટલાય યાત્રાળુઓ પર્વત પરથી લપસી પડી છેક નીચે વહેતા ગંગાના પ્રવાહમાં તણાઇ ગયાનું સાંભળવામાં આવે છે. રામદાસે જોએલા એક એવા ભયનું તથા તેમાંથી થએલા સહજ બચાવનું બ્યાન આ પ્રમાણે છે.

એક ચઢાણની અધવચ રામકિંકરની રાહ જોતો રામદાસ બેઠો હતો. આ જગા પર્વતની ધાર પાસે હતી; નીચે નદી વહેતી હતી. રસ્તો બહુ સાંકડો હતો. સામેથી સોળેક વરસની એક રમતિ-યાળ કન્યા વેગમાં ઊતરતી હતી. ઊતરાણ બહુ ઢાળવાળું હતું. છોકરી ઝડપથી ઊતરતી હતી અને ઢોળાવને લીધે એની ગતિ એકદમ વધી પડી અને એના કાબૂમાં ન રહી. નીચે ને નીચે એ

ધસી આવતી હતી. એનું મ્હોં લાલ લાલ થઈ ગયું હતું, અને પોતે અસહાય નીચે ઘસડાઇ રહી છે એ એ સમજતી હતી. પર્વત તરફ દોડવાને બદલે એ નીચે અને છેવાડે, પર્વતની ધાર તરફ ધસી રહી હતી.

રામદાસ ઊંચે શ્વાસે આ જોઈ રહ્યો હતો. તે મૂગો મૂગો આ છોકરીના રક્ષણ માટે પ્રાર્થના કરી રહ્યો હતો. રામ જ એને બચાવી શકે એમ હતું. તે છેક કોર નજીક આવી ગઈ હતી; અત્યંત બળ કરી તેણે પોતાની ગતિ રોકી. પણ તે તો છેક કિનારે આવી ગઈ હતી; એનો ડાબો પગ તો હવામાં લટકતો હતો. કેવી ભયાનક સ્થિતિ! પણ ધન્ય હો રામને! રામદાસ શું જુએ છે? છોકરી તે જ વખતે રસ્તા પર ધડાક દઇને પછડાય છે અને એ રામ રામ બોલી રહી છે. આખરે એ બચી ગઈ! રામે જ બચાવી. તરત ઊભી થઈ એ તો આગળ ચાલી. કેવી નિર્ભય છોકરી! રામમાં એનો કેવો અચળ વિશ્વાસ!

આવો જ દાખલો એક ડોશીમાનો છે. એક જબરજસ્ત પહાડી તેમને ડોળીમાં ઊંચકીને મુસાફરી કરાવતો હતો. છેવટે આ ડોળીમાં જ ડોશીમાએ દેહ મૂક્યો. રસ્તામાં વિશ્રામસ્થાન આવે ત્યારે ખભેથી આ ડોળી મજૂર ઉતારતો અને થોડી વાર થાક ખાતો. એક વખતે રામદાસ તથા રામકિંકર જ્યાં આરામ કરતા હતા ત્યાં જ એણે ડોળી ઉતારી, અને હંમેશની માફક, ડોશીમાને બહાર નીકળી આરામ કરવા કહ્યું. પણ કંઇ જવાબ ન મળતાં પેલાએ ડોળીમાં જોયું; અંદર જોતાં જ આશ્ચર્ય તથા દુ:ખથી એનાથી બોલી જવાયું, “અરે રામ! ડોશીમા તો ગયાં!”

હે રામ! તું કરે તે ખરું. પછી ઉપર ને ઉપર ચઢતા તેઓ કેદારનાથ પહોંચ્યા. આ સ્થળ સાચે જ ભવ્ય હતું. ઊંચા ઊંચા બરફથી મઢેલા પહાડો વચ્ચે અહીં એક મેદાન હતું. ટાઢ તો ખૂબ જ હતી, પરંતુ શ્રીરામની કૃપાથી એના આ દાસને ટાઢ લાગતી જ ન હતી.

૨૬

હિમાલયનો પ્રવાસ (ચાલુ)

કેદારનાથમાં રામદાસે એક અત્યંત મુશ્કેલ સાહસ ખેડ્યું. એમાં બળ તો રામની કૃપાનું જ હતું. ત્યાં આવેલા એક શિખર પર એણે ચઢવા માંડ્યું. શિખરની ટોચ પર બરફ છવાયલો હતો. રામકિંકર સાથે જ હતો. ચઢાણ લગભગ સીધું જ હતું અને તેથી બહુ વસમું હતું. ઠેર ઠેર ઊગેલા ઘાસને પકડી તેઓ ચઢતા હતા. અર્ધે સુધી જ રામકિંકરની હિંમત ચાલી પણ પછી ત્યાંની થીજી જવાય એવી ઠંડીથી તથા લપસી જવાના ભયથી એ અટકી ગયો. પણ રામદાસનું જીવન તો રામને જ અર્પણ થઇ ચૂક્યું હતું; એણે તો ચઢવાનું ચાલુ રાખ્યું અને છેક ટોચ પર પહોંચી ગયો. ટોચે પહોંચી એણે જયઘોષ કર્યો અને રામનામની ગર્જના કરી. બુલંદ અવાજે તેણે "ૐ શ્રી રામ જય રામ જય જય રામ" એ મંત્રનો ઉચ્ચાર કર્યો. હે પ્રભુ! કોણ તારી કીર્તિનું ગાન કરી શકે એમ છે!

'હવે ઊતરવાનું આવ્યું. એ તો વળી વધારે વિકટ હતું. એક ડગલું પણ ચૂક્યા તો ઊંધે માથે ખીણમાં પડી ભુક્કા થઇ જવાના હતા. પણ જેને રામ રાખે તેને કોણ ચાખે? ધીમે ધીમે તે નીચે ઊતર્યો—લપસ્યો કહીએ તો પણ ચાલે. અધવચમાં બરફના મોટા મોટા કરા વરસવા લાગ્યા. રામદાસ તો કાંઈ પણ ગરમ કપડું લીધા વિના ચઢી ગયો હતો. પરંતુ રામજીની કૃપાથી એને ઠંડી લાગતી નહોતી, ભય પણ લાગતો નહોતો. આખરે રામે એને નીચે પહોંચાડયો. આટલું ચઢી ઊતરતાં પાંચ કલાક લાગ્યા હશે. એ પહાડની ઊંચાઇ લગભગ એક માઇલ હશે.

આ જગાએથી બરફ ઓગળીને મંદાકિનીનો પ્રવાહ બને છે. એના મૂળ આગળ જઈ રામદાસે સ્નાન કર્યું. પાણી તો ઠંડું હિમ જેવું હતું; પણ જેને રામની રક્ષા છે તેને ઠંડી શું કરી શકે?

કેદારનાથમાં એક મંદિર, થોડી દુકાનો અને થોડી ધર્મશાળાઓ છે. અહીં એક દિવસ રહી, રામકિંકરની સલાહ મુજબ તે આગળ ચાલ્યા. થોડાક માઇલનું ઉતરાણ આવ્યા પછી બીજી પર્વતમાળાનું ચઢાણ શરૂ થયું. ફરી પાછું ઊંચે ને ઊંચે ચઢવાનું આવ્યું. નવાં નવાં સૃષ્ટિસૌંદર્યનાં દર્શન થવા માંડયાં. એક પર્વતની તળેટીમાં વિસામો આવ્યો. અહીં ચૌરીકુંડ નામે ઊના પાણીનો ઝરો છે. બીજો પણ એક કુંડ હતો. આ કુંડનું પાણી પીળા રંગનું હતું. અહીંથી તેઓને ફરી ચઢવાનું આવ્યું. માઇલોના માઇલો સુધી ચઢાણ ચાલુ રહ્યું. આ રસ્તો કેદારનાથના રસ્તા જેટલો દુર્ગમ નહોતો. કેટલાય દિવસની મુસાફરી પછી તેઓ બદરીનાથ અગર બદરીનારાયણ પહોંચ્યા. બદરીનાથ હજી અર્ધોએક માઇલ દૂર હશે ત્યાં તેઓ થોભ્યા ને ત્યાંથી દેખાતું બદરીનાથનું દૃશ્ય જોવા લાગ્યા. દૃશ્ય ખરે જ અદ્ભુત હતું.

એ દશ્ય વર્ણવવાની તાકાત રામદાસની કલમમાં નથી. જોતાં જોતાં એ સ્વભાન ભૂલી ગયો અને જે ઉત્તુંગ ગિરિ શિખરો વચ્ચે એ બેઠો હતો તેની સાથે તાદાત્મ્ય અનુભવવા લાગ્યો. અલકનંદા નદી બદરીનાથમાંથી નીકળે છે. અહીં ચઢતી વખતે ત્રણ-ચાર જગાએ બરફ પરથી ચાલવું પડયું હતું. બરફ પર પણ રામદાસ ઉઘાડે પગે જ ચાલતો હતો. બરફના આ પડ નીચે પાણીનો ધોધ વહેતો હોય છે અને નીચે નદીમાં મળી જાય છે. બરફનું આ પડ કેટલીક જગાએ પાતળું હોઇ કેટલાએ પ્રવાસીઓ એમાં ઊતરી જાય છે અને નીચે વહેતા પ્રવાહમાં ડૂબી જાય છે. એમ કહેવાય છે કે મુંબઈનો એક શેઠિયો ડોળીમાં મુસાફરી કરતો હતો તે આવી રીતે તણાઈ ગયો હતો.

બદરીનાથનો પ્રદેશ સપાટ હતો, અને ખીણમાં હતો. કેદારનાથની જેમ એની ચારે બાજુએ ઊંચા ઊંચા પહાડો આવેલા હતા. અહીં સફેદ આરસથી મઢેલું બદરીનાથનું મંદિર આવેલું છે. અહીં પણ પર્વત પરથી વહી આવતું એક ઊના પાણીનું ઝરણ હતું. આ પાણી એક નાના તળાવમાં એકઠું થતું હતું. બધા યાત્રાળુઓ આ તળાવમાં નહાતા હતા. ઠંડી તો પુષ્કળ હતી પણ રામની દયા, રામનો અનુગ્રહ એવાં જ અગાધ હતાં. એથી રામદાસને ઠંડી વિશેષ લાગતી નહોતી. બદરીનારાયણના દ્વાર પર બહુ ભીડ હોવાથી એને દર્શન કરવાની મુશ્કેલી હતી. પણ બાજુ પરના એક નાના બારણામાંથી કેટલાંક બિમાર મનુષ્યોને અંદર જવા દેવામાં આવતાં હતાં. આ બારણે બે પંડાઓ ચોકી કરતા ઊભા હતા. રામદાસે અહીંથી જવા માંડયું.

"મહારાજ ! બિમાર હો તો જઈ શકો છો."

"રામદાસ બિમાર તો નથી."

"ના હો, તો છો એવો ઢોંગ કરો."

"કદી નહિ. જૂઠું બોલીને બદરીનાથનાં દર્શન મેળવવાની રામદાસની ઇચ્છા નથી. રામની એવી આજ્ઞા નથી."

આમ કહી રામદાસ પાછો ફર્યો. પરંતુ પેલા પંડાજીને ઊભ-ળકો આવતાં એમણે રામદાસનો હાથ પકડ્યો અને અંદર લઈ જઈ દર્શન કરાવ્યાં તથા થોડો પ્રસાદ પણ આપ્યો. હે રામ! તું કેટ કેટલી રીતે આ દાસની કસોટી કરે છે! બદરીનાથમાં એક દિવસ ગાળી તેઓ પાછા નીકળ્યા. કેટલાક દિવસ ચાલ્યા બાદ તેઓ રામનગર નામની જગાએ આવ્યા. અહીંથી દક્ષિણ તરફ જવા માટે રેલ્વે શરૂ થાય છે. તેઓ બધું મળીને હિમાલયમાં ચારસો માઈલ ચાલ્યા હશે, અને હરદ્વારથી રામનગર સુધીની યાત્રામાં ચાળીસ દિવસ વીત્યા હશે.

એના નામ પ્રમાણે રામનગર એ પવિત્ર સ્થાન છે. અહીંના લોકો બહુ પરગજુ છે. સ્ટેશનની પાસે એક દવાખાનું છે. બિમાર યાત્રીઓની સારવાર માટે કોંગ્રેસના સ્વયંસેવકો તે ચલાવે છે. સેંકડો યાત્રીઓ આ દવાખાનાનો લાભ લે છે. સાધુઓ તથા ગરીબ ગુર-બાંઓ માટે ધનિક લોકોએ સદાવ્રત પણ ખોલેલાં છે. અહીંના રહેવાશીઓ માયાળુ તથા અતિથિપ્રેમી છે. રામદાસને તો આખા ભારતવર્ષમા પોતે જ્યાં ગયો ત્યાં આવો જ સત્કાર ને આવો જ પ્રેમ મળ્યા છે. એના આખાએ પ્રવાસમાં રામની કરુણા વરસી રહી હતી, કારણ એણે આ પ્રવાસ રામને જ ભરૂસે અને એની જ આજ્ઞાનુસાર કર્યો હતો.

રામનગરથી મથુરાં જતી ગાડીમાં તે બંને બેસી ગયા. ગાડી મથુરાં વખતસર પહોંચી. મથુરામાં રામકિંકર માંદો પડ્યો એટલે એણે ઝાંસી જવાની ઇચ્છા દર્શાવી. રામદાસની સાથે એ જેટલો વખત રહ્યો તે બધો વખત એણે રામદાસની એક માતાની પેઠે સંભાળ

લીધી હતી. આવો મિત્ર રામદાસને છોડીને જાય એ પણ રામની જ ઇચ્છા હતી; અને તે પ્રમાણે એ ઝાંસી જવા ઊપડ્યો. હવે રામદાસ એકલો પડયો—પણ તે તો થોડી ક્ષણ માટે જ. જે ધર્મ-શાળામાં તેઓ ઊતર્યા હતા ત્યાં એક સાધુરામને રામે તૈયાર જ રાખ્યા હતા.

૨૭

મથુરાં ગોકુળ અને વૃંદાવન

મથુરાં એટલે પૂર્ણાવતાર શ્રીકૃષ્ણની જન્મભૂમિ. શ્રીકૃષ્ણ એટલે જ મૂર્તિમંત **પ્રેમ.** સમસ્ત ભારતવાસીઓના હૃદયમાં એની અક્ષય યાદી આજ પણ એવી જ જીવંત છે, એવી જ કીર્તિવંત છે. એની ભગવદ્‌ગીતા તત્ત્વજ્ઞાનમાં અદ્વિતીય છે. જીવનના—અસ્તિત્વ માત્રના—એક અંતિમ ધ્યેય તરીકે, મનુષ્યને પુરુષાર્થ દ્વારા મેળવવા યોગ્ય **એક જ વસ્તુ** નું એ નિરૂપણ કરે છે. બાલકૃષ્ણ અને એની બાળ લીલાને આજે પણ મથુરાં સંભારે છે એની સાક્ષી અહીંના અનેક નાનાં મોટાં મંદિરોમાં થતી કૃષ્ણપૂજા પૂરી રહી છે. મથુરામાં આવ્યા તે જ દિવસે રામદાસ એકલો જમના નદી ખોળતો નીકળી પડયો (નવા સાધુરામને મળ્યા પહેલાં). રામકિંકર તાવમાં પડેલો હતો. રામદાસને સહાય થવા જે સદા તત્પર છે એવા રામે નદી તરફ જતો એક બ્રાહ્મણ મેળવી આપ્યો. આપ મેળે જ એ બ્રાહ્મણ રામદાસ પાસે આવ્યો અને રામદાસને નદીએ લઈ જવા તૈયારી બતાવી.

જમુનાના પવિત્ર જળમાં રામદાસે પ્રથમ પોતાનાં વસ્ત્ર ધોયાં; પછી સ્નાન માટે નદીમાં ઊતર્યો. પોતાનો લોટો એક પગથિયા પર મૂક્યો અને લોટામાં ચશ્માં મૂક્યાં. સ્નાન કરી તે લોટો લેવા પગથિયા પાસે આવ્યો. પણ તે આવી પહોંચે તે પહેલાં એક માંકડું આવી ચશ્માં ઉપાડી ગયું. રામદાસથી ચશ્મા વિના બરોબર દેખાતું ન હતું. આ જોઈ પેલો બ્રાહ્મણ મિત્ર ચિડાઈ ગયો, પણ રામદાસે શાંત ચિત્તે કહ્યું, "મહારાજ! એ તો રામજીની એવી મરજી હશે." કહેતાં કહેતાં રામદાસને વિચાર આવ્યો કે કદાચ ચશ્મા ઉતરાવી નાખવાની ને આંખો સુધારવાની જ રામની મરજી હશે!

પણ આટલાથી બ્રાહ્મણ સંતુષ્ટ થયો નહિ. પાસે ઊભેલા બે છોકરાઓને એ માંકડાની પાછળ દોડી ચશ્મા મેળવી આપવા એણે કહ્યું. આ દરમિયાન માંકડું તો મંદિરના એક ઘુંમટ પરથી બીજા પર કૂદકા મારતું દોડતું હતું. એની પાસે કંઈ ખાવાનું હશે એમ ધારી બીજાં માંકડાં એની પાછળ દોડતાં હતાં. આખરે પાએક કલાક પછી પેલા છોકરાઓ આખાં ને આખાં ચશ્માં પાછા લઈ આવ્યા. આ પણ રામે કરેલી એના દાસની કસોટી જ હતી. આ બ્રાહ્મણ મિત્રની સાથે કેટલાંક મંદિરો જોઈ બીજે દિવસે નવા સાધુરામના સંગમાં તે ગોવર્ધન જવા ઊપડયો.

મથુરાંથી ચૌદેક માઇલ દૂર આ પર્વત આવેલો હતો. તેઓ લગભગ બપોરે ત્યાં પહોંચ્યા. ઇંદ્રે ક્રોધિત થઈ મોકલેલા મુશળધાર વરસાદમાંથી પોતાનાં ગોપ મિત્રો તથા ગાયોને બચાવવા ખાતર શ્રીકૃષ્ણે જે પર્વતને પોતાની ટચલી આંગળીએ ઊંચક્યો હતો તે જ આ પર્વત. હાલ તો આ પર્વત ઘસાઈ ઘસાઈને લગભગ સપાટ થઈ જવા આવ્યો છે. એમાંથી ખોદી કાઢેલા પથરાઓનો ઘર બાંધવામાં ઉપયોગ થાય છે. એમાંના એક ખડકની આજુબાજુ લોઢાની વાડ કરી લેવામાં આવી છે તથા ઉપર છાપરું છે, જેથી મૂળ પર્વતનો

અવશેષ જળવાઈ રહે. આ ખડક પર યાત્રાળુઓ દૂધ, દહીં, ઘી વગેરે ચઢાવે છે તથા પૂજા કરે છે. આ ખડકમાંથી પણ યાત્રાળુઓ નાના નાના કકડા ખોદી લે છે અને સ્મૃતિચિહ્ન તરીકે સાથે લેતા જાય છે. એક ધર્મશાળામાંથી ખાવાનું મેળવી બંને જણાએ બપોરે થોડીવાર આરામ લીધો.

સાંઝરે બંને રસ્તામાં ફરવા નીકળ્યા. ફરતાં ફરતાં ભજનનો અવાજ એમને કાને પડયો. રામ એમને આ જગાએ લઈ ગયો. એ એક રામ મંદિર હતું. મૂર્તિ આગળ છ એક સાધુઓ બેઠા હતા અને તંબુરો, કરતાલ તથા મૃદંગ લઇ રામ ભજન કરતા હતા. તેઓ આ શ્લોક બોલતા હતાઃ

હરે રામ, હરે રામ, રામ રામ હરે હરે !

હરે કૃષ્ણ, હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ હરે હરે !

આનો આ જ શ્લોક તેઓ જુદા જુદા રાગમાં ગાતા હતા. આખા વાતાવરણમાં અદ્ભુત શાંતિ પ્રસરી હતી. રામનામના મધુર નાદમાં લીન થઇ તે અહીં લગભગ ચાર કલાક રહ્યો. બીજે દિવસે સાધુરામની સાથે તે મથુરાં જવા નીકળ્યો. ત્યાં થોડો વખત રહી તે એકલો જ ગોકુળ જવા ઊપડયો કારણ પેલા નવા સાધુ-રામ અદૃશ્ય થઇ ગયા હતા. મથુરાથી ગોકુળ પાંચેક માઇલ હશે. અહીંજ શ્રી કૃષ્ણ ઊછર્યા હતા; અહીં જ એમણે પોતાની બાળ લીલા કરી તથા પોતાની અદ્ભુત શક્તિના પરચા બતાવ્યા ! અહીંજ પવિત્ર યમુના વહી રહી છે ! આ નદીમાં જ અને ઘણે ભાગે આ જગાએ જ શ્રીકૃષ્ણે કાલિય નાગની ફેણ પર નૃત્ય કરી એનું મર્દન કર્યું હતું ! અહીં એક દિવસ રહી રામદાસ મથુરાં પાછો ફર્યો અને ત્યાંથી બાર માઇલ આવેલા વૃંદાવન જવા ઊપડયો.

વૃંદાવન બહુ મનોહર સ્થળ છે. તે જ યમુનાનાં શાંત નિર્મળ જળ અહીં વહી રહ્યાં છે. નદી તટ પર લીમડાનાં તેમજ બીજાં વૃક્ષોની ઘટા બની આવી છે. યમુનાપરથી વહી આવતા મંદ સમીરની લહેરમાં આ વૃક્ષઘટામાં બેસવું એટલે આનંદની અવધિ જ. રામદાસ આ જગાથી મુગ્ધ થઇ ગયો અને લગભગ પંદરેક દિવસ અહીં રહ્યો. રાત્રે તે નદીની રેતીમાં જ સૂતો અગર બેસતો અને દિવસે વૃક્ષોની શીતળ છાયામાં આરામ લેતો. અહીંની ચાંદની રાતનું તો વર્ણન જ શું થાય? અહીંની હવા પણ જાણે શ્રીકૃષ્ણ-ના મધુર પ્રેમથી ભરપૂર હતી; અને પવન જ્યારે મંદ મંદ વાતો ત્યારે જાણે રામદાસને એ મધુર બંસીનો ચિત્તહારી નાદ જ સંભ-ળાતો, અને એના નાચતા પવિત્ર ચરણોમાં રમતાં નૂપુરનો રણકાર પણ સંભળાતો. વારે વારે "રાધેશ્યામ, રાધેશ્યામ," એવો ધીર ગંભીર રવ સંભળાતો. અહીં એની દશા પૂર્ણ મસ્તીની તથા આનંદની હતી. વખત ક્યાં ગયો તેનું ભાન નહોતું. જાણે આ સર્વ એક મધુર અને ખુશનુમા એવું લાંબું સ્વપ્ન ન હોય!

વૃંદાવનમાં એણે ઘણાં કૃષ્ણમંદિરો જોયાં. બધામાં સૌથી મોટું તથા જોવા લાયક રંગનાથનું મંદિર છે. એની મોટી દિવા-લોને લઈ એ એક કિલ્લા જેવું લાગે છે. એના દરવાજો તથા અંદરનાં મકાનો અને અગાસીઓ પથ્થરના કોતર કામથી સુંદર લાગે છે. આખરે અહીંથી નીકળવાનો રામનો હુકમ આવ્યો. મથુરાં પાછા ફરી, ત્યાંના ભાઇઓએ બતાવેલી ટ્રેનમાં બેઠો.

૨૮

રાયપુર

ગાડી રાયપુર પહોંચી. રામની રીત ગહન હોઇ પોતાને રાય-પુર શા માટે લાવવામાં આવ્યો છે તેની રામદાસને ગમ ન હતી. રાયપુર એ કંઇ તીર્થ નથી. રામે મોકલેલા સાધુરામ સાથે જમી લઇ, એની સાથે ત્યાંનો સુંદર બાગ જોવા ગયો. અહીં એક નહે-રના પાણીમાં સ્નાન કરી, એક ઝાડ નીચે પોતાનું મૃગચર્મ પાથરી (ઝાંસીના એક ભાઈએ આ ભેટ આપ્યું હતું—અલબત રામની પ્રેરણાથી જ) તે ઉપર રામદાસ જરા આડો થયો. હજી તો આંખ પણ મીંચી નહોતી ત્યાં કોઈએ એના ખભા પર હાથ મૂક્યો. આંખ ઉઘાડી જોતાં સામે એક મુસ્લીમ ભાઈ ઊભા હતા.

"માફ કરજો," પેલાએ હિંદુસ્તાનીમાં કહ્યું.

રામદાસ બેઠો થયો અને પેલા ભાઈની ઇચ્છા જાણવાને આતુર બન્યો.

"મારે આપની સાથે થોડી વાતચીત કરવી છે. આપને મહંમદમાં શ્રદ્ધા છે?"

"કેમ નહિ? તેઓ તો ઇશ્વરના એક મહાન પયગંબર છે."

"એક પયગંબર છે એમ કેમ કહો છો? સૌથી મહાન અને અદ્વિતીય કેમ નહિ?"

"ભાઈ, મહમ્મદ જરૂર એક મહાન આત્મા છે, વિશ્વગુરુ છે; પરંતુ બીજા પણ એવા મોટા મહાત્માઓ છે, દાખલા તરીકે કૃષ્ણ, બુદ્ધ, ક્રાઇસ્ટ, અને અર્વાચીન સમયમાં મહાત્મા ગાંધી. આ બધાએ ઉપદેશેલા સત્યનો મર્મ સમજવાનો યત્ન કરશો તો સમજાશે કે તત્ત્વતઃ તેઓનું કહેવું એક જ છે, અને મનુષ્યજાતિને માટે તેઓ એક જ આદર્શનો બોધ આપી રહ્યા છે."

આ શબ્દોએ પેલા મુસ્લીમ યુવકના ઉપર સચોટ અસર કરી. રામદાસના અનુભવો વગેરે વિષે વાતચીત થોડો વખત લંબાઈ. પેલાને રામદાસ પ્રત્યે એવો પ્રેમ ઉપજ્યો કે તે રામદાસ સાથે નીકળી પડવાને ઉદ્યુક્ત થયો. રામદાસે તેને સમજાવ્યું કે રામ તરફથી એવો આદેશ પોતાને મળ્યો ન હતો. થોડીક સમજાવટ પછી પોતાનો વિચાર તેણે ફેરવ્યો. પણ રામદાસ પાસેથી એને કંઇ સ્મરણ ચિહ્ન જોઇતું હતું. રામદાસ તો એને પોતાનું જે કાંઈ માગે તે આપવા તૈયાર હતો, તેથી એને જે જોઇએ તે માગી લેવા કહ્યું. પેલા ભાઈએ મૃગચર્મ માગ્યું. માગતાં સાથે જ તે એના હાથમાં આવી પડ્યું.

"આ મૃગચર્મ માગી લેવામાં મારો એક જ હેતુ છે; હું એના પર બેસીને મારી નમાઝ પઢીશ. વળી વધારામાં એ વખત આપની યાદી તાજી થશે."

છૂટા પડતાં તેણે રામદાસના પ્રોગ્રામ વિષે પૂછ્યું. રામજીની મરજી પોતાને અજમેર લઈ જવાની છે એમ રામદાસે જણાવ્યું.

"તો તો બહુ સરસ. ત્યાં ખ્વાજા પીરનું સ્થાનક છે તે જોવા આપ ચૂકશો નહિ. કોઈપણ મુસલમાન આપને ત્યાંનો રસ્તો દેખાડશે."

આ શબ્દો ભવિષ્ય કથન જેવા નીવડ્યા. થોડા વખત પછી રામદાસ અજમેર પહોંચ્યો. પહોંચ્યો ત્યારે રાત હતી. એ જ

ગાડીમાં આવેલા કેટલાક સાધુઓ સાથે એ સ્ટેશન પર સૂતો હતો ત્યાં સિપાઇએ આવી બધાને બહાર કાઢ્યા. સ્ટેશનના કંપાઉંડમાં જ એક ઝાડ તળે એણે આશરો લીધો. પરંતુ અહીંથી પણ સિપાઇએ આવી એને કાઢયો. થોડી વાર આમ તેમ રખડી એ જ કંપાઉંડના એક દૂરના ખૂણામાં એક ઝાડ નીચે તે ગયો. પાસે કાંઇ પાથરણું ન હોવાથી તે જમીન પર જ સૂતો. સૂતો એટલે નાક જમીન પાસે આવ્યું ને તરત મૂત્રની ઉગ્ર વાસ આવી. હે પ્રભુ! તું આ દાસને એના શ્રેયાર્થે હરેક અનુભવ આપે છે એ તારી કેવી અપાર કરુણા છે!

આ દશામાં રામદાસ એ પણ શીખ્યો કે આ નાશવંત શરીરને પંપાળી રાખવું એ મૂર્ખાઇ છે; વળી એનાથી એને પોતાની ખરી હાલત સમજાઇ કે પોતે કેવો તુચ્છ તથા દીન છે. હે રામ! આ અનુભવ આપવા માટે તું જ તે સિપાઈ બનીને આવ્યો હતો! આ વિચારમાં ને વિચારમાં તે પરમ પિતાની ગોદમાં જ એનો બાળક રામદાસ ઘસઘસાટ ઊંઘી ગયો.

૨૯

અજમેર

પછો ફાટતાં તે શહેર ભણી વળ્યો. પોતે ક્યાં જાય છે તેના જરા પણ ભાન વિના શહેરના ગીચ લત્તાઓમાંથી રામનામ જપતો તે જતો હતો ત્યારે એક ઊંચા અને કદાવર મુસ્લીમે તેને થોભાવ્યો તથા પોતાની સાથે આવવા ઇશારત કરી. રામદાસને તો અનુસર્યા વિના છૂટકો નહોતો કારણ એ તો માનતો હતો કે રામ જ સર્વ હુકમ આપે છે. એટલે કશાએ સંકોચ વિના અને કશી પણ પૂછપરછ વિના તે પેલા ભાઈની પાછળ ચાલવા મંડયો. લગભગ એકાદ માઇલ તેઓ ચાલ્યા હશે પછી એક કમાનદાર દરવાજો આવ્યો. બંને અંદર દાખલ થયા. અંદરનું ચોગાન વટાવી, થોડાં પગથિયાં ઊતર્યા પછી દરવાજો આવ્યો. આ દરવાજામાં પેસતાં જ એક સુંદર મસીદ દેખાઈ. અંદર એક સરસ કોતરણીવાળી રૂપેરી દરગાહ હતી.

"આ ખ્વાજા પીરની દરગાહ છે. અહીં ઘૂંટણે પડો અને મહંમદના ચેલા બની જાઓ."

તરત જ રામદાસ બહુ ભાવપૂર્વક ઘૂંટણે પડયો. પેલા ભાઈ સામે જોઇ તેણે કહ્યું, "મહંમદના **ચેલા બનવાની** રામદાસને કશી જરૂર નથી, કારણ એ તો કેટલાએ વખતથી મહંમદને અનુસરે છે."

હે રામ ! હે ખુદા ! હે મહંમદ ! તારી કેવી કરામત છે ! પેલા રાયપુરવાળા મુસ્લીમ મિત્રની તીવ્ર ઇચ્છા પૂરી કરવા તું રામદાસને મુસ્લીમોના આ યાત્રાસ્થાને લઈ આવ્યો ! ધન્ય હો રામને ! ધન્ય હો મહંમદને !

પેલા મિત્રે અહીંથી તેને બહાર કાઢી રસ્તા પર મૂકી દીધો. એના ગયા પછી રામચંદ્ર નામના પવિત્ર સંન્યાસીનો રામદાસને ભેટો થયો. એમને રામદાસ ખૂબ ગમી ગયો અને એની સંભાળનો બધો ભાર તેઓએ પોતાને માથે લઈ લીધો. હે રામ ! આ મૂઢ અજ્ઞ બાળક તારાં કાર્યો કેવી રીતે સમજી શકે ? એ તો આટલું જ જાણે છે કે તું મૂર્તિમંત કરુણા છે, પ્રેમનો પારાવાર છે. પહેલાં તો સ્વામીજીએ બજારમાં અન્નક્ષેત્રની તપાસ કરી, અને એ ચિઠ્ઠી મેળવી રામદાસને ત્યાં લઈ ગયા. ભોજન લઇ તેઓ એક ધર્મશાળામા ગયા અને સ્વામી રામચંદ્રે રામદાસની આનાકાની છતાં પોતાની પથારીમાં એને સુવાડયો. રામના આ દાસ ઉપર સ્વામીજીની અથાગ દયા હતી.

હે રામ ! તું જ આ નવાં નવાં રૂપ ધારી તારા દાસનો ભોમિયો બને છે અને એના ખાવા પીવાની તથા એની મુસાફરીની કાળજી કરે છે. અરે, હવે તો મનુષ્ય માત્રમાં, પ્રાણીમાં અને સર્વ વસ્તુમાં પોતે જે રામનું અહોરાત્ર ધ્યાન ધરે છે તે રામના જ સ્વરૂપનું તેને દર્શન થાય છે. તેઓ અજમેરમાં ત્રણ દિવસ રહ્યા, અને ત્યાંથી પુષ્કરરાજ જવા નીકળ્યા. પાંચેક માઈલ પહાડ પર ચાલ્યા પછી એક તળાવ આવ્યું. તળાવની એક બાજુએ મંદિરો તથા ધર્મશાળાઓ આવેલાં હતાં. આમાંની એક ધર્મશાળામાં તેઓ રહ્યા. અહીં રામદાસે પાંચ દિવસ રામભજનમાં ગાળ્યા. સ્વામી રામચંદ્રને થોડા વધુ દિવસ પુષ્કરરાજમાં રહેવાનું હતું.

આથી, રામની આજ્ઞા થતાં રામદાસ એકલો અજમેર પાછો આવ્યો. અહીં એક સાધુરામ મળી ગયા. રામની મરજી હશે તેથી ગાડીમાં બેસવાનું ન બની શક્યું. તેઓએ સોળેક માઈલ પગપાળા કાપ્યા. ત્યારબાદ તેઓને ટ્રેન મળી. સાધુરામને અજમેરમાં અજીર્ણ થએલું તે આ સોળ માઈલ ચાલવાથી મટી ગયું, કારણ રસ્તામાં ખાવાનું મળ્યું નહોતું. રામ જે કરે તે સારૂં જ કરે છે. મહેસાણાના જંક્ષને તેમને એક સંન્યાસી મળ્યો. એની સલાહથી તેઓ ધરમપુરી નામના સ્ટેશને એની સાથે ઊતર્યાં. અહીં મહાદેવના મંદિર પાસે એક સાધુનો આશ્રમ હતો ત્યાં ત્રણે જણ ગયા. સાધુએ સહુને હાર્દિક આવકાર આપ્યો ને એમના ખાવાપીવાની જોગવાઈ કરી.

આ આશ્રમમાં થોડા દિવસ ગાળવાનો રામદાસને આગ્રહ થયો. સાધુરામથી રહેવાય એવું ન હોવાથી તે બે દિવસ રહી એકલા આગળ વધ્યા. આ આશ્રમમાં આઠેક દિવસ ગાળ્યા પછી પાસેના ગામમાંથી બે સંન્યાસીઓ આવ્યા અને જંગલમાં આવેલા પોતાના આશ્રમે રામદાસને લઈ ગયા. રામભજન માટે આ નિર્જન સ્થળ બહુ અનુકૂળ હોવાથી રામદાસ અહીં જ રહ્યો. પેલા સંન્યાસીઓ બહુ માયાળુ હતા. અહીં નરહરિનું નાનું મંદિર હતું. મંદિરનો અંતર્ભાગ બરોબર સમચોરસ હતો; તેની બાજુ રામદાસની લંબાઈ જેટલી જ હતી. એક કે બે કલાકની ઊંઘ લઈ આખી રાત તે રામમંત્રનો જપ કરતો. જે ભક્તો સર્વભાવે રામને શરણે જાય છે અને રામને જ ભરૂંસે રહે છે તેનું રામ સદા રક્ષણ કરે છે એ સત્યની એને અહીં પુનઃ દૃઢ પ્રતીતિ થઈ.

આ જંગલમાં સાપ વીંછી તથા જંગલી ભૂંડોનો ત્રાસ હતો. રોજ રાત્રે વીસથી ત્રીસ ભૂંડોનું ટોળું મંદિરની આસપાસ ફરી વળતું. મંદિરનું બારણું તો હંમેશ ઉઘાડું જ રહેતું. મંદિરની આજુબાજુની જમીનમાંથી મૂળિયાં ખોદી કાઢી આ ભૂંડો ખાઈ

જતાં. એ પશુઓ આવ્યાં હોય ત્યારે પણ રામદાસ બહાર ફરતો પરંતુ રામની કૃપાએ કરી એને કશી ઇજા થઇ નહિ. ગામમાંથી જે લોકો દિવસે આ મંદિરમાં આવતા તે આ જંગલી હિંસક પશુઓથી સાવધ રહેવાની ચેતવણી આપતા. પરંતુ રામમાં અચળ શ્રદ્ધા એટલે સંપૂર્ણ સુરક્ષિતતા અને ભયરહિતતા. વળી રાત્રે અને દિવસે મોટા મોટા કાળા સર્પો મંદિરમાં આવતા પરંતુ કોઇ રામદાસને પજવતા નહિ. ઉપરાંત, સવારમાં પોતાનું આસન રામદાસ ઉપાડતો (સંન્યાસીઓએ એક કોથળો આપ્યો હતો તે) ત્યારે એની નીચેથી કેટલાએ વીંછીઓ નીકળતા પરંતુ એક પણ વીંછી રામદાસને કરડયો નહોતો.

હે રામ! જેને તારી છાયાનું છત્ર છે એવા તારા દાસને કોણ કશી ઇજા કરી શકે? હે રામ! તું સર્વત્ર છે, સર્વવ્યાપી છે: આ ચરાચર વિશ્વ અને એમાંનું સર્વ કાંઈ તારુંજ સ્વરૂપ છે. હે રામ! ધન્ય છે તને! આ જંગલમાં રામની આજ્ઞાથી રામદાસ દોઢ માસ રહ્યો. ગોવાળોના છોકરા ગાયો ચરાવવા આવતા તેમની સોબતમાં બપોરનો બધો વખત જતો. તેઓ વાંસળી વગાડી રામદાસનું મન રંજન કરતા. આ સર્વ ગોપ-બાળકો એને કૃષ્ણનાં જ નાનાં નાનાં સ્વરૂપો લાગતાં. અહીંનો વસવાટ રામની કૃપાથી બહુ આહ્લાદક નીવડયો.

એક પ્રસંગે આ સંન્યાસી મિત્ર ધરમપુરીના સ્ટેશનથી થોડે દૂર આવેલા યાદવપુર નામના ગામે રામદાસને લઈ ગયો. અહીં સાધુઓનો મોટો મેળો હતો. કુલ બસો સાધુ હશે. સત્સંગનું એ એક મહાપર્વ હતું. ગ્રામવાસીઓની સુંદર આતિથ્યભાવના તરી આવતી હતી. એમની સર્વ સામગ્રી આ સાધુઓને ચરણે ધરી દેવામાં આવી હતી. એક દિવસ રામનો આદેશ આવ્યો કે હવે આગળ જા. એ મુજબ પેલા સંન્યાસીની ઇચ્છા વિરૂદ્ધ (એ તો

રામદાસને હજી થોડા મહિના રાખવા માગતા હતા) રામદાસ નીકળી પડ્યો. સ્ટેશને રામજીએ એક વેપારી મેળવી આપ્યો. આ વેપારીએ પોતે જ્યાં જતો હતો ત્યાં સુધી રામદાસને લઇ જવાનું માથે લીધું. અહીં બનેલા એક પ્રસંગનું હવે બયાન કરવું પડશે.

૩૦

સર્વ અનર્થનું મૂળ પૈસો

રામદાસ અને વેપારી ટ્રેનમાં બેસતા હતા ત્યારે બહુ ભીડ હતી; ડબ્બામાં બેસવા માટે ટોળાની વચ્ચેથી ધક્કામુક્કી કરીને વેપારી શેઠ આગળ થયા અને રામદાસ એમની પાછળ પાછળ ગયો. જેવા ગાડીમાં બેઠા કે તરત શેઠ બોલી ઊઠયા, " અરે મહારાજ ! મારું પાકીટ કોઈ ચોરી ગયું ! અંદર પંદર રૂપિયા તથા રેલ્વેની ટિકિટ હતી," આમ કહી એમણે પોતાના જાકીટનું ખીસું બતાવ્યું. ખીસું કોઈએ બહુ કુશળતાથી કાતર્યું હતું. ખીસાકાતરુએ બહુ ઝડપથી પોતાનું કામ પતાવ્યું હતું.

" શું કરીશું મહરાજ ? મારી પાસે પૈસા પણ નથી ને ટિકિટ પણ નથી. પોલીસમાં જાહેર કરું ? "

" રામદાસની સલાહ માગતા હો તો એ તો કહે છે કે કશું કરવાની જરૂર નથી. એ વાત જ મનમાંથી કાઢી નાખો. ટિકિટ

નથી તો વગર ટિકિટે મુસાફરી કરો. રસ્તામાં અગર જ્યાં ઊતરો ત્યાં કોઈ ટિકિટ માગે તો આ બનાવ અથેતિ જણાવજો. તમારી વાતના સમર્થનમાં આ કાતરેલું ખીસું પણ બતાવજો."

પણ એ વેપારીને ગરીબ રામદાસની આ સલાહ ગમી નહિ. પોલીસને ફરીઆદ કર્યા વિના એને જંપ ન વળ્યો. પરિણામે એક અમલદાર એ ડબ્બામાં આવ્યો અને ત્યાં બેઠેલા ગરીબ નમ્ર સાધુઓને પજવવા મંડયો તથા એમનાં ગાંસડા પોટલાં ફંફોળવા લાગ્યો. અહીં કંઈ ન મળ્યું એટલે ડબ્બામાં કેટલાક ભોળા ગામડિયા બેઠા હતા તેમનો વારો આવ્યો. એમનાં કોળીઆં ખંખેર્યાં અને ગજવાં ફેંદ્યાં. આખરે એક ગામડિયા પાસેથી વીસ રૂપિયા નીકળ્યા. એટલે પછી પૂછવું જ શું? પોલીસે વહેમમાં પડી પૈસા કયાંથી આવ્યા તે વિશે અનેક જાતના સવાલો પૂછવા માંડયા. પેલાએ જણાવ્યું કે એ તો તે બધાની ભેગી કરેલી મિલ્કત હતી, અને પોતાને સંભાળવા પૂરતી સોંપાયલી હતી. આ બધું ચાલતું હતું ત્યારે પેલા વેપારીને આ ઉપાસણ કરવા બદલ પસ્તાવો થતો હતો, કારણ એના પૈસાને માટે કેટલાએ નિર્દોષ માણસોની સતામણી થતી હતી. પેલા ગામડિયાઓના વીસ રૂપિયા પણ પોલીસે ઝૂંટવી લીધા અને થોડાંક સ્ટેશનો પસાર થયાં પછી જ પરત કર્યા. આ બનાવથી બધાંનાં દિલ ખાટાં થઇ ગયાં હતાં. પેલો વેપારી રામદાસ પાસે આવી નમસ્કાર કરી બોલ્યો, "માફ કરો મહારાજ, મેં મૂરખાએ તમારું કહેવું માન્યું નહિ ને આ ગોટાળો થયો ને કેટલા ય નિર્દોષ માણસને હેરાન થવું પડયું. ક્ષમા કરો."

"ભાઇ, ક્ષમા તો રામની માગો."

આ પ્રસંગથી રામે રામદાસને એક સરસ પાઠ આપ્યો, કે પૈસા તો કદી પાસે રાખવા જ નહિ કારણ એથી ઉપાધિ જ થાય છે ને હેરાન થવું પડે છે. સાચે જ "સર્વ અનર્થનું મૂળ પૈસો છે."

જૂનાગઢ

ગાડી જૂનાગઢ પહોંચી. બપોરનો સમય હતો. સાથે કોઇ સોબતી ન હતો. શહેરના દરવાજે સિપાઇને પૂછયું કે આટલામાં ક્યાંય રામમંદિર હશે? જવાબ મળ્યો કે ત્યાંથી બે એક માઇલ પર રામમંદિર છે. પૂછતો પૂછતો રામદાસ આગળ ચાલ્યો. છેવટે મંદિરનો મોટો દરવાજે આવી લાગ્યો. અંદર જઇ મહંતને મળ્યો. મહંતે એને આવકાર આપ્યો તથા પોતાને ત્યાં આઠેક દિવસ રાખ્યો. અહીં બીજા છ સાધુઓ પણ રહેતા હતા. રામદાસને તેમનો સત્સંગ પ્રાપ્ત થયો. તે બધાજ રામદાસ પર સારી કૃપા રાખતા.

અહીં રામે બે અદ્‌ભુત ચમત્કાર બતાવ્યા. એક સાધુને લગભગ પંદરેક દિવસથી તાવ આવતો હતો; ઘણા ઇલાજ કરવા છતાં તાવ ઊતરતો નહોતો. સાધુ પથારીવશ હતો અને સૂકો તથા ફીકો લાગતો હતો. એની હાલત જોઈ રામદાસથી રહેવાયું નહિ એટલે એની પથારી પાસે બેસી એના પગ ચાંપવા લાગ્યો. આ જોઈ પેલો દરદી બેઠો થઈ ગયો, તથા પોતાને આવી સેવા લેવાનો અધિકાર નહોતો એમ કહી રામદાસને રોકી બોલ્યો, "મારે તો માત્ર આપનો આશીર્વાદ જોઇએ કે કાલે સારું થઈ જાય."

"રામદાસ તો રામનો નમ્ર સેવક છે. કોઇને આશીર્વાદ આપવાનો એને અધિકાર નથી."

" રામના નામથી આશીર્વાદ આપો. "

"ઠીક ભાઈ! સર્વના રખવાળ રામ તારું રક્ષણ કરો ને તને કાલે જ સારો કરી દો!"

તે રાત્રે રામ પેલા સાધુને ઠીક કરતો હશે એમ લાગ્યું; કારણ બીજે દિવસે સવારમાં તો એ સાજો તાજો થઈ મોજથી ફરતો હતો. રામે રામદાસ દ્વારા યોજેલા આ ચમત્કારથી આશ્રમમાં સનસનાટી ફેલાઈ. સહુ કોઇ એના તરફ માન અને પ્રેમથી વર્તવા લાગ્યા. ત્રણ કે ચાર દિવસ પછી બીજો સાધુ માંદો પડયો. એણે પણ પેલાની માફક રામદાસનો આશીર્વાદ માગ્યો. તેની ઇચ્છા પ્રમાણે રામદાસે બીજી વાર રામને પ્રાર્થના કરી. હે રામ! તારી શકિત કેવી મહાન છે! આ સાધુને પણ બીજે દિવસે સારું થઈ ગયું. જય હો રામનો!

આ આશ્રમમાં રામદાસને લાંબો વખત રહેવાનું નહોતું. જે સંન્યાસી એને ધરમપુરી લઇ ગયો હતો તે એક દિવસ અહીં આવી ચડયો. આ સંન્યાસીને રામદાસ પ્રત્યે બહુ ભાવ હતો; તે આ આશ્રમમાંથી રામદાસને કાશીગિરજીના આશ્રમમાં લઈ ગયો. જૂનાગઢમાં કાશી ગિરજી નો આશ્રમ પ્રખ્યાત છે. આ આશ્રમ અગર અખાડામાં પંદરેક સંન્યાસીઓ રહેતા હતા; સહુ રામદાસ પર માયા ભાવ રાખતા. ગિરનારના પ્રખ્યાત પર્વત પર ચઢી ત્યાં આવેલાં ગુરુ દત્તાત્રય અને અંબાજીનાં સ્થાનકનાં દર્શન કરાવવા જ રામ રામ-દાસને જૂનાગઢ લઈ આવ્યા હતો. રામદાસે કાશીગિરજીને આ ઇચ્છા જણાવી; કાશીગિરજી સાથે આવવા તૈયાર થયા. રામની કૃપાનો પાર જ નથી! ઊપડવાનો દિવસ નક્કી થયો. તે પ્રમાણે કાશીગિરજી અને બીજા છ સાધુઓના સંગમાં રામદાસે પર્વત પર ચઢવા માંડયું. છેક ટોચે પહોંચવા માટે નવ હજાર પગથિયાં ચઢવાનાં હતાં. મધરાત થતાં તેઓ છ હજાર પગથિયાં ચઢી ચૂકયા હતા; આ જગાએ શંકરગિરજી નામના સંન્યાસીનો આશ્રમ હતો.

તેઓએ અહીં રાતવાસો કર્યો. પહાડ પર ટાઢ તો ખૂબ હતી, પણ રામની દયા વરસતી હતી અને એનું ભજન મધુર લાગતું હતું. બીજા દિવસે તેઓએ આગળ ચઢવા માંડયું. પહેલાં અંબાજીનું મંદિર આવ્યું; ત્યાંથી બીજાં પગથિયાં ચઢી ત્યાંની સૌથી ઊંચી ટેકરી પર ચઢયા. અહીં પગથિયાં ભાગ્યાંતૂટયાં અને લપસણાં હતાં, પણ રામની દયાથી સહુ સહીસલામત પહોંચ્યા. છેક ઉપર ગુરુ દત્તાત્રયનાં પગલાં છે. આ પગલાંનાં દર્શન કરવા સેંકડો યાત્રાળુઓ આ પર્વત પર રોજ ચઢે છે. આ શિખર પર ઊભા રહી ચારે બાજુ નજર કરતાં બહુ અદ્‌ભુત દૃશ્ય નજરે પડે છે. ચારે તરફ પથરાયલાં મેદાનો, દૂર દૂર દેખાતી ઝાંખી ભૂરી પર્વતમાળા, વચ્ચે વચ્ચે રૂપેરી રેખા જેવાં દેખાતાં નાનાં ઝરણાં અને ઉપર આવેલું ગહન નીલું આકાશ—સર્વ જોનારના મનને કોઈ અગમ્ય ને અદ્‌ભુત પ્રદેશમાં ખેંચી જતાં હતાં.

ઊતરતી વખતે રસ્તામાં આવેલી ગુફાઓમાં રહેતા કેટલાક મહાત્માઓનાં દર્શન કર્યાં; તથા એમના સંસર્ગનો લાભ લીધો. ત્યારબાદ પર્વત પર આવેલા જુદા જુદા કુંડો જોયા. લગભગ બપોરે શંકરગિરિજીના આશ્રમે આવી પહોંચ્યા. અહીં જમી કરી ફરી નીચે ઊતરવા માંડયું અને સંધ્યાકાળે જૂનાગઢ પહોંચી ગયા. બીજે દિવસે બધા સાધુઓ પગ દુખવાની અને સાંધા કળવાની બૂમો પાડતા હતા. કેટલાકથી તો બે દિવસ સુધી બરોબર ચલાતું પણ નહોતું. પણ રામકૃપાથી રામદાસને કંઈ પીડા કે તકલીફ થતી નહોતી.

અહીં મગનલાલ અને કાન્તિલાલ નામના બે યુવક મિત્રોના પ્રસંગમાં રામ રામદાસને લાવ્યો. બંને જણને રામદાસ પ્રત્યે ખૂબ ખેંચાણ થયું. તેઓ રોજ સાંજે રામદાસને ત્યાંના બાગમાં અને આંબાવાડીઆમાં ફરવા લઈ જતા. એમની સાથે એક વખત

રામદાસ લક્ષ્મણ ટેકરી પર ચઢ્યો હતો. તેઓએ કેટલાક મુસ્લીમ ભાઇઓ સાથે પણ રામદાસની ઓળખાણ કરાવી, ને દાતાર પર્વતની તળેટીમાં આવેલી દાતાર મસ્જીદની મુલાકાત લીધી. મગનલાલ મારફત બીજા કેટલાક ભાઇઓનો પણ પ્રસંગ પડ્યો. આ સહુ ભાવિક હતા. મગનલાલે રામદાસને સોમનાથ પાટણ નામના ઐતિહાસિક સ્થળની યાત્રા માટે વ્યવસ્થા કરી આપી. રામકૃપાથી સ્ટેશન પર મળી આવેલા એક ગૂજરાતી મિત્ર સાથે રામદાસ સોમનાથ પહોંચ્યો.

વેરાવળ પહોંચ્યા ત્યારે મગનલાલના સગા એક શેઠને ત્યાં આ ભાઇ રામદાસને લઇ ગયા. રામદાસ ત્યાં પહોંચ્યો ત્યારે આ શેઠ ભારે તાવમાં પટકાઇ પડ્યા હતા, અને આખું ઘર ચિંતાગ્રસ્ત હતું. શેઠની પથારી પાસે બેસી રામદાસે એમનો હાથ પકડ્યો તો ખૂબ તાવ જણાયો. ત્યાંથી નીકળતી વખતે શેઠનાં સગાંઓ તથા બીજા મિત્રોએ રામદાસને શેઠને આરોગ્ય બક્ષવા પ્રાર્થના કરી. તે પ્રમાણે રામદાસે આશીર્વાદ આપ્યા જે રામજીની કૃપાથી શેઠને બીજે દિવસે સારું થઇ જશે.

અહીં પણ રામે પોતાનો પરચો બતાવ્યો. બીજે દિવસે સવારે દરદી જ્વરમુકત થઇ ગયો. છેલ્લા પાંચ દિવસથી એને લાગલાગટ તાવ આવતો હતો. રામજીની દયાથી તાવ ઊતરી ગયો એટલે શેઠ પોતાની દુકાને જઈ શકયા. દુકાનનું મકાન ખૂબ મોટું હતું; એના છેક ઉપરના માળે રામદાસનો મુકામ હતો. અહીં પણ બધા રામદાસ પર ફીદા હતા. એક દિવસ સોમનાથનું મંદિર તથા ત્યાંના પ્રાચીન અવશેષો તેણે જોયા. જ્યાં સોમનાથની પ્રચંડ મૂર્તિ છે તે ભોંયરામાં એ ઊતર્યો અને મૂર્તિ સામે ઊભો. આ મૂર્તિની સંમુખ રામદાસના અંતરમાં આનંદનાં પૂર ઊલટયાં. મંદિરથી થોડે દૂર વહેતી નદીમાં સ્નાન કર્યું. ત્યાંથી વેરાવળ પાછા આવી પ્રાચી અને

મઢી ગોરખનાથનાં દર્શન કરવાની પોતાની ઇચ્છા પેલા શેઠને જણાવી; તથા બીજે દિવસે પગપાળા જ નીકળવાનો વિચાર દર્શાવ્યો.

"ના મહારાજ, આપ પગપાળા ન જશો. ત્યાંનો રસ્તો એટલો બધો પથરાળ છે કે ઘોડાગાડી પણ જઇ શકતી નથી. હું આપને માટે બળદ ગાડીની વ્યવસ્થા કરીશ. વળી એ કંઈ પાસે નથી; અહીંથી સોળેક માઇલ હશે. આપના જેવા દુર્બળ શરીરે એટલી લાંબી મુસાફરી ન થાય."

પેલા ભાઇના આગ્રહથી પોતાની ઇચ્છા વિરુદ્ધ રામદાસને પ્રાચી જતા કેટલાક ભાઇઓ સાથે એક ગાડામાં બેસવું પડ્યું. પેલા ભલા શેઠે એક રૂમાલને છેડે બે રૂપિયા બાંધી રામદાસના ગજવામાં નાખ્યા. પ્રાચી જવા આવવાનું આ ભાડું હતું. તેઓ અર્ધો ગાઉ પણ ચાલ્યા નહિ હોય ત્યાં તો ગાડાવાળાએ બળદને ડંડીકા મારવા માંડ્યા. રામદાસથી આ જોવાયું નહિ. એને એ માર પોતાના બરડા પર પડતો લાગ્યો. એણે ગાડા વાળાને વિનંતિ કરી જે બળદને મારવા નહિ, પણ ગાડાવાળાએ જણાવ્યું કે માર્યાવિના બળદ ચાલશે નહિ. આથી રામે રામદાસને હુકમ કર્યો કે ગાડામાંથી ઊતરી જવું. ભાડાનો એક રૂપિયો આપી રામદાસ ઊતરી ગયા અને ચાલતો ચાલતો બપોરે પ્રાચી પહોંચ્યો.

રસ્તામાં ભારો લઇને જતા એક ગરીબ માણસની પાસેથી રામદાસ નીકળ્યો. રામદાસને જોઈ તે બાજુ પર ખસી ગયો અને રસ્તાની બીજી બાજુ ચાલવા લાગ્યો. જરા આગળ ચાલ્યા એટલે સામેથી બીજો એવો માણસ આવતો મળ્યો. બંનેએ અરસપરસ રામરામ કર્યાં. પછી રામદાસે પેલા ભારાવાળાને પૂછ્યું, "ભાઇ, તું આમ દૂર દૂર કેમ ચાલે છે?"

"બાપજી હું અંત્યજ છું."

"અરે તેમાં શું ? અંત્યજ હોવા છતાં તું રામદાસનો ભાઇ જ છે," કહી રામદાસે એની પાસે જઇ હાથ પકડયો. પેલો મુંઝાઇને રામદાસને તાકી જ રહ્યો.

"મહારાજ હું ઢેડ છું."

"રામદાસ તારો ભાઈ છે. જેના મુખે રામનામ વસે છે તે બ્રાહ્મણ કરતાં પણ પવિત્ર છે. ભગવાનને ત્યાં સહુ સરખા છે."

છૂટા પડવાનો વખત આવ્યો ત્યાં સુધી રામદાસે આ અંત્યજ ભાઈ સાથે રામના મહિમાની જ વાત કરી. એક નાળિયું આવતાં એ છૂટો પડી તે રસ્તે ચાલ્યો. પછી રામદાસને એક મુસ્લીમ ઘોડેસ્વારનો સાથ થયો. ઘોડાપર કંઈ માલ લાદેલો હતો. આ મુસ્લીમ બહુ સરળ અને નિષ્કપટ હતો. પ્રાચી પહોંચ્યા ત્યાં સુધી આ મિત્રના સંગમાં રામદાસને આનંદ પડયો. પ્રાચીના તળાવમાં (એક નદી આ તળાવમાં વાળેલી છે) સ્નાન કરી કેટલાંક મંદિર જોયાં, બે સાધુઓનાં દર્શન કર્યાં, અને પાછો આવવા નીકળ્યો. સંધ્યાકાળે મઢી ગોરખનાથ પહોંચ્યો ને ત્યાંના સાધુઓ સાથે રાત રહ્યો. અહીંનું મંદિર પણ ભોંયરામાં છે; કેટલાંક પગથિયાં ઊતરી અંદર જઈ શકાય છે.

ત્યાંથી પરોઢિયે નીકળી બીજે દિવસે બપોરે વેરાવળ પહોંચ્યો. વેરાવળ આવી પહેલું કામ એ કર્યું કે વધેલો એક રૂપિયો પેલા શેઠને આપી દીધો. આખો રસ્તેઃ રામનામનું રટણ કરતાં કરતાં એણે બહુ ઉત્સાહથી અને શ્રમવિના કાપ્યો હતો. બીજે દિવસે ટ્રેનમાં બેસી એ જૂનાગઢ પાછો ગયો. મગનલાલ તથા કાન્તિલાલે એને પ્રેમ પૂર્વક આવકાર્યો, અને જૂનાગઢમાં થોડા દિવસ ગાળવા દબાણ કર્યું. રામની ઇચ્છાથી રામદાસે એક શરતે એમની વાત કબૂલ કરી. પોતે કશી દખલ વિના આખો દિવસ રામભજન કરી

શકે એવી એકાંત જગા મળે તો રામદાસને રહેવાને હરકત ન હતી. આ ઈચ્છાનુસાર મુચકુંદ ઋષિનો આશ્રમ પસંદ કરવામાં આવ્યો-રામે જ સુઝાડયો. ગિરનાર જવાના રસ્તા પર ભર જંગલમાં આ આશ્રમ આવેલો છે ને જૂનાગઢથી લગભગ ચાર માઈલ દૂર છે. અહીં એક પડી ગયેલું મંદિર છે અને થોડાં ખંડિયરો છે. આ ખંડિયરો મૂળ સમાધિઓ હશે એમ લાગે છે. આખા સ્થળનો દેખાવ કિંચિત ભયંકર લાગે છે.

૩૨

મુચકુંદ ગુફા અને દ્વારકાં

આ આશ્રમમાં રામદાસ દસ દિવસ રહ્યો. એક નાનું તાપણું સળગાવી તે આખી રાત ઈશ્વર ભજનમાં ગાળતો. આ જગાએ ચામાચીડિયાં અને કબૂતર પુષ્કળ હતાં. આ સ્થાન નિર્જન અને ભયાનક હોવાથી ગામના લોકો તથા બીજા સાધુઓ આવા એકાંત સ્થાને રહેતા સંન્યાસીનાં દર્શને ખાસ આવતા. આવા કેટલાક મિત્રોએ આ સ્થળની કહેવાતી ભયાનકતા તરફ રામદાસનું ધ્યાન દોર્યું. આ સર્વેને એક જ જવાબ મળતો કે રામ રાખે તેને કોણ ચાખે? મગનલાલ તથા કાન્તિલાલ રોજ અહીં આવતા. લાહોરના એક મૌલવીએ કરેલું કુરાનનું અંગ્રેજી ભાષાંતર તેઓ પોતાના મુસ્લીમ મિત્ર પાસેથી રામદાસ માટે માગી લાવ્યા. કુરાન એ સાચે જ મહાન ગ્રંથ છે. પયગંબર સાહેબનો આ ઉપદેશ વાંચી રામદાસને બહુ લાભ થયો.

ત્યાર પછી આ જગાએથી ઊપડવાનો આદેશ આવ્યો; તે પ્રમાણે રાતની ગાડીએ જૂનાગઢ છોડયું અને કોઈક જંક્ષને ગાડી બદલી પોરબંદર પહોંચ્યો. સ્ટેશનથી સુદામાપુરી ગયો. શ્રીકૃષ્ણના પરમ સખા સુદામાઋષિનું આ નિવાસસ્થાન હોવાથી એનું નામ સુદામાપુરી પડયું છે. અહીં સુદામાના પૌંઆ અને શ્રીકૃષ્ણે કરેલો તેનો પ્રેમપૂર્ણ સ્વીકાર તથા શ્રીકૃષ્ણે લીધેલું સુદામાનું ચરણામૃત વગેરે પ્રસંગો રામદાસને યાદ આવ્યા; અને સ્વામી રામતીર્થના શબ્દો "A slave is a slave because he is free" (જે દાસ છે તે પોતે સ્વતંત્ર હોઈને જ દાસ છે) પણ યાદ આવ્યા.

બે સાધુઓની સોબતમાં અહીંનું શ્રીકૃષ્ણનું મંદિર જોયું. કહેવાય છે કે હાલ જ્યાં મંદિર છે ત્યાં જ સુદામાની ઝૂંપડી હતી. તે જ સાંઝે તે ત્રણ જણા અને બીજા બે સાધુઓ મળી કુલ પાંચ જણ દ્વારકાં જવા નીકળ્યા. એક દાઢીવાળા સાધુને આ ટોળીનો નાયક નીમવામાં આવ્યો. એને માથે મોટો ફેંટો હતો, પીઠ પર જાડી કાંબળ હતી, એક હાથમાં પાવડીઓ હતી ને બીજા હાથમાં ફૂટલો લોટો હતો; ખભે ઘોડી લટકતી હતી, શરીરે રૂની ડગલી પહેરી હતી અને કેડે લંગોટી વીંટાળી હતી. તેનો સ્વભાવ ભોળો ભલો ને સરળ હતો. વાતોના ગપાટા મારતા તેઓએ ગાઉ પછી ગાઉ કાપી નાખ્યા. રામદાસ કોઈવાર આ વાતો સાંભળતો, પણ મુખ્યત્વે તો રામભજનમાં જ રોકાયલો રહેતો. રસ્તે એક નાના ગામડામાં રાતવાસો રહ્યા. ગામવાળાએ સાધુઓનો સારો આદરસત્કાર કર્યો.

બીજે દિવસે પહો ફાટતાં જ અગ્રેસર સાધુએ કૂચનો હુકમ આપ્યો. ઊંઘને ખંખેરી સાધુઓ જાગ્રત થઇ ગયા અને પોત-પોતાની ઝોળી ઉપાડી ચાલવા મંડયા. આમ બપોરે અને રાત્રે

ગામડાંમાં વિસામો કરતા તેઓ મૂળ દ્વારકાં આવી પહોંચ્યા. સુદામાપુરીથી આ લગભગ વીસ માઈલ દૂર છે. અહીં સાધુઓનો એક આશ્રમ છે. એમાં વીસથી ત્રીસ પરિવ્રાજક સાધુઓ રહેતા હોય છે. નવા આવેલા સાધુઓ આ આશ્રમવાસીઓમાં ભળી ગયા અને પછી મંદિર જોઈ આવ્યા. કહેવાય છે કે બેટદ્વારકાંમાં જઈને રહ્યા તે પહેલાં શ્રીકૃષ્ણ આ જગાએ રહેલા.

થોડીક વધારે મુસાફરી કરી તેઓ ગોમતી દ્વારકાં પહોંચ્યા. હાલ લુપ્તપ્રાય થયેલી પવિત્ર ગોમતી નદી એક કાળે અહીં વહેતી તેથી આ જગાનું તીર્થસ્થાન તરીકે માહાત્મ્ય છે. અહીંના મોટા મંદિરમાં દર્શન કરી એક દિવસ સાધુસંગમાં ગાળ્યો. રોજ સાધુઓનાં ટોળેટોળાં અહીં આવે છે. ત્યાર પછી પેલા સાધુરામની સરદારી નીચે સંઘ આગળ ચાલ્યો. સ્ટેશને આવી તેઓ બધા ગાડીમાં બેઠા. ગાડી સાધુઓથી ભરેલી હતી. એ ગાડીનું નામ જ "સીતારામ ગાડી" હતું. આવી રીતે સાધુઓને મફત મુસાફરી કરવા દઈ રેલ્વે કંપની ખરેખર એક શુભ કાર્ય કરે છે. રામદાસને બીજા ચાળીસેક સાધુઓના સંગમાં લાવી મૂકવામાં રામની મહાન કૃપા હતી. આ બધા સાધુઓ ખેલતા કૂદતા બાળકો જેવા નિર્દોષ અને સરળ હતા તથા સંપથી વર્તતા હતા. દરેક જણ પોતાની ઝોળી છોડી એમાંથી છીપો, શંખ, રુદ્રાક્ષના મણકા વગેરે પોતે યાત્રામાં ભેગી કરેલી નવીન અથવા જોવા લાયક ચીજો પોતાના પડોશીને બતાવતો.

આખરે છેલ્લે સ્ટેશને આવી ગાડી અટકી. અહીંથી તેઓ દરિયા પર ગયા. એક મુસલમાનની માલિકીની સ્ટીમ લૉંચમાં તેઓને બેસવાનું મળ્યું. આ પ્રમાણે મફત બેસવાની રજા મળતા બધા સાધુઓ એક અવાજે ગર્જી ઊઠયા, "મહંમદ કી જય હો!" ખાડી ઓળંગી તેઓ બેટ દ્વારકાં પહોંચ્યા. ત્યાં પહોંચ્યા ત્યારે રાત

પડી ગઈ હતી. ધર્મશાળામાં રાત ગાળી સવારે દ્વારકાંધીશનું મંદિર જોયું. શ્રીકૃષ્ણની મૂર્તિ સંમુખ ઊભો ત્યારે રામદાસને અનિર્વચનીય આનંદ તથા મસ્તીનો અનુભવ થયો. લગભગ બે કલાક તે સમાધિ-મગ્ન દશામાં મંદિરમાં રહ્યો. ત્યાંથી નીકળી તે દરિયા પર રખડયો અને રામભજન કરતો કરતો એક ખડક પરથી બીજા ખડક પર કૂદતો. સાધુઓનો સંઘ બે દિવસ રહ્યા. ત્રીજે દિવસે નાયકનો હુકમ થતાં બધા પાછા આવવા નીકળ્યા.

પાછા આવતાં એક બનાવ બન્યો. હંમેશની માફક તેઓ એક નાના ગામડામાં રાતવાસો રહ્યા. પરોઢ થતાં પહેલાં સાધુરામે હુકમ કર્યો ને બધા ઊપડયા. આ વખતે રોજ કરતાં જરા વહેલા નીકળ્યા; દિવસ ઊગવાની હજી વાર હતી. સાધુઓ બબડવા લાગ્યા કે રસ્તો બરોબર સૂઝતો નહોતો. આ ગામમાંથી બીજા બે સાધુઓ આ ટોળીમાં ભળ્યા હતા. બંને જુવાન હતા. તેમાંનો એક તદ્દન આંધળો હતો અને એને દોરતો બીજો સાધુ કાણો હતો. સાધુરામે બધાને ખાત્રી આપી કે સૂર્યોદયને વાર નહોતી. પરંતુ તેઓ અથડાતા કૂટાતા બેએક કલાક અંધારામાં ચાલ્યા, તોએ દિવસ ઊગવાનું નામ નિશાન જણાતું નહોતું. બધાએ હવે પેલા નાયકની ખબર લેવા માંડી, પરંતુ એ તો મૂગા મૂગા રસ્તો કાપતા હતા અને કોઇની ટીકાનો જવાબ આપવાની પરવા કરતા નહોતા. તે પોતે પણ બહુ મુશ્કેલીથી એકએક ડગ ભરતા, અને પોતે રસ્તો ભૂલ્યા છે તથા આખા સંઘને ખોટે રસ્તે દોરી રહ્યા છે એવું સમજી ગયા હતા.

બધા ધીમે ધીમે આગળ વધતા હતા. પહેલાં થોડી ભીની જમીન આવી; પછી કાદવ આવ્યો, તોએ તેઓ આગળ ચાલતા ગયા. આખરે ઘૂંટણ સુધીના કાદવમાં બધા ખૂંપી ગયા. હજી તો ગાઢ અંધકાર હતો. એકદમ બધાએ થંભી જવા માટે કિકિયારી કરી. બધાએ સૂર્યોદયનાં ચિહ્નો માટે ક્ષિતિજ તરફ

આંખો ખેંચી જોઈ રહ્યા હતા. પરંતુ સૂર્યદેવતાની પધરામણીને હજી ઘણી વાર હતી. સાધુઓ અકળવા લાગ્યા ને સાધુરામને પૂછવા લાગ્યા કે હવે શું કરવું છે? સાધુરામ બિચારા શો જવાબ આપે? થોડો વખત નિષ્ફળ ચર્ચા કર્યા બાદ બધાએ સર્વાનુમતે નક્કી કર્યું કે સૂર્ય ઊગે ત્યાં સુધી ત્યાંના ત્યાં જ થંભી જવું, કેમકે હવે આગળ વધવામાં જોખમ હતું-કાં તો કાદવમાં વધારે ઊંડા ઊતરી જવાય અથવા તો કોઇ પાણીના ખાડામાં ડૂબી જવાય.

૨૩

મુંબઈ

આ કાદવમાં અને કકડતી ઠંડીમાં લગભગ એક કલાક વીત્યો. આખરે પૂર્વ દિશામાં અરુણની સવારી આવી ચઢી અને ક્ષિતિજ લાલ રંગાઈ ગયું. સૂર્યોદય થતાં જ સહુના હૃદયમાં આશા અને હર્ષનો સંચાર થયો. બધા સાધુઓએ સાધુરામની નેતાગિરી ફગાવી દેવાનો નિર્ધાર કર્યો હતો. તેઓ બબ્બેનાં જોડકામાં ત્યાંથી ચાલી નીકળ્યા. આ બધો વખત રામદાસ તો રામસ્મરણમાં લીન બની મૂક દ્રષ્ટા બની રહ્યો હતો. તેણે સાધુરામનો સંગ છોડયો નહિ. એમની પાવડીઓ તથા લોટો ઊંચકી તે એમની સાથે સાથે ચાલ્યો. થોડો વખત તો સાધુઓ છૂટા પડી ગયા પણ બધા પાછા સ્ટેશને ભેગા થયા. બધા ઉત્તર તરફ જતી ગાડીમાં બેઠા.

વીરમગામ ગાડી બદલવાની હતી. ઉતારૂઓની ભીડમાં રામદાસ તથા સાધુરામ છૂટા પડી ગયા તે ફરી મળ્યા નહિ. સાધુરામને મથુરાં જવું હતું એટલે કદાચ એ તે બાજુ જતી ગાડીમાં ચઢી ગયા હશે. રામદાસ બીજા કેટલાક સાધુઓ સાથે મુંબઈ જતી ગાડીમાં બેઠો. રામની એવી મહેરબાની હતી કે આ ગાડી સીધી જ મુંબઈ જતી હતી અને રસ્તામાં કોઈ ઠેકાણે ગાડી બદલવાની ન હોતી.

ગાડી અમદાવાદ નજીક આવી હશે ત્યાં એક સ્ટેશનેથી ટિકિટ તપાસનાર ઈન્સ્પેક્ટર ચઢ્યો. રામદાસ અને બીજા છ એક સાધુ ટિકિટ વિના મુસાફરી કરતા હતા. બીજા સાધુઓને ઊતરી જવાનો હુકમ મળ્યો. એક પછી એક સાધુ ઊતરવા લાગ્યા. રામદાસ પણ ઊભો થયો. એની બાજુમાં જ ઇન્સ્પેક્ટર ઊભો હતો તેણે રામદાસને ખભે હાથ મૂકી એને પાછો બેસાડી દીધો અને બોલ્યો, "મહરાજ મેં આપને નથી કહ્યું. તમારે ઊતરવાની જરૂર નથી."

હે રામ! રામદાસ પર આવો પક્ષપાત શા માટે? પણ એ પૂછવાનો ય અધિકાર રામદાસને નથી. આ દાસ તારા ચરણે પડેલો છે એટલું જ એને માટે બસ છે. અમદાવાદ પસાર થયા પછી કેટલાક ભાઈઓએ એને ફળફળાદિ આપ્યાં. આખો વખત રામનામ જપતો એ તો મૂગો જ બેઠો હતો છતાં બધા ઉતારુઓ એના તરફ માયાથી વર્તતા. લગભગ સાંઝના આઠ વાગે ગાડી ગ્રાંટરોડ પહોંચી. અહીંથી બહાર નીકળી, રામની પ્રેરણાનુસાર રામદાસ સીધો ભુલેશ્વર તરફ ચાલી નીકળ્યો. ચાલતાં ચાલતાં બે ત્રણ વાર એને રસ્તો પૂછવો પડ્યો. ભુલેશ્વરનું મંદિર આવી પહોંચતાં તેના પગથિયા પર એણે રાત ગાળી. મંદિરની પાસે જાનકીબાઈની વિશાળ ધર્મશાળા છે.

ધર્મશાળા હંમેશ ભરેલી રહે છે. બસોથી ત્રણસો સાધુઓની તેમાં સવડ છે. પ્રાતઃકાળે ચારના શુમારે આ ધર્મશાળામાંથી આવતા મધુર સંગીતથી રામદાસ જાગી ગયો. ગીતનો વિષય રાધા-કૃષ્ણ ની લીલા હતી. કોઈ બે બહેનો બહુ ભાવથી આ ભજન ગાતી હતી. વાતાવરણ એમના મોહક સૂરથી ભરાઈ ગયું હતું. એમના સ્વર સંગીતમાં ખુદ કૃષ્ણનો પ્રેમ ભળી ગયો જણાતો હતો. આ સંગીત સાંભળતાં સાંભળતાં રામદાસ આનંદ સમાધિમાં ડૂબી ગયો. સંગીત ચાલ્યું ત્યાં સુધી તેની આ દશા રહી.

સવાર થયું. નળ નીચે નહાઈ રામદાસ પોતાના સ્થાને પાછો ફર્યો ત્યારે એક જણે એના હાથમાં 'ચિટ્ઠી' મૂકી અને એવા ચિઠ્ઠીવાળા બીજા છ સાધુઓ સાથે આવવા નિમંત્રણ આપ્યું: "તમને બધાને એક શેઠે પોતાને ત્યાં ભોજન માટે આમંત્ર્યા છે."

સાતે સાધુઓ આ ભાઈની પાછે થયા. રસ્તાઓ વટાવતા વટાવતા તેઓ પોતાના યજમાનના ઘેર આવી પહોંચ્યા. જમવાને હજુ વાર હોવાથી બધા સાધુઓ કંપાઉંડમાં એક ઝાડ તળે બેઠા. રામદાસ પણ ત્યાં પડેલા એક લાકડા પર બેઠો. એક સાધુ તેની પાસે આવી કહેવા લાગ્યો, "સ્વામીજી, મારી ચિઠ્ઠી કોણ જાણે કયાં રસ્તામાં પડી ગઈ, મારે બે દિવસના ઉપવાસ છે. ચિઠ્ઠી વિના મને જમાડશે કે નહિ?"

રામે એક જ જવાબ સુઝાડયો, તે પ્રમાણે તરત જ પોતાની ચિઠ્ઠી ચુપચુપ પેલા સાધુને આપી રામદાસ ત્યાંથી પ્રફુલ્લ ચિત્તે ચાલી નીકળ્યો. અહીંથી નીકળી એક પાગલની માફક તે રસ્તામાં રખડયો. પાગલની માફક શા માટે? રામદાસ પાગલ જ હતો. તે ચાલ્યે જ ગયો. કશા વિચાર વિના તે કોટ તરફ ચાલ્યો અને ત્યાંના રસ્તાઓ પર રખડયો. એક ફુટપાથના ખુણા પર એક માણસે તેને નમસ્કાર કરી પૈસો ધર્યો. આ માણસ પચાસેકનો

લાગતો હતો; એના મુખ પર વિષાદની છાયા હતી. રામદાસે સામા નમસ્કાર કર્યા અને પોતાને પૈસા ખપતા નથી જણાવી કંઈક ફળ લેવાની ઇચ્છા બતાવી. પાસે જ એક બાઈ કેળાં વેચતી હતી. પેલા ભાઇએ પૈસાનું એક કેળું ખરીદી રામદાસ ને આપ્યું.

પછી રામદાસને બેસાડી પોતાનો ઇતિહાસ કહ્યો. એણે કહ્યું, " મારે રતન જેવો એકનો એક દીકરો હતો. એ એવો તો ચાલાક, ભલો તથા હોશિયાર હતો, એવો હેતાળ અને ફુટડો હતો કે કહેવાની વાત નહિ. મેં તો એના પર કેટકેટલી આશા બાંધી હતી. આવો મારો આદર્શ પુત્ર ગયા માસમાં પ્લેગમાં ગૂજરી ગયો. આ આઘાત મારાથી સહેવાતો નથી ને હું શોકથી લગભગ ગાંડો થઇ ગયો છું. આ દુઃખ સહન કરવાનો આપ કંઈ માર્ગ બતાવો એવી પ્રાર્થના છે."

" બાઈ, મૃત પુત્રનો શોક કરવો એટલે મોહ અને માયાના પાશમાં પડવાનું. આ શોકમાંથી છૂટવું એટલે માયારહિત સત્યને જાણવું. આ સત્યને પામવાનો એક જ માર્ગ છે—ઇશ્વર સ્મરણ, ઇશ્વરનું ધ્યાન."

" પણ ધ્યાન કરવું કેવી રીતે ? મારાથી મન વશ થતું નથી."

" આ ઘડીએ જ શરૂ કરો. રામની પ્રેરણાથી રામદાસ તમને જે મંત્ર આપે છે તેનો જપ કરો અને શું થાય છે તે જુઓ."

આમ કહી રામદાસે એને રામમંત્ર આપ્યો ને ત્યાં ને ત્યાં જ લગભગ પંદર મિનિટ સુધી જપ કરાવ્યો. મંત્ર જપતાં જપતાં પેલાને સાન્ત્વન મળતું લાગ્યું. પછી ઊભો થઇ તેણે

રામદાસને પ્રણામ કર્યાં ને કહ્યું, “ શાન્તિ મેળવવાની સાચી કૂંચી આજે મને મળી ગઈ. મંત્ર જપતાં જપતાં જ મને શાન્તિનો અનુભવ થતો હતો. હવે હું આ મંત્ર હંમેશ જપ્યા કરીશ.” એટલું કહી પેલો ભાઈ ચાલ્યો ગયો ને રામદાસ પોતાને રસ્તે પડ્યો.

હવે પોર્ટ ટ્રસ્ટ બિલ્ડીંગની પાસેના રસ્તા પર તે આવી લાગ્યો હતો. ગલીકૂંચીઓની ભૂલભુલામણીમાંથી, પૂલો પરથી ને રેલ્વેના પાટા પરથી એ તો ચાલ્યો જતો હતો. ત્રણેક વાગે એ એક મકાન આગળ આવી ઊભો રહ્યો. આ મકાન કાંઈક પરિચિત લાગતું હતું. ઊંચે જોતાં તેણે શ્રી. રામકૃષ્ણરાવનું પાટિયું વાંચ્યું. શ્રી. રામકૃષ્ણરાવ ચિત્રકારનો ધંધો કરતા હતા. રામે દાદર ચઢવાનો હુકમ કર્યો; દાદર ચઢી રામદાસ ચિત્રકારની આગલી ઓરડીમાં જઈને ઊભો રહ્યો. રામકૃષ્ણરાવ એને જોઈ ખુશ થઈ ગયા. એમની સાથે રામદાસ ચાર દિવસ રહ્યો. એમના ઘરનાં માણસો પણ બહુ માયાળુ હતાં.

અહીં રહ્યા તે દરમિયાન રોજ સવારે રામદાસ જુદાં જુદાં મંદિરો જોવા જતો અને ત્યાં રહેતા સાધુઓનાં દર્શન કરતો. વાલકેશ્વરના મંદિરના તળાવના પગથિયાં પર તે એક રાત રહ્યો હતો અને લગભગ આખી રાત રામભજનમાં ગાળી હતી. ત્યાર બાદ મુંબઈથી નીકળવાનો આદેશ આવ્યો. ભાઈ રામકૃષ્ણ એને સ્ટેશન સુધી વળાવવા આવ્યા એટલું જ નહિ પરંતુ નાશિકની ટિકિટ કઢાવી ગાડીમાં બેસાડી ગયા. વળી રામદાસની એમને એટલી ફિકર હતી કે કેળાં નારંગી તથા થોડી મિઠાઈનું એક પડીકું પણ આપતા ગયા. ગાડી ઊપડી. રામની મરજીથી રામદાસની જોડે જ બેઠેલા ભાઈનો રામદાસને સત્સંગ મળ્યો. નાશિક એ સ્ટેશન દૂર રહ્યું ત્યાં સુધી એ ભાઈ સાથે જ હતા. આખો રસ્તો એણે રામની

જ વાત કરી. વચ્ચે વચ્ચે શીઘ્ર ભજન બનાવી ગાતા પણ હતા. ખરું કહીએ તો એ રામદાસથી પણ વધારે રામના દિવાના હતા. રામના દિવાના થવું એટલે શું તે રામ આ રીતે રામદાસને શીખવી રહ્યો હતો. એ મિત્રની વાતમાં ને એમનાં ભજન સાંભળવામાં ખૂબ આનંદ આવ્યો. બધું રામની યોજના પૂર્વક જ બનતું હતું. રામની દયાની શી વાત થાય? પોતાને સ્ટેશને ઊતરતાં પહેલાં આ ભાઇએ બીજા એક ઉતારુને રામદાસની ભાળવણી કરી.

નાશિક આવ્યું. પેલો મિત્ર એને સ્ટેશનની બહાર લઇ ગયો. ત્યાં ઊભેલી ટ્રામમાં બંને જણ બેસી ગયા. લોકો ભરાઈ જતાં ઘંટડી વાગી ને ટ્રામ ઊપડી. બીજા ઉતારુઓને ટિકિટ ફાડી આપી, કંડકટર રામદાસ પાસે આવ્યો ને ટિકિટના પૈસા માગ્યા. રામદાસ પાસે તો પૈસા જ નહોતા એટલે રામદાસ શું બોલે? પણ પાસે બેઠેલા બીજા ભાઇઓ વચ્ચે પડયા ને બધા એકમતે કંડકટરને કહેવા લાગ્યા કે સાધુને પજવ્યા વિના ટ્રામમાં મફત જવા દેવો, કારણ સાધુ પાસે પૈસા ન હોય. આ લોકોની ભલામણ કંડકટરે માન્ય રાખી.

ત્રણેક માઇલ પછી એક ઇન્સ્પેકટર આવ્યો. એ પ્રૌઢ ઉમ્મરનો હતો તથા એણે દાઢી રાખી હતી. રામદાસ પાસે આવી એણે ટિકિટ માગી પણ રામદાસ પાસે તો ટિકિટ હતી નહિ એટલે પેલો ચિડાયો અને બગડવા લાગ્યો, તથા સાધુને મફત જવા દેવાનો વિરોધ કરવા લાગ્યો. આ વખતે પણ પેલા બીજા મિત્રોએ રામદાસનો પક્ષ લીધો. પરંતુ એમના કહેવાની કશી અસર થઇ નહિ, એટલે ઊતરી જવા સિવાય રામદાસને કંઇ રસ્તો રહ્યો નહિ આથી ઊભા થઇ એણે ઇન્સ્પેકટરને ટ્રામ થોભાવવા કહ્યું. પરંતુ આખરે રામની જીત થઇ. ઇન્સ્પેકટરનો એકાએક હૃદયપલટો થયો. એણે રામદાસને પાછો બેસાડી દીધો, અને છેક સુધી ટ્રામમાં

જવાની પરવાનગી આપી. રામની કસોટી હંમેશાં ઓચિંતી જ આવે છે. આપણે એને માટે સર્વદા તૈયાર રહેવું જોઇએ અને જે જે કંઇ આવી પડે તે ધીરજથી અને પૂર્ણ શ્રદ્ધાથી વધાવી લેવું જોઇએ. એમ કરવાથી ભય, દુઃખ કે નિરાશાને સ્થાન જ નથી રહેતું.

૩૪

પંચવટી અને તપોવન

પંચવટી પહોંચ્યા, પવિત્ર ગોદાવરીનાં દર્શન કર્યાં. નદીના કિનારે અનેક અન્નક્ષેત્રો આવેલાં છે જ્યાં સાધુઓ, બ્રાહ્મણો, તથા ગરીબ ગુરબાંને સદાવ્રત અપાય છે. રામદાસ આવા એક ક્ષેત્રમાં ગયા. અન્નક્ષેત્રના ઓટલા પર કેટલાક વૈરાગીઓ, બાળકો અને સાધ્વીઓ બેઠાં હતાં. અહીં આગ્રી રામકૃષ્ણરાવે આપેલું ફળફળાદિનું બંડલ છોડવાની રામની આજ્ઞા થઈ; તે પ્રમાણે કરી બધાં ફળ છોકરાઓને વહેંચી દીધાં. એટલું કરતાં એને માથેથી ભાર ઓછો થઇ ગયો. રામની આજ્ઞા હતી કે કદી અન્ન કે વસ્ત્રની પંચાત કરવી નહિ. પછી નદીએ જઇ નહાઈ કપડાં ધોઈ કિનારા પર ધ્યાનમાં બેઠો. ધ્યાનમાં ઘણો વખત જતો રહ્યો. એ જાગ્યો ત્યારે બપોર થઇ ગયા હતા. પછી રામદાસ ધર્મશાળામાં ગયો તો ત્યાંથી કેટલાક સાધુઓને જમી પરવારીને હાથ ધોવા માટે બહાર નીકળતા દીઠા. રામદાસ ગુપચુપ બહાર બેઠો અને

નામસ્મરણ કરવા લાગ્યા. થોડી વારે એક ગામડિયા જેવો માણસ આવ્યો ને તેની પાસે બેસી ભોજનની વ્યવસ્થા વિષે પૂછવા લાગ્યો. રામદાસને નકારમાં જ જવાબ આપવાનો હતો.

"તો તો ચાલો. હું એક જગાએથી તમને ખાવાનું અપાવી શકીશ." એમ કહી રામદાસનો હાથ પકડી તે રસ્તા પર થોડું ચાલ્યો, અને એક ઊંચા મકાનમાં જઇ એકાદ સાધુ માટે ખાવાનું મળી શકશે કે કેમ તેની તપાસ કરી. જે માણસને આ પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો તે એટલા પરથી અંદર તપાસ કરવા ગયો. આ દરમિયાન રામદાસના સાથીએ એને કહ્યું, "મહારાજ! ફિકર કરશો નહિ. અહીંથી ખાવાનું નહિ મળે તો હું ગમે ત્યાંથી આપને અવશ્ય ભોજન અપાવીશ."

રામદાસે જવાબ આપ્યો, "રામદાસના મુખમાં રામનું નામ છે ત્યાં સુધી એને આવી કશી ચિંતા જ થતી નથી."

પાછળથી રામદાસને અહીં જ ખાવાનું મળ્યું. ડગલે ને પગલે રામ સંભાળ રાખી રહ્યા છે. પોતાના ભક્તોની ભગવાન જેવી કાળજી રાખે છે તેવી તો એક માતા પણ પોતાના નવા જન્મેલા બાળકની નહિ રાખતી હોય. આ ધર્મશાળામાં એક વેપારી ધંધાથી ફારગ થઇ રહેતો હતો તેના હાથમાં રામે રામદાસની સુપરત કરી. આ વેપારીને રામદાસ માટે બહુ પ્રેમ હતો. અડધી રાતે ઊઠી તે રામદાસને ધાબળો ઓઢાડી જતો કારણ રામદાસે કાંબળ લેવાની તો ના પાડી હતી. આ મિત્રના આગ્રહથી રામદાસ ત્યાં બે દિવસ રોકાયો. બીજા દિવસે રાત્રે પેલા મિત્રે રામદાસને પૂછ્યું. "આપે ઇચ્છા પ્રમાણે સ્વપ્ન આપવાની પણ શક્તિ કેળવી છે કે શું?"

"રામદાસ એવું તેવું કાંઇ જ જાણતો નથી ભાઈ. એને તો માત્ર રામનું નામ લેતાં જ આવડે છે."

"આપ ધારો તો એવું જરૂર કરી શકો. દાખલા તરીકે રામની પાસેથી ડરબી લૉટરીનો ઈનામી નંબર જાણવાની તીવ્રઇચ્છા આપ કરો તો સ્વપ્નમાં એ જરૂર દેખાય."

"રામદાસને રામ સિવાય કશાની પડી નથી."

"પણ આવી રીતે જે પૈસા મળે તેનો પરમાર્થમાં ઉપયોગ કરવાનો છે—સાધુઓને જમાડવામાં. એમાં કોઇ અંગત સ્વાર્થ નથી."

"સાધુઓની ફિકર કરનાર રામ બેઠો છે."

પછી પેલા ભાઈ મૂગા થઈ ગયા. રામદાસને ધનપ્રાપ્તિનો લોભ થાય છે કે નહિ તે જોવા રામે આ બીજી કસોટી કરી જોઇ.

અહીં એક બીજો બનાવ બન્યો. ધર્મશાળામાં એક બિમાર છોકરી હતી. ચાર મહિનાથી એ તાવે પીડાતી હતી. એ છોકરીની માતાએ છોકરીના આરોગ્ય માટે રામને પ્રાર્થના કરવા રામદાસને વીનવ્યો. માતાની ઇચ્છા પ્રમાણે રામદાસ દરદીની પથારી પાસે ગયો અને એને તાવે ફડફડતી જોઈ એના આરોગ્યાર્થે રામની પ્રાર્થના કરી. રામના રસ્તા અગમ્ય છે. બાલિકાની તબીયતમાં એ દિવસ કંઈ સુધારો જણાયો, પરંતુ ફરી પાછો ઊથલો ખાધો.

બીજે દિવસે રામદાસ ચાલતો ત્રણેક માઈલ દૂર આવેલા તપોવનમાં ગયો. એમ કહેવાય છે કે લક્ષ્મણે આ જગાએ શૂર્પણખાનું નાક કાપ્યું હતું. તપોવન બહુ રમણીય સ્થળ છે. ગોદાવરીનું નિર્મળ નીર પર્વતરાજના પગ પખાળતું વહી રહ્યું છે. આ પર્વત પર ચઢીને જોતાં ચારે બાજુ બહુ સુંદર દેખાવ નજરે પડે છે. એક મોટા ખડકમાંથી નાની નાની ગુફાઓ હારબંધ કોતરી કાઢી છે. આમાંની એક ગુફા રામદાસે એક રાત્રિના ભજન સારૂ પસંદ કરી. પાણીની સપાટીથી આ ગુફા લગભગ ૯સ ફૂટ ઊંચે હતી. નદીમાં સ્નાન કરી રામદાસે ગુફામાં મુકામ કર્યો. ઠંડી અતિશય

હોવાથી એક મટકું પણ મરાયું નહિ. આખીરાત પાવનકારી રામનામ જપતો તે બેસી રહ્યો. તપોવનમાં એને ઘણા સાધુઓનો મેળાપ થયો. બીજે દિવસે પંચવટી પાછો આવી ત્યાં એક દિવસ રહ્યો.

૩૫

ત્ર્યંબકેશ્વર

બીજે દિવસે પરોઢમાં ત્યાંથી સોળ માઇલ દૂર આવેલા ત્ર્યંબકેશ્વર તરફ પ્રયાણ કર્યું. બપોરના ત્રણે ત્યાં પહોંચ્યો. પહેલાં ત્ર્યંબકેશ્વરનું મંદિર જોયું. આ મંદિર જોતાં કેદારનાથ અને બદરી-નાથનું સ્મરણ થયું. જે ઉચ્ચ પ્રદેશ પર ગામ તથા મંદિર બાંધેલાં છે તેની ત્રણ બાજુ ઊંચા ઊંચા પર્વતો આવેલા છે. રામદાસ આ બધા પર્વત પર ચઢી ઊતર્યો. પહેલો ને નાનો અંબાજીનો પહાડ હતો; પછી ગંગાદ્વાર ને એનાથી પણ ઊંચો બ્રહ્મગિરિ હતો. બ્રહ્મગિરિ પરનું ચઢાણ કદી ન વીસરાય એવું હતું. રામનું નામ લેતો લેતો રામદાસ એકલો ઉપર ચઢયો. છેક ટોચ પર પહોંચી પહાડની બીજી બાજુએ ઊતર્યો. અહીં એક શિવાલય તથા નાનું તળાવ હતાં. શિવાલયમાં એક સાધુ રહેતો હતો. આ સાધુએ રામ-દાસનું સારું આતિથ્ય કર્યું. પ્રાચીન સમયમાં આ પર્વત પર ગૌતમ ઋષિએ તપ આચરેલું એમ એ સાધુ પાસેથી જાણવા મળ્યું. આ સાધુ તદ્દન એકલો રહેતો હતો. એના સોબતીઓમાં મંદિરની અગાસી પર કૂદતાં વાંદરાં જ હતાં. રામદાસને પોતાનો

લૂખો સૂકો રોટલો જમાડી સાધુએ જટાશંકર નામના સ્થળે જતી એક પગથી બતાવી

સાધુએ બતાવેલે માર્ગે રામદાસ ઊપડયો. એક બ્રાહ્મણ યાત્રાળુ પણ સાથે થયો. પણ તેઓ થોડી વારમાં વિખૂટા પડી ગયા કારણ ઊંચા ઊંચા ઘાસમાં ને ઝાંખરાંમાં થઈ રસ્તો જતો હતો ને બંને ભૂલા પડયા હતા.પર્વતમાંથી કાપી કાઢેલાં પગથિયાંની હારની હાર રામદાસની નજરે ચઢી. પગથિયાં ઊતરતાં એક નાની સરખી બખોલ આવી. એમાંથી બહાર નીકળ્યો તો એક બીજા પર્વત પર આવી ચઢયો. થોડે આગળ ચાલતાં બીજી નાની સરખી ગલી આવી; એમાંથી બહાર નીકળતાં ત્રીજો જ પર્વત આવ્યો. અહીંથી પણ એ અગાડી ચાલ્યો. અહીં બહુ ગીચ ઘાસ ઊગેલું હતું તથા વાંસનાં પુષ્કળ ઝાડ હતાં. આખરે પર્વતનો છેડો આવ્યો. અહીં કાંઈ રસ્તા જેવું નજરે પડયું.

રામદાસ જે જગાએ ઊભા હતા તે એક મોટા પર્વતની ટોચ હતી. સેંકડો ફૂટ નીચે પર્વતની તળેટી જોઈ શકાતી હતી. આખો પર્વત એકદમ સીધો ને ઊંચો હતો. આ ઢાળ પરથી ઊતરવાનો યત્ન કરવો એ મોતને નોતરવા જેવું હતું. પરંતુ કોઈ અગમ્ય શકિત રામદાસને આ અખતરો કરવા આકર્ષી રહી હતી. તેણે ધીમે રહીને પગ માંડયા. પર્વત પર ઊગેલું સૂકું ઘાસ એજ એનો આધાર હતો. બંને હાથે આ ઘાસ પકડી તે કિનાર પરથી નીચે સરકયો. પ્રત્યેક પળની કિંમત હતી એવી વિષમ પરિસ્થિતિ હોવા છતાં રામદાસ નિર્ભય અને બેફિકર હતો. એકાએક એના ડાબા હાથમાંનું ઘાસ તૂટયું અને એનો ડાબો પગ સરકયો. આ વખતે પણ રામદાસ સ્વસ્થ તથા અક્ષુબ્ધ હતો, ને પોતાના મુખથી ઉચ્ચ સ્વરે રામનામ જપી રહ્યો હતો.

રામની રક્ષક શકિતની આ કપરી કસોટી હતી, પણ સર્વ શક્તિમાન એવો રામ શું ન કરી શકે? રામદાસે આ વખતે

જમણા હાથથી એક પથરો પકડેલો હતો. આ પથ્થર પણ હચુપચુ થઈ ગયો હતો. પોતાનું સમગ્ર બળ એકત્રિત કરી લપસેલા પગને ઉપર ખેંચી તેણે સમતોલતા જાળવી લીધી. રામની સાહ્યથી આટલું થઈ શક્યું. રામે જ એને આ પ્રમાણે ઉપર ખેંચી લીધો હતો. બીજી જ ક્ષણે એ પાછો ઉપર ચઢી આવ્યો, ને જે રસ્તો દેખાતો હતો એ સહીસલામત રસ્તે ઊતર્યો. રસ્તે એક નાનું તળાવ આવ્યું. એમાં ઝરણનું સ્વચ્છ પાણી ભરાતું હતું. આ જગાએ પેલા બ્રાહ્મણ યાત્રાળુનો ફરી ભેટો થયો. જટાશંકર તો ન જ જડયું. પછી બંને પેલા શિવાલયમાં પાછા આવ્યા અને પર્વત ઊતરી સંધ્યાકાળ પહેલાં ત્ર્યંબકેશ્વર પહોંચી ગયા.

તે રાત્રે પેલા ટોચ પરથી પડતાં પડતાં એને રામે જે અદ્ભુત રીતે બચાવ્યો હતો તે એને ફરી ફરીને યાદ આવતી હતી. તે જ દિવસે સંધ્યાકાળે એક ટેકરી પર વસેલા એક મરાઠા સંતના સમાગમનો એને લાભ મળ્યો હતો. તેઓ વયોવૃદ્ધ અને બહુશ્રુત હતા. રામદાસની સાથે વાત કરતાં આ સંતે બ્રાહ્મણોમાં જે રેશમી કાપડ વાપરવાની ટેવ છે તેની સામે સખ્ત પ્રહાર કર્યા હતા. એમની દલીલ એ હતી કે સુતરાઉ કાપડ વનસ્પતિમાંથી બનેલું હોઈ શુદ્ધ તેમ જ શ્રેષ્ઠ છે, જ્યારે રેશમી કપડું તો અનેક નિર્દોષ કીડાઓના સંહારમાંથી બને છે. એમના મતે રેશમી કાપડ પવિત્ર નથી એટલું જ નહિ પરંતુ અત્યંત પાપમય અને સર્વથા વર્જ્ય છે. વળી ચીન અને જાપાનમાંથી કરોડો રૂપિયાના રેશમની પ્રતિવર્ષ આયાત થાય છે અને આપણા ગરીબ દેશનું અઢળક ધન તણાઈ જાય છે.

આ સંત બહુ આવેશપૂર્વક દલીલો કરતા હતા. તેમણે રામદાસનો અભિપ્રાય માગ્યો. રામદાસે વિના સંકોચે આ દુષ્ટ પ્રથાના ખંડનમાં પોતાનો નમ્ર સૂર પૂર્યો. આ વિષયમાં સંન્યાસી એટલા બધા ખંતીલા હતા કે તેઓ પત્રિકાઓ છપાવતા, મંદિરો

તથા ધર્મશાળાની દિવાલો પર ભીંતપત્રો ચોડાવતા અને સર્વ ધાર્મિક ભાઈઓને સદાને માટે આ પાપી શોખને છોડી દેવાનો આગ્રહ કરતા. તેઓ એમ પણ કહેતા કે પ્રાચીન સમયમાં ભારત-વર્ષમાં રેશમનો વપરાશ હતો જ નહિ કારણ વેદમાં એનો ક્યાંએ ઉલ્લેખ મળતો નથી; એટલું જ નહિ પરંતુ કોઈ પણ શાસ્ત્રકારે એનો ઉપયોગ ઉપદેશ્યો નથી.

રામદાસ પર આ સંન્યાસીની બહુ માયા હોવાથી તેમણે એને થોડા વધુ દિવસ ત્ર્યંબકેશ્વરમાં રોકાવા દબાણ કર્યું. પરંતુ રામની આજ્ઞા મળી ચૂકી હતી. એટલે બીજે દિવસે સવારે રામદાસ પંચવટી જવા નીકળ્યો, ને બપોર પડતાં પહોંચી ગયો. ત્યાંનું રામચંદ્રનું મંદિર જોયું અને ગોદાવરી તટે વસતા કેટલાક સંત સાધુઓનાં દર્શન કર્યાં. બીજે દિવસે રેલ્વે સ્ટેશને જઈ રાતે ઊપડતી ગાડીમાં બેઠો, અને મનમાડ તથા કુર્દુવાડીને રસ્તે પંઢરપુર પહોંચ્યો.

૩૬

પંઢરપુર—વિજાપુર

પંઢરપુરના વિઠોબા બહુ પ્રખ્યાત દેવ છે. આખા હિંદુસ્તાનમાંથી યાત્રીઓ એમના દર્શને આવે છે. રોજ ને રોજ સેંકડો લોકો આ જ ઉદ્દેશથી પંઢરપુર આવે છે. મોટા મોટા ઉત્સવને દિવસે તો લાખો લોકો આવે છે. ચંદ્રભાગા નામની સુંદર નદી અહીં

આવેલી છે. આ નદીના કિનારાથી થોડે દૂર વિઠોબાનું મંદિર છે. આ મંદિરમાં દાખલ થતાં જ ભક્તિના ઉલ્લાસમય વાતાવરણમાં ડૂબી જવાય છે. એક બાજુ મંજીરા સાથે ભજન ચાલતું હોય છે, બીજી બાજુએ કોઈ હરિકથાકાર કીર્તન કરે છે, વળી એક બાજુએ હાથમાં તંબૂરો લઇ કેટલાક સાધુઓ તુકારામનાં અભંગ ગાઈ રહ્યા છે; કોઇ વળી મંદિરના પ્રચંડ થાંભલાને અઢેલી ધ્યાનસ્થ બેઠા છે; વળી કેટલાક મંદિરના ઓટલા પર બેઠા બેઠા કાંઇ પાઠ કરી રહ્યા છે, ને કોઇ તો વિઠ્ઠલ વિઠ્ઠલ કરતા નાચી રહ્યા છે ! જેટલી વાર રામદાસ મંદિરમાં જતો તેટલી વાર આ દૃશ્ય જોઇ તે આત્માનંદમાં ડૂબી જતો. વિઠોબાનાં દર્શન માટે તો સદાએ યાત્રાળુઓની ભીડ જ જામેલી હોય છે.

પંઢરપુરમાં રામદાસ પાંચ દિવસ રહ્યો. નદી તટે આવેલા એક મહાદેવમાં બીજા બે સાધુઓ સાથે એ રહેતો હતો. રામની દયા કેવી અપાર છે ! પંઢરપુરમાં રામદાસને ખબર પડી કે મંગળવેઢા ત્યાંથી માત્ર બાર જ માઇલ હતું. એક સવારે તે ઊપડયો ને ચાલીને મંગળવેઢા પહોંચ્યો. ગામમાં એક ભલા વેપારીએ એને જમાડયો. આ વેપારીને રામદાસના આગમનની જાણે અગાઉથી જાણ થઇ હોય એવું દેખાતું હતું. મનુષ્ય પોતાનું ડહાપણ મૂકી બધું જ રામ પર છોડી દે છે ત્યારે રામ આવી જ વ્યવસ્થા કરે છે. મંગળવેઢા નાનકડું ગામ છે. લગભગ ચારસો વર્ષ પર દામાજી નામના સંત અહીં થઇ ગયા. વિજાપુરના બાદશાહની નીચે જે કિલ્લામાં દામાજી અમલદારી કરતા તેના પુરાતન અવશેષો હજી ઊભા છે.

વિઠોબાના દામાજી પરમ ભક્ત હતા. એમના જીવનનો એક મુખ્ય પ્રસંગ એવો છે કે એક વખત દુકાળ પડયો ત્યારે હજારો ભૂખે મરતા માનવીઓને એમણે સરકારી તિજોરીના પૈસા ખરચી

બચાવ્યા હતા, અને આ નાણાં વિઠોબાએ એક મહારનું રૂપ લઈ સરકારી તિજોરીમાં ભરી દીધા હતા. આજે પણ આ ગામના લોકો દામાજીને બહુ પ્રેમ તથા આદરથી સંભારે છે. એમની સમાધિ પર એક મંદિર બાંધવામાં આવ્યું છે, એમાં ત્રણ મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવામાં આવી છે—વિઠોબા, રુકમાઇ અને દામાજી. આ મંદિરમાં આખો દિવસ અને લગભગ અડધી રાત ભજન પૂજન ઇત્યાદિ ચાલ્યા કરે છે. અહીં એક સાધુ પણ રહે છે. એ સાધુના સહવાસમાં રામદાસ પાંચ દિવસ રહ્યો. રામની કૃપાથી આ દિવસો બહુ સુખમય ગયા.

આ સાધુ નિષ્કપટ અને બાળક જેવો હતો; દામાજીનો એ સાચો શિષ્ય હતો. તેણે એક ધોળી ગાય પાળી હતી. આ ગાય એની બહુ માનીતી હતી. એનું નામ એણે કૃષ્ણાબાઇ રાખ્યું હતું. ગૌમાતા વિષે એણે મરાઠીમાં બહુ સુંદર પદો લખ્યાં હતાં. ખરેખર ગાય એ આ વિશ્વજનનીનું પ્રતીક છે, અને નમ્રતા, નિર્દોષતા, નિઃસ્વાર્થતા તથા નિર્મળતાનું મૂર્તિમંત સ્વરૂપ છે. ગોમાતાના દૂધમાંથી ઘી અને માખણ બને છે જેનાથી મનુષ્યને પોષણ મળે છે. વળી એના પુત્રો ખેતર ખેડવામાં મનુષ્યને મદદ કરે છે, અને એ ખેતરમાંથી જ ધાન્ય પાકી એનું પોષણ થાય છે. વળી ગાયનું છાણ પણ બળતણમાં વપરાય છે. કાઠિયાવાડ જેવા પ્રદેશમાં જ્યાં જંગલને અભાવે લાકડાં મળતાં નથી ત્યાં છાણાં જ મુખ્ય બળતણ હોય છે. ગાયના મૃત્યુ બાદ પણ એનાં હાડકાં તથા ચામડાંમાંથી ઉપયોગી વસ્તુઓ બને છે ! ખરેખર ગાયમાતા તે કામધેનુ જ છે !

રામની આજ્ઞાથી રામદાસ મંગળવેઢાથી ચાળીસ માઈલ આવેલા વિજાપુર જવા ઊપડયો. રસ્તે ઘણાં ગામડાં આવ્યાં. બધાં જ ગામડાંમાં ત્યાં ત્યાંના સાધુઓએ રામદાસનો સત્કાર કર્યો.

કેટલાંક ગામમાં લોકોએ રામદાસને બે ત્રણ દિવસ રોકી પાડયો. આમ રામની કૃપાથી આ મુસાફરી બહુ આનંદદાયક નીવડી. આખરે એક સાંઝે વિજાપુર આવ્યું. તે સીધો ત્યાંના રામમંદિરમાં ગયો અને આરતિ પછી પ્રસાદ લઇ, મંદિરની બાજુમાં આવેલી પડાળીમાં રાત રહ્યો.

બીજે દિવસે રામની પ્રેરણાથી સાધુઓને સીધું આપતો હોય એવા કોઇ દાની વેપારીની શોધમાં નીકળ્યો. દરેક શહેર અગર ગામમાં આવા ઉદાર ભક્તો જડી આવે છે. રામદાસ પોતાની મેળે તો કદી આવી તપાસ કરતો જ નહિ કારણ પોતે રસોઇ કરતો નહિ એટલે કાચું સીધું એને નકામું જ હતું. રાંધેલી રસોઇ મળે તો તે જમતો, નહિ તો ચલાવી લેતો. આખરે બજારે બજારે અને ગલીએ ગલીએ તથા દુકાને દુકાને ભટકયા બાદ એને એક જગાનો પત્તો મળ્યો. અહીંથી એને થોડો લોટ, દાળ, અને પરચુરણ ચીજો માટે રોકડો એક આનો એટલું મળ્યું. આ બધું પોતાના કપડામાં બાંધી રામદાસ ચાલી નીકળ્યો, પરંતુ કયાં જવું તે એ જાણતો ન હોતો. એક રસ્તા પરથી એ જતો હતો ત્યારે કોઇએ એને હાક મારીને ઊભો રાખ્યો, અને એક ઊંચા મકાનમાંથી એક જુવાન ઊતરી આવી કહ્યું, “ મહારાજ ! આજે આપ મારે ત્યાં ભિક્ષા લેવાની કૃપા કરશો ? જો આપ આવી શકો તો બાર વાગે પધારશો. ”

તે વખતે દસ વાગ્યા હતા. આમંત્રણ સ્વીકારી રામદાસ આગળ ચાલ્યો અને આખરે એક બંધ દુકાનના ઓટલા પર બેઠો. દસેક મિનિટ બાદ એણે રુદ્રાક્ષની માળા પહેરેલા એક વૃદ્ધને થોડે દૂર એક ઘર આગળ તડકામાં ઊભો ઊભો ભિક્ષા માગતો જોયો. રામદાસે તાળી પાડી આ વૃદ્ધ ભિક્ષુકને પોતાની પાસે બોલાવ્યો. તે આવ્યો. અન્યોન્ય રામરામ કરી તે રામદાસ પાસે બેઠો. પછી રામની આજ્ઞાને વશ થઇ રામદાસે પેલું સીધું તથા

એક આનો એને આપી દીધાં. રામદાસે આ બધું આપ્યું એટલે તે સાધુ રામદાસ તરફ માનપૂર્વક અને આશ્ચર્ય, કશું ન સમજ્યો હોય એમ તાકી રહ્યો. પછી રામદાસને પગે પડી એના પગ પકડી બોલ્યો, "આખરે ભગવાને મને દર્શન આપ્યાં! આટલાં બધાં વરસ મેં જેની અવિરત પ્રાર્થના કરી તે ભગવાન જ તમે છો; અન્ય નહિ. હું આ સત્ય જોઉં છું કે સ્વપ્ન ?"

રામદાસ તો આ બધું જોઇ મુંઝાઇ ગયો તથા એના વર્તનનું કારણ કળી શક્યો નહિઃ "શું છે ભાઈ ?"

"વાત એમ છે મહારાજ! કે સવારથી હું ભિક્ષા માગતો રખડું છું. અત્યાર લગી માત્ર બે જ પૈસા મળ્યા છે. ઘેર બિમાર બૈરી ને બે છોકરાં ભૂખે પીડાય છે. જો આજ ખાલી હાથે ઘેર જાઉં તો આ છોકરાં ભૂખે મરે. હું બહુ દીનભાવે ભગવાનને પ્રાર્થી રહ્યો હતો પણ મારી આશા ઓસરી જતી હતી, ત્યાં તો આપે મને બૂમ પાડી અને આ સીધું આપ્યું! મારે મન તો આપ ભગવાન જ છો."

કેવી કરુણાજનક કહાણી! હે રામ! આ જગતમાં કેટલાએ લોકો આમ ભૂખે મરતા હશે! આ પ્રસંગનું વીગતવાર બયાન કરવાનું કારણ એટલું જ કે ગરીબ અને દલિત વર્ગો કેવા ભૂખમરાથી પીડાય છે તેનો કંઇક ખ્યાલ વાંચનારને આવે. હે ધનિક ભાઇઓ અને બહેનો! હે રામ!

આ વૃદ્ધ સાધુથી છૂટો પડી રામદાસ પોતાના યજમાન પેલા યુવકને ત્યાં આવ્યો. આ ગૃહસ્થ અને તેની પત્નીએ રામદાસની સરસ મહેમાનગીરી કરી, ને પોતાને ત્યાં એને બે દિવસ રોકયો. અહીં એણે જુમ્મા મસ્જીદનું ભવ્ય મકાન જોયું, તથા ગોળ ઘુંમટની અગાશી અને મિનારા પર ચઢયો. આ

ઇમારતનું કોતરકામ બહુ અદ્‌ભુત છે. ઘુંમટની અંદર જરાક પણ અવાજ કરતાં એના સાત સાત પડઘા પડે છે, ને એ ધ્વનિ પણ જાણે વૃદ્ધિ પામે છે. આ પ્રચંડ ઘુંમટ પાસે ઊભેલો માણસ વેંતિયા જેવો અગર કીડી જેટલો નાનો દેખાય છે. આવી સર્વ જોવા લાયક વસ્તુઓ રામે રામદાસને બતાવી.

૩૭

શ્રી સિદ્ધારૂઢ સ્વામી.

અહીંથી હજી પણ દક્ષિણમાં જતી ગાડી પકડી રામદાસ હુબલી પહોંચ્યો. હુબલી જવાનો વિચાર એને મુંબઈવાળા શ્રી. રામકૃષ્ણરાવે સુઝાડયો હતો. હુબલીવાળા શ્રી. સિદ્ધારૂઢ સ્વામીના તે પરમ ભક્ત છે. રામ આ સંતના દર્શને રામદાસને લઈ આવ્યો. એમનો મઠ સ્ટેશનથી ત્રણ માઈલ દૂર આવેલો છે. રામદાસ ત્યાં બપોરે ત્રણે પહોંચ્યો. મઠમાં ત્રણ મુખ્ય મકાનો છે. પહેલું એક શંકુ આકારનું ગોપુર છે. એક મોટી પથ્થરની શિલા પર તે બાંધવામાં આવ્યું છે. જ્યારે સ્વામી મહાસમાધિમાં પ્રવેશ કરે ત્યારે એમના અવશેષો આ મંદિરમાં રાખવામાં આવનાર છે. બીજાં બે મકાનો બહુ મોટાં છે અને તે એવી રીતે બાંધવામાં આવ્યાં છે કે અંદરની બાજુએ એક મોટો ચોક પડે. આમાંની એક ધર્મશાળા છે જ્યાં સાધુઓ ભક્તો તથા યાત્રાળુઓ રહે છે. મઠની આગળના ભાગમાં બે સુંદર તળાવ બાંધેલાં છે. તળાવની

સામે પાર વૃક્ષોની ઘટા શીતળ છાયા પાથરે છે. મઠ બહુ મનોહર જગાએ આવેલો છે.

રામદાસ અંદર ગયો એટલે ત્યાંના કેટલાક મિત્રો એને સ્વામીજી પાસે લઇ ગયા અને એની ઓળખાણ આપી. રામદાસે એમને સાષ્ટાંગ દંડવત કર્યા. આ મઠમાં એ દસ દિવસ રહ્યો. એનો વખત બહુ આનંદમાં જતો. સવારે અને સાંજે પ્રવચન થતું. જે પંડિત સાધુ આ પ્રવચન કરતા તે રામદાસ બહુ રસપૂર્વક સાંભળતો બલ્કે એમની જ્ઞાન વાણી તે પીતો. રામે એવી યોજના કરી હતી કે એના આધ્યાત્મિક વિકાસ માટે જે ઉપદેશની જરૂર હતી તે જ ઉપદેશ આ પ્રવચનમાંથી એને મળ્યો. બાકીનો વખત મઠની પાછળનાં ખેતરોમાં એ રખડતો અને ઘણો ખરો વખત અંતર્ધ્યાનની સમાધિમાં ગાળતો. મઠ અને ધર્મશાળાના ભક્તિમય વાતાવરણમાં રામદાસને ગાઢ શાન્તિ અને શીતળતાનું સ્પષ્ટ ભાન થતું—સ્વામીજીની હાજરીમાં સવિશેષ. શ્રી. સિદ્ધારૂઢ વયોવૃદ્ધ મહાન યોગી છે. તેઓ માયાળુ, સાધુપ્રેમી, તથા સૌમ્ય અને શાંત છે.*

હવે મેંગલોરમાં ખબર પહોંચી કે રામદાસ હુબલીમાં છે. એની પૂર્વની પત્ની (પણ પાછળથી મા કેમકે સ્ત્રી માત્ર રામદાસને મન માતા છે) અને પુત્રી એને લેવા આવ્યાં. આ બાબતમાં સ્વામીજીને વચ્ચે નાખવામાં આવ્યા અને તે દયાળુ સંતે રામદાસને મેંગલોર જવાની સલાહ આપી. આ આજ્ઞા રામ તરફથી આવે છે એમ માની રામદાસ તાબે થયો. રામ જે કરે છે તે સારૂં જ કરે છે અને પોતાના ભક્તનું કલ્યાણ જ વાંછે છે. આ માતાએ (રામદાસની પૂર્વ પત્ની) રામદાસને ફરી સંસારમાં રહેવાની વિનંતિ કરી. રામદાસે જવાબ આપ્યો: " મા, બધું રામ જ

* સ્વામીજી કેટલાંક વરસ પર દેવલોક પામ્યા છે.